SELECT PASSAGES FOR TRANSLATION

FROM STANDARD GUJARATI AUTHORS.

For the use of upper classes of High Schools.

With Notes

BY

R. C. Chinai, M. A., S. T. C. D.,

Sarvajanik High School, Surat

and

R. V. Gandhi, B. A.,

Esplanade High School, Bombay.

PRICE ONE RUPEE

SELECT PASSAGES FOR TRANSLATION.

FROM STANDARD GUJARATI AUTHORS.

For the use of upper classes of High Schools.

With Notes

BY

R. C. Chinai. M. A. S. T. C. D.

Sarvajanik High School, Surat.

&

R. V. Gandhi. B. A.

Esplanade High School, Bombay.

PRICE ONE RUPEE.

Published by
Ramanlal Chunilal Chinai.
At Mugalisara Surat.

Printed as follows:—

Page 1 to 80 by Thakordas Mansing at the Surat City Printing Press near Chauta Bridge Surat and the last Page 1 to 38 and the four pages of the title form with preface and the Coloured Cover by Prabhushanker Narbheram Vyas at the Surat Jain Engine Printing Press, Khapatia Chakla; Surat.

SOLE AGENT

MR. MANGALDAS HARKISONDAS,
BOOKSELLER, BHAGA TALAO—SURAT.

Preface.

An attempt is made in the following pages to supply a long felt want of a suitable book for translation purposes The passages have been carefully selected from standard Gujarati authors. No serious effort is made at arranging them in a progressive order, since it is seldom followed in practice. But they are grouped together, according as they are narrative, descriptive, biographical, reflective or conversational. The notes, which are appended at the suggestion of several experienced teachers, contain only difficult, unknown or suitable words and phrases for the guidance of boys, and do not aim at encroaching upon the scope of the teacher, or encourage cramming by rendering whole passages or sentences into English. The orthography adopted in the passages is the same as that in the original books.

We take this opportunity to express our indebtedness to all the authors who have readily granted permission to incorporate passages from their works in this book. Our best thanks are also due to Messrs. I. P. Khansaheb B. A. Head-master, and Motiram M. Bhatt. Assistant Master, Sarvajanik High School, Surat, for their very valuable suggestions.

કલ્પમુદ્રા યાને જાદુઇ વીંટી–ભાગ ૧.

કોઈ એક ગામમાં એક ખેડૂત રહેતો હતો. તેની પાસે ઘણી જ થોડી જમીન હતી. તેથી તે પૈસે ટકે બહુ જ ગરીબ હતો. એક દિવસ તે પોતાના ખેતરમાં કામે ગયો હતો, ત્યાં ખરે બપોરે વૃદ્ધ પણ તેજસ્વી એવી એક સ્ત્રીને પાણીની અત્યન્ત તરશ લાગેલી હોવાથી ટળવળતી ભોંય ઉપર મરવા પડેલી તેણે જોઈ. આ બનાવ જોઇને તેનું અંતઃકરણ દયાથી પીગળી ગયું; અને તરત જ પોતાના ખેતરમાં આવેલા કુવામાંથી પાણી કાઢીને તે ડોશીના મોંમાં તેણે રેડ્યું. થોડા વખતમાં તે ડોશીએ પોતાની આંખ ઊઘાડી અને ઊભી થઈ. પછી તે ખેડૂતનો પોતાને જીવિતદાન આપ્યું તે માટે મ્હોટો પાડ માનવા લાગી, અને પૂછ્યું કે–"હે ભાઇ! તારા મનમાં કાંઈ દુઃખ હોય તો તે તું મને કહે કે જેથી હું બની શકે તો ટાળું અને તારા ઉપકારનો બદલો વાળું." ખેડૂતે જવાબ આપ્યો કે: "માજી, હું બહુ જ નિર્ધન છું: માટે મારૂં દારિદ્રય મટે તેવો માર્ગ મને બતાવો." ખેડૂતનું આ વાક્ય સાંભળતાં જ ડોશીએ પોતાની કેડમાં ખોસેલી એક સુવર્ણની વીંટી કાઢીને તેના હાથમાં મૂકી અને કહ્યું કે: "આ વીંટી જે મેં તને આપી તે ઘણાં વર્ષ ઉપર કોઇ એક સંન્યાસી બાવાએ મને આપેલી એક જાદુઇ વીંટી છે. તું તે તારા હાથની આંગળીપર પહેરીને ફેરવીશ એટલે તારા મનમાં જે ઇચ્છા તે વખતે હશે તે તરતને તરત ફળીભૂત થશે. યાદ રાખવાનું તારે માત્ર એટલું જ છે કે તે વીંટીનો ઉપયોગ માત્ર એક જ વાર થઇ શકે તેમ છે, માટે મન સાથે પાકો વિચાર કર્યા વિના તું તેનો ઉપયોગ કરી નાંખતો મા." આટલું કહી પેલી ડોશી રસ્તે પડી; અને ખેડૂત મનમાં કાંઇક આશ્ચર્ય પામતો અને કાંઈક હર્ષ પામતો પોતાના ઘર તરફ નીકળી પડ્યો. રસ્તામાં તેનો એક મિત્ર મળ્યો. તે જાતે સોની હતો, તેથી તેને તેણે પેલી વીંટીની કિંમત પૂછી. સોનીએ તેની કિંમત બહુ જૂજ આંકી, તે ઉપરથી પેલો ખેડૂત ખડખડ હસ્યો અને કહ્યું કે: "આ વીંટીની કિંમત તો દસ કરોડ રૂપિયા છે, કારણ કે તે જાદુઇ વીંટી છે." આ ઉપરથી સોનીએ કાંઇક વિશેષ જિજ્ઞાસા બતાવી. તેથી પેલો ખેડૂત જે સ્વભાવે ખુલ્લા દિલનો અને ખરાબોલો હતો તેણે ખેતરમાં બનેલી સર્વ હકીકત અથથી ઇતિ સુધી કહી.

Para 2.

કલ્પમુદ્રા યાને જાદુઇ વીંટી–ભાગ ૨.

સોની કપટી, સ્વાર્થી અને લોભીઓ હતો. તેથી એ વાત સાંભળીને તેની બુદ્ધિ બગડી. તેણે ઘેર જઇને તેના જેવી જ એક બીજી વીંટી ઘડી કાઢી, અને એક દિવસ પેલા ખેડૂત કનેથી પેલી જાદુઈ વીંટી પોતાની સ્ત્રીને દેખાડવાને બ્હાને મંગાવીને તે બદલી લીધી–અર્થાત્ પેલી હાથે ઘડેલી સુવર્ણની વીંટી ખેડૂતને પાછી મોકલી, અને જાદુઈ વીંટી પોતાની કને રાખી. ખેડૂતને આ કૂડકપટનો વહેમ સરખો પણ આવ્યો નહિ. બીજે દિવસે સોની એકદમ વગર મહેનતે વિના શ્રમે બહુ જ પૈસાદાર બની જવાની લાલચથી પોતાની દુકાનનાં બારણાં અંદરથી બંધ કરી પેલી વીંટી પોતાની આંગળીપર ફેરવીને બોલ્યો કે–" મારી ઇચ્છા અત્યારે એવી છે કે આ દુકાન એકદમ એક કરોડ સુવર્ણ મહોરોથી ભરાઇ જાય." સોની પોતાના મુખમાંથી આટલા શબ્દોનો ઉચ્ચાર કરી રહ્યો નથી તેટલામાં તો તેની આસપાસ આખી દુકાનમાં સુવર્ણ મહોરોનો વરસાદ વરસવા લાગ્યો! અને તે પેલા સોનીના માથામાં ને વાંસામાં તડતડ વાગવા લાગી! અને આખરે તે સોની એ મહોરોના ઢગલાની તળે દબાઇને મૃત્યુ પામ્યો.

બીજી તરફ, પેલા ભલા ખેડૂતે વીંટી વિષે સર્વ હકીકત પોતાની સ્ત્રીને વિદિત કરી હતી. તે સાંભળ્યા પછી તે સ્ત્રી પોતાના ધણીને તે વીંટીનો તરતને તરત ઉપયોગ કરી લઇને લક્ષાધિપતિ બની જવાની ઉતાવળ કર્યાં કરતી હતી, પણ ખેડૂત તેને વારંવાર સમજાવીને કહેતો કે " હજી તો આગળ આપણી વૃદ્ધાવસ્થા આવનાર છે, તે વખતે આપણા શરીરની અને મનની શક્તિઓ બહુ જ મંદ પડી ગઈ હશે, અને તેથી તેવા દિવસોમાં જ આપણને વીંટીનો ઉપયોગ કરવા ખરેખરી જરૂર પડશે. અત્યારે તો આપણે આપણી યુવાવસ્થા ભોગવીએ છીએ માટે તે દરમ્યાન તો વીંટીની મદદ લીધા વિના માત્ર ઉદ્યમને જ વળગીને આપણાં કામ કર્યાં કરવું સારૂં. કારણ કે તું જાણે છે જ કે આ વીંટીનો ઉપયોગ આપણાથી એક જ વાર થઈ શકે એમ છે." સ્ત્રીને પોતાના ધણીની વાત ડાહી લાગી અને તેથી તેને અધીન થઈ, અને વૃદ્ધ થયાં ત્યાં સુધી તેઓએ ઉદ્યોગ કર્યાં કર્યો. એમ

કરતાં તેઓ વૃદ્ધ પણ થયાં અને આખરે એક દિવસ દેવલોક પણ પામ્યાં. તેમણે પોતાની પાછળ પ્રથમ કરતાં લાખગણી મિલ્કત મૂકી હતી, કારણ કે તેઓ ઉદ્યોગ નિયમસર કરતાં હતાં, અને તે સાથે કરકસર પણ સારી રીતે કરી જાણતાં.

(નીતિ શિક્ષણ)

Para 3.

ધનિયો અને સિંહ–ભાગ ૧.

ઘાતકીદાસ નામે વાણીઆને ઘેર ધનિયો કરીને દાસ હતો, એ બિચારા દાસને બહુ દુઃખ હતું. ઘાતકીદાસ તેને નિત્ય મારે, પૂરૂં ખાવાને આપે નહિ ને સખ્ત મજૂરીના કેદીથીએ વધારે મજૂરી તેની કને કરાવે. રાત્રે પૂરૂં ઉંઘવાએ ન દે. માર, ભૂખ, ઉજાગરા અને હદથી વધારે મહેનતના ઘસારાથી ધનિયો બાપડો દૂબળો થઈ ગયો. ચામડી ને હાડકાં માત્ર તેના અંગમાં રહ્યાં. એમ જીવવાથી મરવું સારૂં એમ તેને લાગ્યું. તેણે નાસી છૂટવાનો મનસુબો કર્યો. એક વેળા તેનો ધણી ગામ ગયો હતો એ લાગ જોઈ તે રાતો રાત નાઠો. શહેર બહાર નીકળી ચાલ્યો ચાલ્યો જંગલમાં ગયો. અંધારી રાત્રે વાટ જડે નહિ, અહીં તહીં ભટકે; પગમાં કાંટા ભોંકાય, અંગે બોરડી બાવળીઆના ઉઝરડા પડે. પાણીની તરસ લાગી પણ પાણી શોધ્યું જડે નહિ. જન જનાવરની બીક લાગે. એમ આખી રાત ભટકી થાકીને લોથ થઈ ગયો. એવામાં એક કોતર તેની નજરે પડયું તેમાં જઈ સૂતો ને ઉંઘી ગયો. પોહોર દોઢેક દહાડો ચઢયો એટલે કોતરમાં મોટો વિકરાળ સાવજ પેઠો. તેના બરાડાથી ધનિયો જાગી ઉઠયો. એ ભયાનક પશુને જોઈ તેના હોશ ઉડી ગયા. મોત થડમાં જાણી તે પ્રભુને સમરવા લાગ્યો. સિંહ પોતાના સ્વભાવ પ્રમાણે ધસી ન આવતાં દયામણે મુખે ખોડાતો ખોડાતો ધનિયાની પાસે આવી ઉભો. એથી તેને જરા ધીરજ આવી. સાવજના એક પગનું તળીઉં તેણે મસ સૂજેલું દીઠું. જાણે વૈદ્યને માંદો માણસ નાડ બતાવતો હોય તેમ સિંહે તે પગ ધનિયા આગળ ધર્યો. ધનિયાએ તેમાં મોટો કાંટો ભરાએલો દીઠો. કાંટાની આસપાસ પરૂ હતું.

પોતાના ચાકુથી તે કાંટો તેણે કાઢયો ને પછી ચારેગમ દાબીને પરૂ કાઢી નાખ્યું. એથી ટાંટીઓ હલકો પડયો ને સિંહને સોહાણ થયું. દરદ નરમ પડવાથી ધનિયાના ખોળામાં માથું મૂકી વનપતિ ઉંઘી ગયો. એ વેળાથી પશુરાય અને ઘાતકીદાસના દાસ વચ્ચે માયા થઈ. સિંહ શિકાર મારી લાવે તે બેઉ ભેગા બેસી ખાય ને નિર્મળ ઝરાના પાણી પીવા જોડે જાય. એમ કેટલાક માસ વહી ગયા.

Para 4.

ધનિયો અને સિંહ–ભાગ ૨.

પેલા નગરમાં ઘાતકીદાસે ધનિયો નાસી ગયાના સમાચાર દરબારને કર્યા, અને તેને પકડી સજા કરવાની અરજ કરી. આસપાસના ગામોમાં તથા જંગલમાં ખોળ કરવાને રાજાએ દૂત મોકલ્યા. એક સમે ધનિયો એકલો રાનમાં સેલ કરવા નીકળ્યો હતો તેવામાં સિપાઇઓએ ઓચિન્તા આવી તેને ઝાલી લીધો, ને મુસ્કે બાંધી દરબારમાં લઈ ગયા. તે દેશના જૂલમી નિર્દય ધારા પ્રમાણે રાજાએ તેને જંગલના વિકરાળ જનાવરથી મારી નંખાવાની આજ્ઞા કરી. એ નગરમાં એવી સજા કરવાને એક સ્થળ હતું. તેની આસપાસ ઉંચો કોટ હતો. કમકમાટ ચડે એવો આ જંગલી તમાશો જોવાને પુરવાસીઓ કોટ ઉપર ચડયા. રાજા પંડે પણ આવ્યો. કોટની માંહે બીચારા ધનિયાને ઉભો રાખ્યો, તેની દેહ થરથર ધ્રુજવા લાગી. કોટમાંની એક ઓરડીનાં બાર ઉઘાડયાં ને તેમાંથી ત્રણ દિવસ ભૂખ્યો રાખેલો મોટો સિંહ છલંગ મારતો ને ગર્જના કરતો બહાર આવી બાપડા ધનિયા ઉપર ધસ્યો. જોવા મળેલા લોક ચૂપ થઈ ગયા. ત્રાસથી ચકરી ખાઈ એ નગરના અન્યાયી કાયદાનો ભોગ ધબ લઇ ને ભોંય પડયો. શુદ્ધિ જવાથી અંતની ઘડીએ પણ પરમેશ્વરનું નામ લેવાય નહિ. પણ જુઓ ઈશ્વરી ખેલ ! ભૂખ્યો સાવજ તેને ફાડી ન ખાતાં ચાટવા લાગ્યો. તે જોઈ રાજા અને લોક અચંબો પામ્યા. અધ ઘડીએ જાગૃતિમાં આવતાં ધનિયાએ પોતાના જંગલના મિત્રને ઓળખ્યો. ઉઠી બે હાથે તેને ભેટી પડી તે રડયો. પાળેલા કૂતરા જેમ ધણી જોડે ગેલ કરી લાડે છે તેમ સિંહ કરવા લાગ્યો. આ નવાઈનું કારણ કોઈથી સમજાયું નહિ. એ ચમત્કારી બનાવનો ખુલાસો કરવાને રાજાએ ધનિયાને ફરમાવ્યું. સર્વ સાંભળે

એમ ધનિયાએ જંગલમાં બનેલો હેવાલ કહ્યો. તે સુણી લોક ખુશ થયા. ને સઘળાએ એકે સાદે રાજાને વિનતિ કરી કે ધનિયાને છોડી દો. દરબારે એ અરજ સ્વીકારી, ને સિંહને ધનિયાને સ્વાધીન કરી તેના ખરચની નીમણુંક બાંધી આપી.

(વનરાજ ચાવડો)

Para 5.

કંજુસ ડોશી ને તેનો ભત્રીજો.

એ સંઘમાં એક વાણિયાની ન્યાતની ઘરડી ડોશી હતી તે એટલી તો વહેમી હતી, તથા તેની પાસે જે પુંજી હતી તે જાળવવાની તેને એટલી તો ફિકર હતી કે બીજા લોકો જાત્રા જાયછે તે વખતે પોતાની માલમતા પોતાના ગામમાં સગાને અથવા કોઈ બીજા વિશ્વાસુ માણસને સોંપી આવેછે તેમ તે ડોશીએ કીધું નહતું. આસરે સો મોહોર જે તેણે દળી ખાંડીને તથા બીજાં વહીતરાં કરી મેળવી હતી તેનું એક પોટલું બાંધીને તે પોતાની પાસેજ રાખતી, અને રાતે ઊંઘતી વખતે તે પોટલું તેની બગલમાં ઘણા જોરથી દાબીને સુતી. તેની ઊંઘ એવી કુતરાના જેવી હતી કે તેને કોઈ જરા અડકે તો જાગી ઉઠી શોરબકોર કરી આખો સંઘ જગાડી દેતી. એ ડોશીની આવી રીતથી તેને સઘળા ચીઢવતા હતા, આખે રસ્તે મશ્કરી કરતા, અને રાત્રે ઘણીવાર તેને છેડીને વારે વારે તેને ભર ઊંઘમાંથી જગાડ્યા કરતા હતા. તેને તે પૈસામાંથી એક પણ ખરચવો પડતો ત્યારે તેનો જીવ જવો બાકી રહેતો. જાત્રામાં ધર્મદાન થાય અને જે બાકી રહે તેમાંથી તેના મુઆ પછી ન્યાતમાં છૂટું ઘી પીરસાય એ તેની મોટામાં મોટી ઉમેદ હતી. જીવતાં તો ન્યાતના તરફની આબરૂ મળી નહિ, ત્યારે મુઆ પછી ઉજવાવું અને ન્યાતના લોકો પાસે વાહવાહ કહેવડાવવી એ તેને સ્વર્ગે જવા બરોબર ખુશી ઉપજાવનાર હતું; બલકે તેમ કીધાથી વૈકુંઠ જવાશે એમ તેને પકકી ખાતરી હતી, કેમકે તેનો એવો અભિપ્રાય હતો કે જેની મુઆ પાછળ વાહવા થઈ તે પરમેશ્વરને ત્યાં પણ સારીજ ગતિ પામે. તેનો એક ભત્રીજો તેની સાથે આવેલો હતો તે ઘણી ગરીબ હાલતમાં હતો, અને અગર જો તે ડોશીને કાંઈ છોકરાં નહતાં, અને પૈસા ખાનાર એ ભત્રીજા

સિવાય બીજું કાંઈ નહતું તોપણ જ્યાંસુધી તે જીવતી રહે ત્યાંસુધી તે ભત્રીજો ભુખે મરી જાય તોપણ તેને એક પૈસો પણ આપતી નહિ. ડોશીનો વિચાર એવો હતો કે મરતી વખતે તે પુંજી ન્યાતના પટેલને સોંપવી અને તેમાંથી તેના કહ્યા પ્રમાણે તેની મૈયતનો ખરચ થયા પછી જે બાકી રહે તે તેના ભત્રીજાને સોંપાવવું. એટલું છતાં પણ તે ડોશીનું તેના ભત્રીજા ઉપર ઘણુંજ હેત હતું, અને તે જ્યારે માંદો પડતો ત્યારે તે મરશે તો પાછળ કોઈ પોતાને આગ મુકનાર રેહેશે નહિ, એ ફિકરથી તે તેની પોતાના છોકરાના જેટલી બરદાસ્ત કરતી હતી. તોપણ જ્યારે તે પૈસાના દુઃખની વાત તેની આગળ કરતો ત્યારે તે વાત બદલી નાખતી, અથવા મારી પાસે કાંઇ જ નથી એમ કહેતી. હવે ભત્રીજાને એવી ડોશી ઉપર હેત તો કયાંથીજ હોય? ચાર દહાડા લાંઘણ કીધી હોય તોપણ ડોશી સુકો રોટલો પણ તેને ખવડાવે નહિ તો એક પૈસો તો કયાંથી જ આપે? માટે તે ડોશીની મરવાની ઘણી આતુરતાથી રાહ જોતો હતો, પણ જેમ તેની તેને મરવાની ઉતાવળ તેમ ડોશીનું આવરદા લાબું થતું, અને તેને ઘણા ઘણા રોગ થઈ ગયા તોપણ રીઢા વાસણની પેઠે તેના શરીરને જરાપણ નુકસાન લાગ્યું નહતું. ભત્રીજાની પૈસા તરફથી અવસ્થા વધારે વધારે ખરાબ થતી ગઈ, અને ડોશીનો લોભ દહાડે દહાડે વધતો ગયો. જ્યારે ડોશી જાત્રા જવા નિકળી, ત્યારે તેને તે પૈસો સોંપશે એવી તેણે આશા રાખી તે પણ ભંગ થઈ, ત્યારે પોતાની પાસે જે કાંઈ સામાન હતો તે વેચીને તેના થોડાએક પૈસા ઉપજાવ્યા અને તે લઈ તે પણ ડોશીની સાથે જવા નિકળ્યો. ડોશીને તે જરાપણ પરવડયું નહિ; પણ શું કરે? લાચાર. ભત્રીજાએ જતી વખત જ નિશ્ચય કીધો કે હવે વધારે વાર સબૂરી ન રાખતાં રસ્તામાંજ તેને ઠાર કરવી અને તેના પૈસા લઈ લેવા. પણ તે એટલી તો જાગૃત રહેતી તથા ત્યાં લોકોની આખી રાત એટલી તો વસ્તી હતી કે તેના દુષ્ટ વિચાર તેનાથી હજુ સુધી અમલમાં લેવાયા ન હતા. તેને લાગ મળતો નહતો તેથી તે ઘણો ખીજવાયાં કરતો હતો, અને જેમ જેમ દહાડા જતા ગયા, તેમ તેમ તેના ખૂની વિચાર વધારે દૃઢ થતા ગયા.

(કરણઘેલો)

Para 6.

રાજા અને દાક્તર–ભાગ ૧.

આપણા બ્રિટિશ રાજ્યના સ્વર્ગસ્થ શહેનશાહ સાતમા એડવર્ડ એમને રાજ્યાભિષેક થવાનો હતો તે ટાંકણે એમને ઉદરનો વ્યાધિ ઉપડ્યો, અને તેથી એ લગભગ ત્રણ અઠવાડીઆં માંદા રહ્યા હતા. તુરત શસ્ત્રવૈદ્યને બોલાવીને આંતરડાં ઉપર શસ્ત્રપ્રયોગ કરાવ્યા વિના એ વ્યાધિ મટે એવો ન હતો, પણ તેમ કરવાથી રાજ્યાભિષેક મુલ્તવી રાખવાની જરૂર પડતી હતી. પરન્તુ રાજ્યાભિષેકની સર્વ તૈયારીઓ એટલી પરિપૂર્ણ થઈ ચૂકી હતી, અને પ્રજા એ જોવાને એવી ઉત્કંઠ આતુર બની હતી, કે તે મુલ્તવી રાખવાથી પ્રજાના મનને બહુ ધક્કો લાગવાનો સંભવ હતો. તેથી એ શહેનશાહે–જેમની પોતાની પ્રજા માટેની કોમળ લાગણી સૌના જાણવામાં છે–તેમણે પ્રજાના ઉત્સાહભર્યા મન ભાગી ન જાય તેટલા માટે મીંચે મ્હોંએ દુઃખ દબાવીને ગમે તેમ કરી એક વખત રાજ્યાભિષેક થઈ જવા દેવો એવો નિશ્ચય કર્યો.

રાજ્યાભિષેકને આગલે રવિવારે વિંડસર જતાં શહેનશાહ મૂર્છા ખાઇને પડયા, અને એક કલાક બેભાન રહ્યા. એમના હજુરી વૈદ્ય સર ફ્રાન્સિસ લેઈકિંગે તુરત શસ્ત્રવૈદ્યને બોલાવી પ્રયોગ કરવા દેવાની વિનંતી કરી. પણ તેમણે ના કહી. રાત્રિ ઠીક પસાર થઈ, અને બીજે દિવસે સ્હવારે એ વિંડસરથી પૅડિંગટન જવા નીકળ્યા. તે વારે એમને પેટનું દરદ અસહ્ય થતું હતું. પણ તેની એમણે પોતાના મુખ ઉપર રેખ સરખી પડવા દીધી નહિ. પૅડિંગટનથી બકિંગહામ મહેલ જતાં એમને જોવાને હજારો લોકની ઠઠ ભરાઈ હતી. પણ તેઓએ રાજાનું દુઃખ બિલકુલ જાણ્યું નહિ. બગી મહેલના મેદાનમાં પેઠી કે તરત રાજાને ફરી મૂર્છા આવી, અને એક કલાક કરતાં પણ વધારે વાર બેભાન રહ્યા. શુદ્ધિ આવ્યા બાદ સર ફ્રાન્સિસે રાજાને વિનંતિ કરી કે–"મહારાજા સાહેબ, ખરી સ્થિતિ તરફ આંખ મીંચ્યે ચાલે તેમ નથી. અત્યારે આપ રાજ્યાભિષેકનું શું થશે તેનો બિલકુલ વિચાર ન કરો."

રાજાએ ગુસ્સે થઈ ફ્રાન્સિસને કહ્યું: "ક્રિયા પુરી થતાં સુધી હું કાંઇ પણ કરવા દઈશ નહિ. જાઓ, ૭ વાગે આવજો."

રાજાએ પાછલા પહોરનો બધો વખત પ્રધાનોને મળવામાં અને રાજ્યનાં કાર્ય કરવામાં કાઢ્યો. ૭ વાગ્યા એટલે સર ફ્રાન્સિસ આવીને ઉભો રહ્યો. રાજાએ એની પાસે શરીર તપાસરાવ્યું અને પૂછ્યું:-"કેમ, લેઇ-કિંગ-શો મત છે ?"

લેઇકિંગે ઉત્તર દીધો: "મારો મત કાયમ છે. શસ્ત્રવૈદ્યની સલાહ લેવાની જરૂર છે."

રાજા-"લેઇકિંગ, તમે જાણો છો કે એ તો હું હાલ કરવા દેનાર નથી. જાઓ હમણાં હું કામમાં છું."

સર ફ્રાન્સિસ લેઇકિંગ—"મહારાજા સાહેબ, હું આપને વિનંતિ કરૂંછું, આજીજી કરૂંછું કે મારૂં આટલું કહ્યું માનો."

રાજા—"બસ, બહુ થયું. એકદમ જાઓ."

Para 7.

રાજા અને દાકતર-ભાગ ૨.

સર ફ્રાન્સિસ બારણા તરફ પાછો વળ્યો. એ જાણતો હતો કે આખી બ્રિટિશ શહેનશાહતની આશા અત્યારે મારા હાથમાં આવીને રહી છે. સ્વભાવે એ ગંભીર અને થોડબોલો હતો. પણ એને થયું કે રાજાનો જીવ બચાવવો હોય તો આ ક્ષણે મારે મારો સ્વભાવ બદલી નાંખવો જોઈએ. એ ફરી રાજા તરફ ગયો. રાજા રાજ્યકાર્યના કાગળો વાંચતા હતા તેમાંથી મ્હોં ઊંચું કર્યું-અને લેઇકિંગ સામું જોઈ એકદમ બોલ્યા: "મેં શું કહ્યું? -જાઓ." રાજાના કંઠમાં ક્રોધ હતો, પણ તેથી લેઇકિંગનો નિશ્ચય ડગે તેમ ન હતું. તેણે કહ્યું: "મહારાજ, મારી વિનંતી-મારી આજીજી-સાંભળો."

રાજાએ ઉત્તર આપ્યો: "હું બિલકુલ તમારી વાત સાંભળવા માંગતો નથી. હવે એકદમ અહિંથી ચાલ્યા જાઓ."

ફરી ફ્રાન્સિસ બારણા તરફ ગયો-ઉભો-એક મિનિટ રાજા સામું નિહાળી રહ્યો. એ દર્દીનો સ્વભાવ જાણતો હતો. પણ ગમે તે થાય પણ એનો જીવ બચાવવાનો એણે નિશ્ચય કર્યો હતો. ક્ષણવારમાં રાજાએ ડોકું ઊંચું કર્યું-અને આ વખતે સારી પેઠે કોપાયમાન થઈ બોલ્યા: "લેઇકિંગ, મેં એકવાર કહ્યું કે 'તમે જાઓ.' છતાં તમે અહીંઆં ઊભા રહેનાર કોણ?"

લેઇકિંગે છેવટનો ઉત્તર વાળવાનો નિશ્ચય કર્યો હતો. એકદમ એ રાજા પાસે જઈ ઘુંટણીએ પડયો, અને રાજાનો હાથ પોતાના બે હાથમાં લેઈ બોલ્યો:

"સાહેબ, પરમેશ્વર ખાતર મારી વિનંતિ સાંભળો, અને શસ્ત્રવૈદ્યની સલાહ લેવા દો. આપ હજી પણ ના કહેતા હો તો અત્યારથી મારી નોકરીનું રાજીનામું સમજજો. અને હું કહું છું કે-આપ કાલે નહિ હો."

રાજા એકદમ ભડકી ઊઠયા. અને બોલ્યા: "લેઇકિંગ ! આ શું કહો છો?"

રાજાએ જાણે "આનું કહ્યું નહિ માનો તો મૃત્યુ છે."—એવા શબ્દો લેઇકિંગના મુખ ઉપર કોરાએલા વાંચ્યા. અને તુરત પોતાનો આગ્રહ છોડી દઈ કહ્યું:

"વારુ-લેઇકિંગ, તમારે કરવું હોય તે કરો."

સર ફ્રાન્સિસ એકદમ હરખાઇને ઊભો થયો, અને બારણા તરફ જઈ બારણું ઉઘાડી, હાથ ઊંચો કર્યો કે તુરત મહાન શસ્ત્રવૈદ્ય સર ફ્રેડરિક ટ્રીવ્ઝ્ અંદર દાખલ થયો.

રાજા પોતાના સ્વામિભકત દાકતરની આ તૈયારી જોઈ આશ્ચર્ય પામ્યા. પણ વિશેષ પૂછપરછ ન કરતાં સર ફ્રેડરિક ટ્રીવ્ઝ્નો સત્કાર કરી કહ્યું:

"લેઇકિંગ કહે છે કે-તમે મારું શરીર તપાસો તો ઠીક."

સર ફ્રેડરિક ટ્રીવ્ઝે રાજાનું શરીર તપાસ્યું, અને ટુંકામાં સર્વ સ્થિતિ સમજાવીને કહ્યું: "કાલ સ્હવારે આઠ વાગે શસ્ત્રપ્રયોગ કરવો પડશે. પરિણામને માટે હું જવાબદાર રહેતો નથી."

એકદમ સઘળી ગોઠવણ કરીને બીજે દહાડે ૨૫ મી જુન ૧૯૦૨ મંગળવારની સ્હવારે આઠ અને નવની વચમાં શહેનશાહ એડવર્ડને શસ્ત્રપ્રયોગના મેજ ઉપર સુવાડી સર ફ્રેડરિક ટ્રીવ્ઝે એમના ઉદરની અંદરનાં આંતરડાં ઉપર શસ્ત્રપ્રયોગ કર્યો. એ પ્રયોગ ફતેહમંદ ઊતર્યો, અને શહેનશાહ એડવર્ડનો અમૂલ્ય જીવ બચ્યો.

(નીતિ શિક્ષણ)

Para 8.

ગુર્જરપુરી.

સને ૧૮૪૮માં પંજાબદેશ ઇંગ્રેજે જીત્યો તે વારે ત્યાંના ગૂજરાત નામે ગામની થડમાં ઇંગ્રેજ અને શીખની વચ્ચે મોટું યુદ્ધ થયું. એ યુદ્ધનું વર્ણન વાંચતાં હું બુદ્ધિવિલાસમાં પડયો. મને ભાસ્યું કે એ રણભૂમિમાં પૂર્વકાળે ગુર્જરપુરીનામે મોટી નગરી હતી. એ નગરીને બાવન દરવાજા અને ૫૩ ચૌટાં હતાં, હરેક ભાગોળે એક અને શહેરના મધ્ય ભાગે એક, એમ ૫૩ ચૌટાં, સુંદર દુકાનોથી અને દેશદેશના તથા ભાત ભાતના માલથી ભરપૂર, ને રૂપાળી ઇમારતોથી શોભાયમાન દીસતાં હતાં. વચલા ચૌટાની વચ્ચે વિશાળ ચોક હતો. એ ચોકને મધ્ય ભાગે વિસ્તીર્ણ બાગ હતો, અને બાગની વચ્ચે મોટા ફુવારાની સહસ્ર ધારા સદા ઊંચી ઊડતી. ફુવારાનું પાણી નીચે હોજમાં પડી ગેબ થઈ જતું, ને બાગના દૂરના ભાગમાં નિર્મળ વહેળા રૂપે વહેતું. એ વહેળો આગળ જતાં ડુંગરના ધોધની માફક એક તળાવમાં પડતો. એ તળાવ વિશાળ અને ઊંડું હતું. આસપાસ પત્થરની પાળોને કાંઠે સમાન અંતરે લીમડા, આશોપાલવ, અને ગુલમહોરના ઝાડ, તથા તળાવની વચમાં બેટ ઉપર બગીચો તથા આરસનો મહેલ હતો. તેથી એ સ્થળ રમણીય દેખાતું હતું. બાગના એક ભાગમાં વનના જેવી વૃક્ષોની ઘટા હતી અને બીજામાં સુગંધીમય ફુલોની મોટી વાડી હતી. બગીચામાં ઠેકાણે ઠેકાણે નાના ફુવારા અને ફુવારાની આસપાસ સુખદાયક બેઠકો હતી. જે પુરૂષોએ મોટાં પરાક્રમ કરી સ્વદેશની સેવા બજાવેલી, તેઓની આરસપહાણની મોટી શોભાયમાન મૂર્ત્તિઓ એ ચોકમાં મૂકેલી હતી. મૂર્ત્તિઓને તળીએ તેઓનાં નામ અને કરેલાં કામ લખ્યાં હતાં.

બાગમાં પગે ચાલવાના, ઘોડે ફરવાના, તથા ગાડીએ જવાના જોઇએ તેવા રસ્તા હતા. બાગની બાર ભાગોળોનો ઘાટ અને નકશી જોઈ મુસાફરો અચંબો પામતા. બાકીનાં બાવન ચૌટાંના દરેકના ચકલામાં નાનો બાગ, અને બાગની વચ્ચે નાનો ફુવારો અને દેવાલય હતાં. જોનારને છક કરી નાંખે એવી ચૌટાંની રચના હતી. બધે ઠેકાણે ઇમારતોની ઊંચાઇ એક સરખી હતી. ચૌટાંની પાછળ મોટા ગૃહસ્થોની હવેલીઓ હતી તેની ખૂબીનાં શાં વખાણ કરીએ ! સર્વ જગાએ પહોળા રસ્તા, વચમાં ઘોડા, રથ, ને હાથીને જવાનો માર્ગ, બાજુએ ઝાડો અને ઝાડોની પછવાડે પગે ચાલનારને સારૂ

પરસબંધી હતી. સોનાના કળશવાળાં મોટાં અને આંખોને રીઝવે એવાં સુંદર દહેરાં ઠામઠામ દેખાતાં હતાં. લાખો આદમીની વસ્તી, તેમની અથાક દોલત, બજારની ભીડ, ફાંકડા ઘોડેસ્વારોની દોડધામ, ઘોડાની તેજી, અને અને સવારના મુખનું નૂર, રૂપાળી સ્ત્રીઓના રત્નજડિત ઉમદા શૃંગારાદિકે કરીને એ શહેર મોટું, ઉદ્યમી, શૂરા જોદ્ધાથી, અને સમૃદ્ધિથી છલાછલ ભરેલું છે એમ જણાયું.

(વનરાજ ચાવડો)

Para 9.

લંડન.

લંડનનો બાહારનો દેખાવ સુંદર દુકાનોથી બહુ દીપી નિકલે છે; આ દુકાનોનો બાહાર અને ભભકો બરાબર જોવો હોય તો ગાડીમાં બેસવા કરતાં પગે ચાલતાં જવું. મોટા મોટા મોહોલ્લાઓમાં એક નાકેથી બીજાં નાકાં સુધી સુંદર અને ચકચકિત દુકાનોની હાર લાગી રહી છે. દુકાનોમાં વેચવાની જણસો એવી રીતે ગોઠવીને મુકે છે કે તે જોવા તરફ આપણું મન ખેચાયા વિના રેહેજ નહીં. ચાલતાં જઇએ અને જોતાં જઇએ પણ આપણું મન ધરાય નહીં. દુકાનોનો સણગાર ને સામન જોઇને ચાલવામાં થાકને બદલે ખુશી ઉપજે છે. દુકાનોનો પૂરો બાહાર અને ભભકો જોવો હોય તો રાતની વેળાએ તમે જોશો કેમકે ગ્યાસના દીવાથી દુકાનો ખૂબ દીપી નીકલે છે એટલુંજ નહીં પણ દુકાનદારોને ઘરાકી પણ રાતની વેળાએ વધારે હોય છે.

દુકાનોની બહારથી દુકાનદારોનાં નામનાં સોનેરી હરફમાં લખેલાં પાટિયાં મારેલાં દેખાય છે. તે સાથે વળી તે દુકાન ઉપર કઇ જાતનો માલ વેચાય છે તેની નિશાની પાડેલી હોય છે. જેમ કે કોઈ દુકાન ઉપર ચસમાં ટાંગેલાં. તે ઉપરથી કહી શકાય કે ચસમાં, દુરબીન અને જોવાના કાચ વગેરે આ દુકાન ઉપર વેચાતા હશે. કોઇ દુકાનનાં મોહો આગળ ઘેટાનું બચું ટાંગેલું તે ઉપરથી એ દુકાને ગરમ કપડાં વેચાતાં હશે એમ માલમ પડે. કોઇ દુકાન આગળ છત્રી ટાંગેલી તે ઉપર વરતાય કે અહીં છત્રી વેચાતી હશે. કોઇ દુકાન ઉપર બુટ ટાંગેલું તે ઉપરથી જણાય કે અહીં બુટ વેચાય છે. કોઇ દુકાન ઉપર ફલનો આકાર પાડેલો તે ઉપરથી કેહેવાય

કે અંહી ફળ વેચાય છે. આ પ્રમાણે બાહાર મુકેલી નિશાની ઉપરથીજ ફલાણી દુકાને શું માલ વેચાતો હશે તે કહી શકાય. એવી નિશાનીઓથી રસ્તે ચાલનારનું મન તે દુકાન તરફ ખેંચાય એ મુખ્ય મતલબ હોય છે.

ઝવેરીની દુકાન, ઘડીયાળીની દુકાન, ચોકસીની દુકાનં, સોનારૂપાથી રસેલા સામન વેચનારની દુકાન, કાફી પીવાની દુકાન, દારૂ પીવાની દુકાન આ બધી રાતની વેળાએ ઘણોજ બાહાર આપે છે. કાપડીયાની દુકાન તથા કરીયાણું વેચનાર કેમીસ્ટની દુકાન કાંઈ ઓછો બાહાર આપતી નથી. દરજીની કે હજામની દુકાનનો ભભકો કંઇ ઓછો નથી. આ અને બીજી બધી દુકાનો રાતની વેળાએ ખૂબ ખીલી નિકલે છે. આપણા દેશમાં કાપડ વેચનારની તથા કરીયાણું વેચનાર ગાંધીની દુકાનનો મુકાબલો આ દુકાન આગળ મુદલ થઇ શકેજ નહીં. જેટલો ગધેડાં અને ઘોડામાં ફેર એથી વધારે ફેર સમજવો. ભાજી તરકારી વેચનારની દુકાન અથવા ખાટકીની દુકાનની સફાઇ જોઇને અચરતી ઉપજે. આવી દુકાન પણ જ્યારે સુંદર અને સુશોભીત લાગે છે ત્યારે બીજી દુકાનો કેવી લાગતી હશે તેનો વિચાર તમેજ કરી લો.

સારાંસ દુકાનોની શોભા અને રચના વધારવામાં વિલાયતનાં લોકો કંઇપણ કસર કે મણા રાખતા નથી. દરએક દુકાનદાર એમજ સમજે છે કે દુકાનનો સણગાર અને ભભકો જેમ વધારે હશે તેમ મારી ઘરાકી વધારે થશે. એવી સમજથી દરએક જણ પોતપોતાની દુકાનની ખુબસુરતી વધારવાને ઘણી મેહેનત કરે છે. દુકાનનો સણગાર અને તેમાં રચનાથી રચેલો સામન બાહારથી ચાલી જનારની નજરે બરાબર પડે એવી મતલબથી બિલોરી કાચના આખાને આખા તખતા જડી લીધેલા દેખાય છે. કોઇ દુકાન નાહાની હોય પણ તેમાં મોહો જોવાનો મોટો આરસો ટાંગી સામન એવો રચે કે જાણે મોટી દુકાન હશે.

દુકાનોની રચના તથા શોભાથી મુખ્ય કરીને લંડન શેહેર દીપી તથા ખીલી નિકળે છે. દુકાનોની રચના અને શોભા કહાડી નાખો તો આ મોટા શેહેરના મોટા અને દબદબા ભરેલા દેખાવમાં રૂપીઆના દશ કે બાર આના શોભા કાહાડી લીધી એમ ગણાશે. વેચવાનો સામાન માંડવામાં ને રચવામાં અને બિલોરી કાચના તકતા ને બારણા ઘસીને સાફ કરવામાં દુકાનદારોનો વખત ઘણો રોકાય છે.

(ઇંગ્લંડમાં પ્રવાસ)

Para 10.

મનોહરપુરી.

સર્વ કૃત્રિમ વૈભવ નષ્ટ થવા છતાં ઇશ્વરે આપેલી સુંદરતા આ ગામને છોડી ગઇ નહતી અને તેને લીધે તેમજ બીજાં કેટલાંક કારણોથી ઘણાક લોકોને એ સ્થળ પરિચિત અને પ્રિય હતું. સુવર્ણપુર. રત્નનગરી અને ઇંગ્રેજી રાજ્ય, એ ત્રણેના અધિકાર નીચેના પ્રદેશનું તે મધ્યસ્થાન હતું: અને ત્રણે રાજ્યોની સીમ મનોહરપુરીની સીમ સાથે ભેટતી હતી. આ રાજ્યોની તેમજ ઇશ્વરરચનાની સીમનું પણ એ મધ્યસ્થાન હતું. પશ્ચિમમાં અર્ધ ગાઉને છેટે સમુદ્ર હતો તેથી પશ્ચિમ પવનની લ્હેરો શીતળ તથા રમણીય થઇ ઉન્હાળાની દુઃસહતાને મનોહરપુરીમાંથી દૂર કરતી. ઉત્તરમાં સુંદરગિરિ નામના ન્હાના પણ સુંદર પર્વતનો આરંભ થતો. બીજી બે પાસ મ્હોટાં વન હતાં. પૂર્વમાં આંબાનાં વન, અતિ વિસ્તારી અસંખ્ય વડની ઘટાઓ, શેરડીનાં ખેતર ઇત્યાદિથી આ ન્હાના ગામડાની દૃષ્ટિસીમા રોકાઇ ગઇ હતી. ઉંચાં અને લીલાંસુકાં તાડનાં વન દક્ષિણ દિશામાં સુંદરતાની ધજાઓ પેઠે ફરકતાં હતાં અને તેમનાં લાંબાં તથા ફાટ્યા ત્રુટયાં પાંદડાં પટાવાળા ધ્વજ-પટથી જુદી જાતનાં ન હતાં. ભદ્રાનદીની સુભદ્રા નામની શાખા પૂર્વમાંથી દક્ષિણમાં આવી વાંકીચુકી ગતિથી ચાલતી સર્વે વનોમાંનાં પાંદડાં તથા ફળપુષ્પોને પોતાની છાતી ઉપર વ્હેતી વ્હેતી મંદ પણ સ્થિર ઝીણો સુસ્વર કરતી કરતી તાડના મૂળ આગળ આવી સમુદ્રમાં ભળતી હતી. આ નદીને લીધે તાડનાં વનમાં બીજી વનસ્પતિ પણ ગુંથાઇ ગઇ હતી. ચૈત્રના શુકલ-પક્ષના આ સમયમાં ઉતરતા વસંત અને આવતા ગ્રીષ્મનો સંધિ થતો હતો તે પ્રસંગે સુરંગિત મ્હોર તથા સુવાસિત કેરીઓથી ઉભરાતું આંબાનું વન અને ભરતી પામતો સમુદ્ર મનોહરપુરીની પૂર્વપશ્ચિમમાં સુંદરતાના ત્રાજવામાં તોળાતાં હતાં.

(સારસ્વતી ચંદ્ર)

Para II.

પારિસ.

તા૦ ૬ ઠી એપ્રિલની સવારના અમે પારિસ જઈ પોંહોંચ્યા. આઃ હા! ! હું તેના શું વખાણ કરૂં! એવી સુંદર અને ખુબસુરત નગરી કોઈ

દુનિયામાં નથી. પારિસ વિષે મેં વાંચ્યું હતું કે એનાં જેવું સોહામણું શેહેર બીજું એકે નથી. માર્સેલ્સ જોઈ એ વિષે મેં કંઈ ખ્યાલ બાંધ્યો હતો; પણ જોવામાં અને સાંભળવામાં કેટલો બધો તફાવત છે? ખાવાની હરએક ચીજ ચાખ્યા વિના માત્ર જોવાથી તેનો સ્વાદ માલમ પડી શકતો નથી; તેમજ જોવાની હરએક વસ્તુ જોયા વગર માત્ર સાંભળવાથી તેની ખરી ખૂબી કદી માલમ પડી શકનાર નથી.

હું ખરૂં કહું છઉં કે મારી નજર છકક થઈ ગઇ. એક અંધારી ઓરડીમાંથી નિકળીને સુરજના તડકા સામું જોતાં આંખ જેમ અંજાઈ જાય છે તેમ મારી આંખ અંજાઈ ગઈ. આપણા કવીઓએ ઇંદ્રપૂરી અથવા દ્વારિકાંપૂરીનું વર્ણન કર્યું છે, પણ તેઓએ આ પારિસ જોયું હોત તો તેનું વર્ણન તેઓ વધારે સારી રીતે કરી શકત. થોડીવાર મારી શુદ્ધ કે બુદ્ધ ઠેકાણે રહી નહીં. જરા જરામાં મને સંશય પેદા થાય કે આ ખરો દેખાવ છે કે ખોટો; હું ઊંઘમાં છઉં કે જાગૃત; આ દુનિયામાં છઉં કે બીજી દુનિયામાં; આ નગરી માણુસની છે કે દેવતાઓની? આવી રીતે કેટલીવાર મનમાં થયાં કર્યું. અંતે ચોકસ થયું કે હું મારી શુધ્ધમાં છઉં અને ખરેખર હું એક મહા સુંદર અને સોહામણી નગરીમાં આવી પોંહોંચ્યો છઉં.

આઃ હા! કેવા ધોરી અને ચોખ્ખા રસ્તા!! કેવાં ઘર અને દુકાનો!! કેવા રસ્તે રસ્તે ફુવારા અને સ્તંભો!! કેવાં જગે જગે ઝાડો અને બાગો!! કેવાં કારીખાનાં અને રેસ્તોરાં!! એક જોઇએ ને બીજું ભૂલી જઇએ. આ જોઇએ કે તે જોઈએ! એક જોઇને બીજું જોઈએ કે તીજું જોઈએ પણ મન ધરાય નહીં. મોટા ધોરી રસ્તાનો દેખાવ કેવો ખુબસુરત!! ઘરોની રોણક અને દુકાનોનો બાહાર અને રસ્તાની ખુબસુરતી જોઇ જીવ ખુશ ખુશ થઇ જાય. જાણે કોઇ મોટો તેહેવાર હોય અને સઉ લોક મોજ મઝા અને અમન ચમનમાં ફરતા હોય અને ઠેકાણે ઠેકાણે ભેળા થયાં હોય એમ દેખાય છે. પણ આવો દેખાવ તો આ શહેરમાં નિત્ય નજરે પડે છે.

રાતની વેળાએ ગ્યાસના દીવા થાય છે અને તેથી પારિસની આખી નગરીમાં મોટી રોશની અને મોટી ધુમ મચી રહેછે. દીવાળીના તેહેવારમાં રાતની વેળાએ જેવા આનંદથી આપણે ફરવા નિસરીએ છઇએ તેથી વધારે આનંદથી લોકો નિત્ય ફરવા નિસરેછે. આપણી મુંબઇની દીવાળી તો આ નિત્યની દીવાળીના વટાવમાં જાય. દુકાનદારોની દુકાનોનો ભભકો અને કારીખાનાંઓનો દબદબો જોઈ આંખ દીપાઈ જાયછે. ઠેકાણે ઠેકાણે દીવાનો ચળકાટ ને ઝળકાટ,

ઠેકાણે ઠેકાણે રાગ, રંગ ને ઉમંગ અને ઠેકાણે ઠેકાણે ગાન તાન ને સુર થઇ રહ્યાંછે. આવી રીતે મોજ મઝા ને અમન ચમનમાં પડેલું લોક દુનિયામાં થોડીજ જગાએ હશે. આવા આનંદમાં પડેલા લોકમાં રહેવાથી આનંદ કોને ન થાય? (ઇંગ્લંડમાં પ્રવાસ)

Para 12.

ચીતોડનો કિલ્લો.

ચીતોડ ઇતિહાસ પ્રસિદ્ધ સ્થાન છે. અને તેનો કિલ્લો વખણાએલો છે તો તે સંબંધે થોડુંક લખવાની જરૂર છે. ચીતોડનો કિલ્લો ડુંગરપર છે. આ કિલ્લાની નીચે ચીતોડ ગામ છે અને ગામને પાદરે સર્પાકારે વહેતી સુંદર નદી છે. આગળ કહી ગયો છું કે દરેક ગઢની ખુબી જુદી જુદી છે તે અત્રે બતાવું છું. દોલતાબાદનો કિલ્લો દુશ્મનને દુર્ગમ થાય એવી રીતે બનાવ્યો છે. અને તેના રસ્તા ભૂલવણીના, અંધારા અને દુશ્મનો જલ્દી નાશ પામે એવા છે ત્યારે આ ચીતોડનો કિલ્લો દુશ્મનોને બહાદુરીથી જીતવાને ઉપયોગી થઇ પડે તથા દુશ્મનો પણ બહાદુરી બતાવી શકે એવી રીતે બાંધવામાં આવ્યો છે. ચીતોડના કિલ્લામાં જે ખુબી છે તે એ છે કે તે કિલ્લામાં વર્ષો સુધી સલામતીથી રહી દુશ્મન સામે બચાવ કરવા ધારે તો થઇ શકે એમ છે. ચીતોડના કિલ્લામાં અત્યારે પણ સેંકડો ખેતરો, વાડીઓ, જળાશયો છે; અને લાખો માણસ કિલ્લાનો આશરો લઈ, ખુદ કિલ્લામાંજ ખેતીવાડીથી અનાજ વગેરે ઉત્પન્ન કરી પોતાનો ગુજારો કરી દુશ્મનને કાયર કરી પાયમાલ કરી શકે એવી ખુબી આ કિલ્લાની છે. અને તેની સાથે કિલ્લામાંથી નાસી જવાની બારી ટેકી મેવાડીઓએ બીલકુલ રાખી જણાતી નથી. શરૂઆતમાં કિલ્લાના દરવાજામાં પેસતાં એક બાજુ મજબુત દિવાલ અને બીજી બાજુ ડુંગર ઉપરની મજબુત દિવાલની વચમાં સીધા અને સીધા જવું પડે છે. આ જવાનો રસ્તો દશફીટથી વધુ પહોળો છે. આ સીધો રસ્તો અડધા માઇલનો છે અને આખો રસ્તો કમમાં કમ ૫૦ હજાર ઘોડેસ્વારો કે લાખ પાયદળ લશ્કરથી ભરાઈ જાય એમ છે. દરવાજામાં પેસતાં ડાબા હાથની દિવાલ કરતાં જમણા હાથની દિવાલ કમમાં કમ ત્રીસ ફીટ ઉંચી જણાય છે. આ રીતે ડાબા હાથની દિવાલ જે મજબુત પત્થરની છે. તે નીચેનાં ગામડામાંથી ૧૨ થી ૧૫ ફીટ ઉંચી છે. આ ભીંત પાસે જે રસ્તો છે તેની જમણી બાજુ ૧૨–૧૫ ફીટ ડુંગરની

જમીન ઉંચી છે અને તેના પર ૧૨-૧૫ ફીટ મજબુત પત્થરની દિવાલ છે. આ દિવાલપર ગોઠવાઇ લડાઇ કરનાર દિવાલની અંદર આવી પોંહોંચેલા ને બેધડક મરણપથારીએ સુવાડે એ મુશ્કેલું જ છે. હવે સીધા અડધા માઇલ સુધી ગયા બાદ મજબુત દરવાજા પાસ છે. આ દરવાજો વટાવી આગળ જવાનું બંધ થાય છે પણ આવતો વખતે જમણા હાથ તરફ જે ઉંચી દિવાલ પાસથી આપણે જઇએ છીએ તેજ દિવાલ આવ્યા એજ રસ્તે વાંક લઇ ઉપર ચઢતાં, જમણા હાથ ઉપર રાખી દિશા ફેરવી સામે મોઢે ચાલતાં પાછી મળે છે. હવે આ દિવાલની સામે બીજી દિવાલ નથી; પણ ડુંગરની કદણ છે. આટલે સુધી આવેલા દુશ્મનો સાથ હાથોહાથની લડાઇ કર્યા વગર છુટકોજ નથી એવી આ રજપુત કિલ્લાની ગોઠવણ છે. રજપુતો જે દિવાલપર ચઢી, આવતાં લશ્કરને મારતા હતા. તેજ દિવાલપરથીજ સામેના યુધ્ધમાં યાહોમ કરી શકે છે. આ જગ્યા વટાવ્યા પછી એક ત્રીજો દરવાજો આવે છે અને તે દરવાજામાંથી બહારનીકળતા ખુલ્લી જમીન આવે છે કે જે જમીન હાથોહાથની તરવારનાજ યુધ્ધને લાયક છે. આથી આગળ સરદારો અને રાણાના મહેલો છે. આ મહેલો અત્યારે ઉજ્જડ જેવા છે, છતાં પોતાની મોટાઇ જાળવી રાખતા દેખાય છે. કિરત મહેલ જે રાણી કીરતીજીએ બંધાવ્યો હતો તેનો એક બુરજ એવા તો ઉમદા પત્થરનો બંધાવ્યો છે કે તે પત્થર જાણે સોનાના કેમ ન હોય તેવા જણાય છે. કાળકાનું મંદિર દર્શન કરવા જેવું છે. અત્યારે કાલકાજીનાં ધ્યાનપૂર્વક દર્શન કરનારને કાલકાજીનાં ક્રોધી નેત્રો, વીકાળરૂપ, ઉદાસિનવૃત્તિ વગેરે સ્પષ્ટ જોવાય છે. કાલકાજીનાં મંદિર પાસે મેવાડની સેંકડો રાણીઓ જુહારવર્તથી બળી મુવેલીઓ તે સ્થાન છે. આ સ્થાનમાં મહાદેવની પ્રતિમા છે પણ અંદર ઉતરીને જોતાં ખરે ભયાનકજ લાગે છે. આ કિલ્લાનાં જળાશયોમાં પણ બે ત્રણ મોટાં સરોવરો જોવા લાયક છે. અત્યારે પણ આ કિલ્લામાં હજારો માણસ રહે છે અને ખેતીવાડીથી પોતાનો ગુજારો ચલાવે છે મને જણાવવામાં આવ્યું હતું કે રાણા પ્રતાપના વખતે કિલ્લો મુસલમાનોએ લીધો ત્યારે મેવાડી પ્રજા પ્રતિજ્ઞા કરી નીકળી હતી કે જો વસીએ તો કિલ્લામાં વસીએ નહીં તો ગામમાં વસીએજ નહીં. અને એ પ્રતિજ્ઞાને અંગે હજી કેટલાક વસવાયાં, સુથાર, લુહાર વીગેરે ગાડામાં ઘર કરી ગામોગામ ફરે છે અને એક ઠેકાણે રહેતા નથી.

(ભારત વર્ષની યાત્રા.)

Para 13.

બાગલાણ.

સૃષ્ટિમાંનાં ઘણા રમણિક સ્થળો જ્યાં અપ્સરાઓ પણ રમવા આવે, તથા સ્વર્ગવાસીઓને પણ વાસો કરવો ગમે, એવા એક રળિયામણા સ્થળમાં એક કિલ્લો બાંધેલો હતો, અને તેની નીચે એક સુંદર નાનું શેહેર વસેલું હતું. એ શેહેરની ચોતરફ ઊંચા ઊંચા પહાડોનો કોટ થઇ રહેલો હતો; અને તેમાંનાં ઘરો વચલા પોલાણમાં ચઢતાં ઉતરતાં ઘણાંજ ખુબસુરત હારબંધ બાંધેલાં હતાં. આ શેહેરનું પહાડોને લીધે પરમેશ્વર તરફથી રક્ષણ થયલું હતું, તો પણ તેનો વધારે બચાવ કરવા સારૂ તેની આસપાસ ફરતો ઘણો મજબુત પથ્થરનો કોટ હતો, અને તેની સાથે વળી એક ઊંચી ટેકરી જેની નીચે સઘળું શહેર આવી રહ્યું હતું, તે ઉપર એક કિલ્લો બાંધેલો હતો. એ શેહેરનું નામ બાગલાણ હતું, અને તે દેવગઢના રાજા રામદેવના તાબામાં હતું. કિલ્લો ઘણો મજબુત તથા શોભીતો હતો, અને તેમાં રેહેવાને સારૂ ઘણો વગ હતો. વળી તેની આસપાસની જગા પણ એવી શોભાયમાન હતી કે તેનું યથાસ્થિત વર્ણન કોઇ મોટા કવિની કલ્પના શક્તિથી પણ થઇ શકે નહિ. ચોતરફ ઊંચા ઊંચા પહાડો હતા અને તેઓ સૂર્યોદય અથવા સૂર્યાસ્ત થતી વખતે એવા તો મનોહર લાગતા કે તે જોવાને જેટલો શ્રમ તથા પૈસો ખરચ કરીએ તેટલો સઘળો વળી જાય. તેઓના ઉપર પુષ્કળ ઝાડી હતી, અને સાગ, આંબા, વગેરે ઝાડો નાટકશાળાની બેઠકની પેઠે એક ઉપર એક ઉગેલાં હતાં તે જોઇને આંખને આનંદ તથા સંતોષ ઉપજતો હતો. એ ઝાડીઓમાં વાઘ, રીંછ વગેરે રાની પશુઓ નિરંકુશ અમલ ચલાવતાં હતાં, અને તેઓના રાજ્યપદ વિષે તકરાર લેનાર માણસ ત્યાં કવચિતજ આવતું હતું. નાનાં મોટાં પક્ષીઓ ઘણા મધુર નાદથી તે સ્થળને ગજાવી મુકતાં, અને તેઓનાં સુંદર રંગબેરંગી પીંછાંનો ઝળકાટ તડકામાં પડતો તે જોઇને ઇશ્વરની લીલાથી મન વિસ્મિત થયા વિના રેહેતુંજ નહિ. વળી ઠેકાણે ઠેકાણે નાની નાની નદીઓ વેહેતી હતી, અને જ્યારે તેઓ ઊંચી જગાએથી ઉતરતી, અને પથરાઓ ઉપર અથડાતી, નાના છોડવા તથા વૃક્ષોને ઘુંદતી, તથા પહાડોના ઘસારાથી પડેલા નાના કાંકરાઓમાં રમતી આગળ ચાલતી, ત્યારે તેમની સ્થિતિ જોઇને આપણને આપણી બાલ્યાવસ્થા યાદ આવ્યા વિના રેહેતી નહિ. બીજી કેટલીએક નદીઓ ઊંચા ટેકરાઓ ઉપરથી નીચે પડતી તેના મોટા

ધોધવાની ગર્જના થઈ રહેતી, તેના ઉપર ફીણના જે ગોટા આવતા, અને તેના ઉપર જ્યારે સૂર્યનાં કિરણ પડતાં ત્યારે તેઓનું વક્રીભવન થઇને તેઓમાંના સાત જુદા જુદા રંગો છૂટા પડીને ઇંદ્રના ધનુષ્ય જેવો આકાર ત્યાં થતો તે ઘણો જ આશ્ચર્યકારક લાગતો હતો. એવા ધોધવાઓ નીચે પડીને આગળ વેહેતા, કેટલાએક નીચે પડી ત્યાં એકઠા થઈ રેહેતા, એટલે ત્યાં નીતર્યું કાચ જેવું તળાવ બનતું, અને કેટલીએક નદીઓના જુસ્સાથી જમીન ધસાઇને ત્યાં મોટી મોટી ખાઇઓ થતી, અને તેમાંથી તેઓ વિજળી વેગે દોડતી. જ્યારે ચોમાસામાં અષાડ મહિનામાં વાદળાંથી ઘોર ઘટા થઇ રહેતી, તથા વિજળીના ચમકારા અને મેઘગર્જનાના કડાકા થતા ત્યારે તે જગાનો દેખાવ ખરેખરો દબદબા ભરેલો તથા ભયાનક થઈ રહેતો હતો. વાદળાં તો જાણે આપણા પગ નીચે ગોટાને ગોટા અથવા ધૂમરની પેઠે પથરાયલાં દેખાતાં હતાં, અને તેઓ પીગળીને પાણીનાં ટીપાં થઇ નીચે પડતાં તે આપણને લાગતુંજ નહિ. વિજળી ઝાડ અથવા ટેકરીઓની ટોચથી ખેંચાઈ આવીને પડતી તે વખતે પથ્થરોના ફાટવાથી તથા ઝાડોના પડવાથી મોટા મોટા અવાજ થતા હતા, વળી ગર્જનાના શબ્દ પણ એક પહાડ ઉપર અથડાઈ બીજા ઉપર પડતા, અને ત્યાંથી અથડાઇ ત્રીજાને લાગતા, અને એવી રીતે થયાથી ગડગડાટના કડાકાને કડાકા કેટલીએક વાર સુધી પોંહોંચ્યાંજ કરતા. વરસાદ પણ ત્યાં એટલો બધો વરસતો કે તેનો ખ્યાલ મેદાનમાં વસનારાઓથી થઈ શકે નહિ. એ સઘળું પાણી એકઠું થઇ નદીઓમાં વહેતું તેથી તે સઘળાં ઝરણો ભરપૂર થઈ જતાં હતાં. ઉનાળાના સખત તાપથી ઝાડો બળી ગયલાં હોય, પથ્થરો તપી ગયેલા હોય, તથા પહાડો જેવા ખાવા ધાતા હોય એમ દેખાતા હોય, ત્યાં સઘળે લીલુંકુંજાર થઈ રેહેતું. ઝાડો ઉપર આકાશમાંથી વૃષ્ટિરૂપી અમૃત પડતું, તેથી તેઓ સજીવન થઈ પાછાં પ્રફુલ્લિત થઇ શોભાયમાન દેખાતાં, તથા પાણીનો પુષ્કળ મારો હોવાથી સઘળે થંડક થંડક થઈ રહેતી, તથા શીતળ વાયુમાં અગણિત ફુલોની સુગંધ ઘસડાઇ આવતી. 'ડુંગર દૂરથી રળિયામણા' એ જે કેહેવત છે તે તે વખતે ખોટી પડતી, અને તેઓ આઘેનાં કરતાં પાસેથી વધારે રળિયામણા દેખાતા હતા.

(કરણઘેલો)

Para 14.

ઋષ્યશૃંગ.

આબુનું ઊંચામાં ઊંચુ શિખર ઋષ્યશૃંગનું છે, તેના ઉપર કર્નલ ટાડ ચઢયો તેના પેહેલાં કોઇ યુરોપિયને ત્યાં પગ દીધો નહતો. પર્વતના શિખર ઉપર હોઇએ ત્યારે આપણને ઘણું ઊંચું લાગતું નથી, તોપણ મારવાડના મેદાનોમાં થઇને આપણે જેવા પાસે આવિયે છિયે કે તે તેની તલેટીની સપાટીથી સાતસેં ફીટ ઊંચો દેખાય છે. ઉપર ઠરી જઈએ એવો દક્ષિણનો પવન વાય છે તેના સપાટામાંથી બચી જવાને સાવધાન પહાડી લોકો એક ખરાબાને ઓથે પોતપોતાના કાળા કામળામાં લપેટાઇ જઇને ધરતી ઉપર લાંબા થઈને પડે છે. દેખાવ ઘણો નવાઇ ભરેલો તેમજ ભવ્ય છે. વાદળિયો આપણા પગ નીચે થઇને સોંસરી નીકળી જાય છે. બહુ તેજથી આપણને ઝાંઝવા વળી જતાં અટકાવવાનો સૂર્યનો હેતુ હોય તેમ તે, વાદળની આરપાર પોતાનાં કિરણ પાડે છે. ચક્રી આણે એવી ઊંચાઈ પર આસપાસ એક ન્હાનો કોટ છે. પર્વત ઉપર ઘણે ઠેકાણે અસંખ્ય ગુફાઓ જોવામાં આવે છે તે ઉપરથી પ્રાચીન સમયોમાં ભોંયરામાં વસ્તી હતી એમ જણાય છે; અને ત્યાં નવાઇ સરખાં ઘણાં ગોળાકાર બાકાં છે તે કેવળ તોપના ગોળાનાં બાકાંની સાથે સરખાવી શકાય એવાં છે. હું ત્યાંના એક એકાન્તવાસી તપસ્વી સાથે અજવાળું થતાં સુધી વાતો કરવામાં પડયો. તેણે મને કહ્યું કે ચોમાસામાં જ્યારે વાતાવરણ સ્વચ્છ હોય છે ત્યારે જોધપુરનો કિલ્લો અને લુણી નદીના ઉપર ભાલોતરા છે ત્યાં સુધીનું રણ દેખાય છે. અગરજો રહી રહીને સૂર્યનું તેજ પડતું હતું તેથી સીરોઈ ભણી વિસ્તરાયલી ભીતરીલની ખીણ અમે ઓળખી કાહાડી; અને પૂર્વમાં લગભગ વીસ મૈલ ઉપર આરાવળીના વાદળની ટોપી પેહેરેલા શિખરોમાં અંબાભવાનીનું પ્રસિદ્ધ દેરૂં અમે પરખી કાહાડયું તથાપિ ઉપરની વાત નાણી જોવાને હવણાં સમય ન હતો. છેવટે સૂર્ય પોતાના પરિપૂર્ણ તેજથી બાહાર નીકળ્યો, એટલે બધી શ્યામતા દૂર થઇ ગઇ, અને કાળા આસમાની રંગના વાદળના ઘુંમટની સાથે ઝાંખી સૂકી ધરતી મળી જવાથી ભાસ દેખાતો બંધ થવા લાગ્યો ત્યાં સુધી રણ ઉપર નજર ફરી વળી. ઉત્કૃષ્ટપણું બંધાવાને જે જોઇએ તે સર્વ હતું; અને શાન્તપણાને લીધે શોભા પાકે પાયે થઇ. જો દ્રષ્ટિને હેઠળના અગાધ નીચાણમાંથી જમણી બાજુએ માત્ર અર્ધગોળ સુધી

ફેરવિયે તો જે પરમારના કિલ્લાની ઝાંખી પડી ગયેલી ભીંતો ઉપર સૂર્યનું તેજ હવે પરાવર્ત્તન પામતું નથી તે કિલ્લાનાં ખંડેર ઉપર જઇને તે ઠરે છે; અને ત્યાં આગળનું તાડનું ઝાડ, તેઓના નાશ ઉપર હસતું હોય તેમ, જે જાત પોતાનું રાજ્ય સદાકાળ નિભશે એમ ધારતી હતી તેજ જાતના ખંડેર થઇ ગયેલા દરબારની વચ્ચે, પોતાનાં વાવટા સરખાં પાંદડાં ફડફડાવે છે.

(રાસમાળા)

Para 15.

સૌંદર્ય—ઉદ્યાન.

આ વાડી રત્નનગરી અને મુંબાઇ એના નમુનાઓના મિશ્રણરૂપ હતી. પ્રધાનપદે ચ્હડયા પછી મહારાજની ઇચ્છાનુસાર અને નવી પદવીને યોગ્ય પ્રાસાદ–મ્હેલમાં વિદ્યાચતુરને જવું પડ્યું હતું અને તે પ્રાસાદ નગરીની બ્હાર એક મ્હોટા ઉદ્યાનમાં હતો. આ પ્રાસાદ અને ઉદ્યાનની વ્યવસ્થા પ્રધાનપત્નીએ લીધી હતી, અને સંસ્કૃત તથા ઇંગ્રેજી વિદ્યાઓની રસિકતાને અનુસરી તેમાં સામગ્રી સજવામાં આવી હતી. નવા વૈભવને અનુસરી, દિને દિને નવા ગ્રન્થો–નવા અતિથિઓ–અને નવાં અવલોકનમાંથી સૂચનાઓ લઇ સારગ્રાહિણી આ સામગ્રીઓમાં ફેરફાર કરતી. ગ્રીષ્મ, વર્ષા, અને હેમંતાદિ ઋતુઓ, પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સાયંકાળ, રાત્રિના પ્રથમ પ્રહર, ચંદ્રિકા સમય, અન્ધકાર સમય, મિત્રમંડળને ફરવા બેસવાના પ્રસંગ, રાજવર્ગ અને લોકવર્ગના મેળાવડા, સ્ત્રીવર્ગની સમર્યાદ ગોષ્ઠીઓ, દમ્પતીના એકાંત વિનોદવિહાર, સુખના ઉત્સાહ, શોકના અવસાદ, પ્રધાન ચિન્તાને આવશ્યક વિચારોત્તેજક ઉત્સાહક સ્થાન, અને સ્ત્રીજાતની રંક ચિન્તાઓની ઝીણી જાળીઓની ગાંઠો ઉકલી જવા યોગ્ય ખુણાઓ; આવા અનેક પ્રસંગો, સ્થાનો, અને વિષયોને યોગ્ય કુંજો, ગલીઓ, ફુવારા, ઝરા, ન્હાનાં તળાવો, ઝાડોની ઘટાઓ, રેતીનાં અને ઘાસનાં ઉઘાડાં મેદાન જેવા ભાગો, ઉંડી ગુફાઓ, નીચાં કોતર, ઉંચા પર્વતનાં અનુકરણ અને કૃત્રિમ મીનારાઓ; આ સર્વ આ ઉદ્યાનના જુદા જુદા ભાગમાં ગુણસુંદરીની ચિન્તાએ ખડાં કર્યાં હતાં. પ્રધાનને પોતાની સમૃદ્ધિ સાચવનારી પત્ની મળી એમ સૌ કોઇ ક્હેતું. આ ઉદ્યાનનું નામ મણિરાજે સૌંદર્ય-ઉદ્યાન પાડ્યું હતું. એમાં રાજા અને રંક,

વિદ્વાન અને મૂર્ખ, બાલક – યુવાન – અને વૃદ્ધ, સર્વને પ્રસંગે પ્રસંગે આમંત્રણ થતું; અને તેમનો સત્કાર કરી, તેમના હૃદય ઉઘાડી, ચતુર પ્રધાન પ્રજાનાં સુખદુઃખ સમજવા પ્રયત્ન કરતો, તેમનું પ્રોત્સાહન કરવામાં તેમજ તેમને અંકુશમાં રાખવાનાં સાધન પામતો અને સર્વ લોક ઉપર ભયપ્રીતિનું રાજ્ય કરી, મહારાજની આજ્ઞાઓ સર્વત્ર વર્તાવતો, મહારાજના પોતાના હૃદયમાં પ્રજારૂપપત્ની પરનો પ્રણય ભરતો અને એ પ્રિયાનો અનુનય કરવાની તત્પરતા અને દક્ષિણતામાં આ યુવાન નાયકને કેળવતો, પ્રજાના પ્રવાહની લગામો ઉદય દિશા ભણી ખેંચતો, અને રાજ્યના મહારથીનું સારથીપણું સિદ્ધ કરતો. આ સર્વ ધર્મકાળે ગુપ્ત રહી ધર્મમાં વર્તતી એ ધર્મોની સહધર્મચારિણી પતિના તેજનું આધાન કરવા સમર્થ હતી, અને પત્ની હૃદયરૂપ ક્ષેત્રમાં પ્રધાન ઉત્સાહનાં બીજ આ સૌંદર્ય–ઉદ્યાનમાં વવાતાં.

(સરસ્વતીચંદ્ર)

Para 16.

પ્રાતઃકાળ.

જ્યારે કરણ રાજાના મનની અવસ્થા આવી હતી તે વખતે બહાર રાતનો અમલ ઉતરીને રાત તથા દહાડાની મર્યાદાની વચ્ચેનો તકરારી વખત થયેલો હતો. આકાશ કેવળ સ્વચ્છ હતું. અરૂણે સોનાની કુંચીવડે પૂર્વ દિશાનો મોટો દરવાજો ઉઘાડ્યો, અને સૂતી દુનિયાને જાહેર કીધું કે હવે સૌને કામે વળગવાનો વખત થયો છે. અરૂણ સારથી આવ્યો એટલે તેની પાછળ સૂર્યનારાયણ રથમાં બેસીને જલદીથી આવશે એવું જાણીને રસ્તામાં રમતા છોકરા મહેતાજીને આવતા જોઈ નાસી જાય છે તેમ તારાઓ એક પછી એક પોતપોતાનું મ્હોડું સંતાડવા લાગ્યા. ચંદ્ર તો તે પહેલાં અસ્ત થયલોજ હતો. શુક્રનો તારો જેને વિષે ગામડીઆ લોકો કહે છે કે ચંદ્રમા મુઆ પછી એ તેની જગો સાચવશે, તે થોડી મુદ્દત સુધી હિંમત રાખી ઉભો રહ્યો, પછી તે પણ જલદીથી ભરાઇ ગયો. સૂર્યદેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફ વાદળામાં ઇંદરાજાએ ઘણા ભભકાદાર રંગના સાથીઆ પૂર્યા. તળાવોમાં કમળનાં ફુલ ખીલી તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાના મ્હોડાં પૂર્વ તરફ ફેરવ્યાં. કુમુદિનીનાં ફુલની પાંદડી બીડાઈ જઈ નીચે નમી ગઇ. પોતાની પ્રિયાને ખીલેલી જોઈ ભમરાઓ કમળની આસપાસ ફરી

ગુંજાગુંજ કરવા લાગ્યા. ચંપા, ચંપેલી, સેવતી, માલતી વગેરે ફુલોમાંથી મંદમંદ સુગંધે શીતળ વાયુની સાથે ઘસડાઈ આવીને નાસિકા ઇંદ્રિયને મગ્ન કીધી. ઠેકાણે ઠેકાણેથી દિવાકરના ચોપદાર કુકડાઓએ નેકી પોકારી. ચકલીઓ માળામાંથી નીકળી ચીંચીં કરવા લાગી. કાગડાઓ કાકા બોલવા લાગ્યા. પાંજરાંમાંનાં પોપટ, મેના ઇત્યાદિ પક્ષીઓએ મીઠા બોલથી પોતાના ધણીને જગાડયા; અને વાડીઓ તથા ઝાડીઓ સુંદર નાદવાળાં પક્ષીઓના સ્વરથી આનંદકારક થઈ રહી. દેવસ્થાનોમાં દેવોને જગાડવાને નોબત તથા શંખ વાગવા લાગ્યાં. શહેરમાં ગરીબ લોકોનાં ઘરમાં ઘંટીનો ઘોર તથા તેની સાથે દળનાર બાયડીઓનો શોર થઈ રહ્યો. કેટલાએક સવારે સુતા સુતા પ્રભાતિઆ તથા બીજાં ભજન ગાતા હતા. છીપા, સોની, લુહાર, કંસારા વગેરે ઉદ્યમી લોકોએ તે વખતે હથોડા ઠોકી શહેરના તે ભાગને ગજાવી મૂકયો હતો. કોઈ કોઈ ઘરમાં એક અથવા વધારે બાયડીઓ બેસીને ઘરમાંના લાંબી મુદત ઉપર મુએલા માણસને માટે અમથો રાગડો કાઢી જુઠું રડતી હતી, કેમકે તેઓની આંખ તેઓના મ્હોંને જવાબ દેતી ન હતી. કોઈ કોઈ ઘરમાં દહીં વલોવવાનો શબ્દ સંભળાતો હતો. રાજાના મહેલમાં ચોઘડીઆં વગેરે બીજા વાજીંત્રો વાગી રહ્યાં હતાં. વિદ્યાર્થીઓ ઓટલે બેસી પાનાં હાથમાં રાખી ધુણતા ધુણતા આગલા દહાડાનું શીખેલું ફરીથી વાંચી જતાં હતાં. વાણીઆના છોકરા પોતાના અક્ષર ડેરવવાને વાસ્તે દોપીસ્તાં લખવા બેઠા હતા. ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓ ગળાના બંધ છૂટવાથી આનંદમાં ગોવાળીઆની પાછળ ચરવાં જતાં હતાં. કુળવંતી સારા સ્વભાવની બાયડીઓ ઉઠી પોતાના ઘર વાળી ઝાડી પોતાનાં છોકરાં તથા ધણીને સુખ આપવાના સાધન કરવામાં પડેલી હતી; તેમ દુષ્ટ શંખણી બાયડીઓ બબડતી, ફફડતી, છોકરાંને ગાળ દેતી, તથા માર પછાડ કરતી, અને ધણીને ધમકાવતી આણીગમ તેણીગમ ઘરમાં ફરતી હતી. આળસુ, એદી, અફીણી અને એવા સુસ્ત લોકો બગાસાં ખાતા ઢોલીઆપર ગબડતા હતા પણ ઉદ્યમી ચાલાક લોકો ઉઠી દાતણપાણી કરી પોતપોતાને ધંધે વળગ્યા હતા. દુકાનદારો તો થોડો નાસ્તો કરી લુગડાં પહેરી હાથમાં મોટી કુંચી લઈ દુકાને જતા હતા. કેટલાએક દુકાન ઉઘાડતા હતા, અને કેટલાએક તો દુકાન ઉઘાડી વાળી ઝાડી, ધોઇ તેની પૂજા કરી, માલ ગોઠવી, દુકાન આગળનો રસ્તો સાફ કરતા હતા. કેટલાક લોકો પાઘડી પહેરી અંગવસ્ત્ર ઓઢી હાથમાં લોટા લઈ શહેર બહાર જતા હતા. શહેરની સ્ત્રીઓ પાણી ભરીને માથા ઉપર બેહેડાં ઉપર બેહેડાં ચઢાવી ઘણી રમણીક ચાલથી પોતાના ધણી, સાસુ, નણંદ વગેરેની વાતો કરતી ચાલી આવતી

હતી. સહસ્રલિંગ તળાવ ઉપર બ્રાહ્મણો પોતે નાહ્યા વગર બેસી બીજાઓને નાહાવાના પુણ્યનો બોધ કરતા, અને લુગડાં સાચવવાને પૈસા લેતા હતા. તળાવમાં ઘણા લોકો નાહી ધોઇને સ્વચ્છ લુગડાં પહેરી ચાંલ્લા કરાવી દેવ-દર્શને જતા હતા. રાતના રાજા ઘુડ તથા વનવાગળાં સવાર થવાથી કાગડા વગેરે બીજા પક્ષીના ધાકથી ઝાડોમાં સંતાઈ જવાને ઉડી જતાં હતાં. ચકોર પક્ષી તેના સ્વામી ચંદ્રના અસ્ત પામવાથી કોઈ ગુપ્ત જગાએ ભરાઈ બેઠું હતું. ચોર લોકો પોતાની આશા સફળ કરી અથવા તે નિષ્ફળ થવાથી નિઃશાસો મુકતા ઉતાવળથી પોતપોતાને ઘેર જતા હતા. મુસાફરો ચાલતા, ઘોડે અથવા ગાડીમાં બેસીને ખુશીમાં અથવા ચિંતાતુર જતા હતા. કેટલા-એક ધનુર્વિદ્યા શીખવાને અથવા તેમાં અભ્યાસ વધારવાને નિશાન મારતા હતા. રજપૂત લોકો શહેર બહાર અથવા કોઈ ખુલ્લા મેદાનમાં પોતાના ઘોડાને ફેરવવા લઈ જતા હતા.

(કરણઘેલો)

Para 17.

અણહિલપુરનું સ્મશાન.

કાળરાત્રીનો એક પહોર ગયો તે વખતે અણહિલપુરનું સ્મશાન ઘણું ભયંકર દેખાતું હતું. સઘળે ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો. એકતો વદ ચૌદશની રાત એટલે અંધારૂં તો હોયજ, તે સાથે વળી આતો ઘનઘોર થઈ રહ્યું હતું. આકાશમાં કાળાં વાદળાં છવાઇ ગયલાં હતાં, તથા ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. વિજળીના ચમકારા વખતે વખતે થતા તેમાં સરસ્વતીનું કાળું પાણી તથા કાંઠા ઉપર ઉગેલાં ઘણાંએક ઝાડ તથા નાની નાની દેહેરીઓ, દેવડીઓ તથા મોટાં શિવાલયો દેખાતાં હતાં. વિજળી થયા પછી ભયાનક કડાકા સંભળાતા હતા, તથા વખતે વખતે પવન એવા જોરથી વાતો હતો કે ઝાડોની ડાળીઓ ભોંય સાથે તથા એક બીજા સાથે અથડાતી હતી. ઢોરોનાં સૂકાં હાડકાં મસાણમાં સડયાં કરતાં હતાં તેમાંથી ફાસફરસ નીકળી ખુલ્લી હવાને લાગતાં તેમાં મોટાં ભડકાં થતાં, તથા કીચડવાળી ભોંયમાંથી એક જાતનો વાયુ નીકળી તે પોતાની મેળે સળગતો, અને અંતરિક્ષમાં તેનાં ભડકાં ઉડયાં કરતાં. એ બળતાં ઉપર વરસાદના ઝીણા ઝીણા છાંટા પડતા ત્યારે તેમાંથી એક જાતનો

છણછણાટ થતો સંભળાતો હતો. ત્યાં કોઇપણ પ્રાણી નજરે પડતું નહતું. નદીને સામે કાંઠે તેમ આ કાંઠે પણ આઘે આઘે કેટલાએક માછીઓ પોતાની હોડીઓ લંગરસ્વાર કરી મોટાં તાપણાં સળગાવી તેની આસપાસ બેઠા હતા. કંસારીનો ઝીણો શબ્દ તથા દેડકાંનો બેસુરો અવાજ કાને પડતો હતો. એવી ભયંકર જગ્યાએ તથા એવા ભયાનક વખતે વિજળીના તેજથી એક માણસ નદીના કિનારાપર ફરતો દેખાતો હતો, તે જોઇ તેની હિંમતના વખાણ કર્યા વિના કોઈથી રહેવાયજ નહી.

(કરણઘેલો)

Para 18.

રાત્રે રણભૂમિનો દેખાવ.

રાત ચાંદરણી હતી; રૂપાનાં પતરાં જેવું ચાંદરણું ખીલી રહ્યું હતું. પણ તે વેળા જમીન ઉપર કેવો ભયંકર દેખાવ જોવામાં આવતો હતો! એક મોટા મેદાન ઉપર હજારો માણસ વિક્રાળ મ્હોંવાળાં મુએલાં પડેલાં હતાં, અને તે ઉપર જ્યારે ચાંદરણું પડતું, અને તેઓનાં મ્હોં ઉપર મૃત્યુથી ઉત્પન્ન થતા ફિક્કા રંગની સાથે અજવાળાનો રંગ મળતો, ત્યારે તેઓ ખરેખરાં ભયાનક દીસતાં હતાં. ઘાયલ લોકો ચીસાચીસ પાડતાં તેઓને પોતપોતાનાં માણસો લઈ ગયાં, અને તે ઠેકાણે જે ઓસડવેસડ થઈ શકે તે લગાડવામાં આવ્યું. લોહીની તો નીક ચાલી રહેલી હતી, અને તેનો લાલ રંગ બદલાઇને કાળો થઇ ગયો હતો. ગીધ, સમડી, કાગડા વગેરેને સારૂ જે મીજબાની પાથરેલી હતી તેનો ઉપભોગ કરવાને તેઓ તે વખતે ત્યાં ન હતાં, પણ વનવાગળાં ઊંચા ઉડયાં કરતાં, ઘુડો પાસેનાં ઝાડઉપરથી અપશુકનવાળો તથા ભયાનક શબ્દ કાઢયાં કરતાં, અને શિયાળવાં મુડદાંની ગંધથી ત્યાં આવીને મુએલા માણસોનો આરામ ભંગ કરતાં હતાં, સઘળું ચુપાચુપ હતું, અને લશ્કરમાંથી કાંઇપણ મ્હોટો અવાજ આવતો ન હતો. એટલાં બધાં માણસો એકએકનો પ્રાણ લેવાને એકઠાં થયાં હતાં, તેઓ આ રાતના દેખાવથી બીહીને, મોત તેઓની પાસે થઇને ફર્યાં કરતું તેથી ડરીને, તથા આવી શાંત રાતની વખતે અવાજ કરવાથી રાત્રીના દેવોને ઉપદ્રવ થાય તે ન કરવાને સઘળાં મુગાં રહેલાં હતાં. માત્ર કંસારી બોલ્યાં કરતી, તથા શિયાળવાંને ઉજાણીનું પર્વ હાથ લાગ્યું તેથી તેઓએ બુમાબુમ પાડી મૂકી હતી.

(કરણઘેલો)

Para 19.

સંગ્રામ.

અલ્લા અકબરની ચીસ પાડી મુસલમાન સિપાઈઓ આગળ ધસ્યા, અને રજપૂતોને તેઓની જગાએથી હડસેલવાને ઘણાએક પ્રયત્ન કીધા, પણ તેઓ પહાડની પેઠે જડ થઇ ઉભા રહ્યા. લડાઈ ઘણી ભારે ચાલી. ચોમાસામાં પવનના જોરથી વાદળાં સામસામા અથડાય છે તેમ તે બંને લશ્કરો અથડાયાં. તલવારોના ખડખડાટથી કાન બહેર મારી ગયા; તેઓના વીજળીના જેવા ચળકાટથી આંખ ઝંખવાઈ ગઈ; તીર તો આકાશમાં એટલાં બધાં ઉડી રહ્યાં હતાં કે તેમાંથી કોઈ પક્ષીથી પણ જવાતું નહી, અને વરસાદની પેઠે તેઓ નીચે પડતાં હતાં. જમીનપર લોહીની રેલ ચાલી; યોદ્ધાઓની ચીસથી ત્યાં કાંઈ પણ શબ્દ સાંભળ્યામાં આવતો ન હતો. એ બધા ગરબડાટની સાથે ઘાયલ સિપાઇઓ ધુળમાં રગદોળાતા તથા તેઓને તેમના ઘાથી દરદ થતું તે સહ્વળાના કષ્ટથી તેઓ બુમાબુમ પાડી રહ્યા હતા; બંને તરફનાં માણસો સેંકડો મુઆં, પણ રજપુત સિપાઈઓએ પોતાના ધારા પ્રમાણે તથા પોતાના ધર્મ પ્રમાણે પીઠ ફેરવી નહી. કરણમાં જાણે ભૂત ભરાયું હોય તેમ જણાતું હતું. તેની આંખ ખુનથી ભરેલી લાલચોળ થઈ ગઈ હતી. તે પોતાની તેજસ્વી તલવાર વડે ચોતરફ ફરી વળ્યો, અને જે તેના સપાટામાં આવ્યું તેના બે કકડા કર્યા વિના રહ્યો નહી. એક વાર તેનો હાથી મરી ગયો, ત્યારે તે ઘોડાપર સ્વાર થઇને લડયો, તે ઘોડો પણ કતલ થઇ ગયો ત્યારે તે પાયદળ સિપાઇઓમાં સામેલ થયો, અને પોતાના શરીરની કાંઈ પણ ફીકર રાખ્યા વિના એક સાધારણ સિપાઇની પેઠે લડયો. જ્યારે રાજાના ઉપર ઘણાંએક તીર પડવાં લાગ્યાં, જ્યારે તે એક બે ઠેકાણે ઘાયલ થયો, જ્યારે કેટલાએકે તેને ઓળખીને જાણ્યું કે તે જો વધારે વાર સુધી આ ઠેકાણે રહીને યુદ્ધ કરશે તો બેશક માર્યો જશે, ત્યારે તેને સમજાવીને એક ઘોડો આપ્યો, અને સ્વારોની હારમાં મોકલી દીધો. રાજાની આવી બાહાદુરીથી તેના સામંતો પણ તેવીજ હિંમતથી લડયા, અને સાધારણ સિપાઇઓ પણ મરણીઆની પેઠે મોતનો ડર જરા પણ ન રાખતાં પોતાના શસ્ત્ર નિર્દયપણે વાપરવા લાગ્યા. મુસલમાન લશ્કરના માણસો થાકયાં; તેઓમાં ઘણાંએકે ધૂળ ચાટી; ઘણાં એક જખમી થયાં; પણ રજપુતો ઉપર કાંઇ

અસર થઇ નહીં, તેથી તેઓ હઠીને પાછા પોતાને ઠેકાણે ગયા. થોડીવાર સુધી થાક ખાઈ પાછો તેઓએ ધસારો કીધો, પણ રજપુત સિપાઈઓ તેઓની ભેટ લેવાને તૈયાર થઈ રહ્યા હતા, અને પાછું યુદ્ધ પહેલાં પ્રમાણેજ જોરથી ચાલ્યું. (કરણઘેલો.)

Para 20.

સેંટપૉલનું દેવળ ભાગ—૧.

આખા ઈંગ્લંડ દેશમાં સઉથી મોટાંમાં મોટું, સઉથી ઉંચાંમાં ઉંચું અને સઉથી પ્રખ્યાતમાં પ્રખ્યાત દેવળ આ છે. બહારનો દેખાવ ધુમાડાથી કાળાસપર મારેછે તે છતાં તેની બાંધણીમાં કંઇ કસર કે મણા નથી. રોમ મધ્યેના પ્રખ્યાત દેહેરાંની બાંધણી પ્રમાણે આનો ઘાટ બાંધ્યો છે. નદી ઉપરથી એનો ભપકો ઘણો મારેછે. એનું બાંધકામ પુરૂં કરતાં ૩૫ વરસ લાગ્યાં હતાં અને તે ઉપર ૦ાા કરોડ રૂપીઆનો ખરચ બેઠો હતો.

આ દેવળની અંદરનો દેખાવ પણ કંઇ થોડો ભપકાભરેલો નથી જે મોટા 'હૉલ'માં ધર્મબોધ સાંભળવાને તથા પ્રાર્થના કરવાને લોકો ભેળાં થાય છે તે ઘણોજ મોટો છે. દહાડામાં ત્રણ વખત લોકો ભેળાં થાય છે. તેમાં એકદમ ૩૦૦૦ માણસો સેહેલથી બેસી શકે છે. આ "હૉલ" ની મોટાઈ તથા ઉંચાઇ જોઇને નજર છક થઈ જાય છે. કેટલાએક પ્રખ્યાત પુરુષોનાં પુતળાં તથા કેટલાએક પ્રખ્યાત પુરુષોની ઘોર આ દેવળમાં છે. જગપ્રસિદ્ધ પરોપકારી જૉન હાવર્ડનું પુતળું, તથા દરીઆઈ ફોજના બાહાદુર સરદાર નેલસનનું પુતળું અહીં છે આપણા દેશના આગલા ગવર્નર જેનરલ કૉર્નવૉલિસનું પુતળું તથા મુંબઇના આગલા ગવર્નર મૉન્સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટનનું પુતળું અહીં છે. સર ચાર્લ્સ નેપીયર તથા સર વિલિયમ જોન્સ એઓનાં પુતળાં પણ અહીં છે. એ વગેરે બીજાં ઘણાંક પુતળાંઓ છે. ડયુક ઑવ વેલિંગ્ટન ની ઘોર આ દેવળમાં છે.

આ દેવળમાં એક ઠેકાણે અચરત થવાજોગ યુક્તિ કરી છે. આસરે ૨૬૦ પગથી ઉપર ચહડયા પછી "વ્હિસ્પરિંગ ગ્યાલરી" આવેછે. તે ગોળાકારની તથા ઘણી મોટી છે. એમાં એકબીજાની સામે ઘણાજ દૂર બેઠા છતાં કાનમાં વાત થઈ શકે છે. તમે એકબીજાથી એટલા દૂર બેઠા હો કે મોટે અવાજે બોલો તોપણ સંભળાય નહી તે છતાં દેવાળની આગળ કાન મુકયાથી

કાનમાં વાત કરતા હોય એવા ઝીણા સાદે એક બીજા સાથે દૂરથી વાત કરી શકોછો. આ ઘણુંજ અજબ જેવું લાગે છે. અમે ચાર મિત્ર એ દેવળ જોવાને એક દાહાડો ગયા હતા. પ્રથમ દૂરથી અમારા ભોમિયાએ અમારી સાથે કાનમાં વાત કહી તે અમે સાંભળી અને અમને એમ લાગ્યું કે આ અમારી સામેનો ભોમિયો માત્ર ઢોંગ કરેછે ને અમારી પાછળ કોઈ બીજો ઉભો રહીને અમારી સાથે વાત કરેછે. આ બાબદ અમારી ખાતરી કરવા માટે અમારામાંથી એક જણ ઉઠીને સામે દૂર ગયો તેની સાથે અમે વાત કરી શકયા. અમે દૂરથી આવી રીતે વાત કરીએ પણ ગ્યાલરીમાં વચ્ચે ઉભા રેહેલા બીજા કોઈ પણ માણસ સાંભળે નહી.

Para 21.

સેંટપૉલનું દેવળ ભાગ—૨.

ઘડિયાળના ઓરડામાં લઈ જાય છે ત્યારે એ મોટું ઘડિયાળ, તેના કાંટા અને તેના ઘંટ જોઈ આપણે અચરત પામીએ છીએ. ઘડિયાળના માત્ર કાંટાનુંજ વજન ૧૨૦ રતલ છે અને મોટા કાંટાની લંબાઈ ૮ ફુટ છે મોટા ઘંટનો ઘેરાવો ૩૦ ફુટછે અને તેનું વજન કેહેછે કે ૧૧ હજાર રતલનું છે. આ ઘંટ કલાકના સુમાર પ્રમાણે વાગે છે પણ અમુક ટાંણે અથવા અમુક પ્રસંગે તેને વગાડયામાં આવે છે. જ્યારે રાજ્યકુટુંબમાં અથવા લંડનના બિશપનુ મરણ થાયછે ત્યારે આ ઘંટ વાગેછે. ઉપર એક જગ્યાએ એક પુસ્તકખાનું પણ રાખ્યું છે.

બાહાર રસ્તા ઉપરની ગ્યાલરીમાં આવી ઉભા રહીએ છીએ ત્યારે આખાં લંડન શેહેરનો દેખાવ નજરે પડેછે. જ્યારે દાહાડો ઉઘાડો હોયછે, વરસાદ કે ધુમસ હોતું નથી ત્યારે આ દેખાવ જોવાનો બાહાર પડેછે. આ ગ્યાલરી ઉપર ઉભા રહીને, નીચે આવતાં જતાં માણસો તથા ગાડીઘોડાં ઉપર નજર કરીશું તો ઉદ્યોગનું મોટું યંત્ર ચાલતું હોય અને તેમાંથી રેંટ જેવો અવાજ નિકળતો હોય એમ લાગે છે.

પણ સઉથી ઉંચા ભાગ ઉપર ચહડવાનું હજુર બાકી છે. હજી ૪૦૦ પગથીઓ બાકી છે. હવે ચહડવાનું કામ કંટાળાભરેલું અને કઠણ લાગેછે પણ એટલે ઉંચે જઈને જોવાથી લંડનનો કેવો દેખાવ લાગતો હશે તે જાણવાની આતુરતા થાયછે. સઉથી છેલ્લા ભાગ ઉપર ગયા પછી એક નાહાની બારીમાંથી ડોકાઇને જોવું પડેછે ત્યારે જો દહાડો સાફ અને ઉઘાડો હોય તો આ મેહેનત સફળ થાય છે.

આ દેવલ ૩૭૦ ફુટ ઉચુ છે. લંબાઇમાં ૫૦૦ અને પોહોળાઇમાં ૧૦૦ ફુટ છે. એણે બધી મળીને બે એકર જમીન રોકીછે. એની ચોમેર લોહડાની જાળી મુકેલી છે ને માત્ર તેનાજ ખરચના ૧૧ લાખ રૂપીઆ બેઠા છે. આ દેવળના જુદા જુદા ભાગ જોવાનો ખરચ ૩ા શિલીંગ બેસેછે.

(ઇંગ્લંડમાં પ્રવાસ)

Para 22.

બિલોરી મેહેલ—ભાગ ૧.

આ મેહેલ કેટલો મોટો હશે અને તેણે કેટલી જગ્યા રોકી હશે વારૂ? હું કહીશ તો તમે અચરત થશો ને કદાચ માનશો પણ નહી. આ મેહેલ આસરે ૨૮૦૦ ફુટ લાંબો છે ૪૦૦ ફુટ પોહોળો છે અને ૧૭૫ ફુટ ઉંચો છે, ને તેણે ૨૦૦ એકર જમીન રોકી છે!! પણ તમે મને પુછશો કે એ મેહેલમાં કંઈ જોવાનું છે કે ખાલી મેહેલજ! અરે ભાઇઓ એમાં જોવાનું એટલું બધું છે કે તમે દસ કે બાર દાહાડા સુધી જોયાં કરશો તોપણ પુરૂં થશે નહી, તમારૂં મન પણ ધરાશે નહી અને તમને તે મુકવા પણ ગમશે નહી.

દુનિયાના ચારેખંડનાં ને જુદી જુદી જાતનાં અને જુદી જુદી શિકલનાં જંગલી માણસો જાણે એ મેહેલમાં આવીને ઉભાં છે એમ તમને પેસતાંને વાર લાગશે. તેઓની મુર્તિઓ ઉભા કરેલી છે તે એવી કે જાણે ખરા જંગલી માણસો અમેરિકામાંથી ને આફ્રિકામાંથી ને આસ્ટ્રેલિયામાંથી આવીને ઉભાં રહ્યાં હોય. માત્ર તેઓ બોલતાં કે ચાલતાં નથી એટલીજ કસર છે. અરે ઇશ્વિરે આવાં પણ માણસો ઉત્પંન કર્યાં છે એમ તરત તમારાં મનમાં આવશે. વળી તમારા દેશના હિમાળય પાહાડમાં રેહેનાર માણસોને પણ જોશો.

જરા આગળ ચાલશો એટલે એક બિલોરનો મોટો ફુવારો તમે જોશો. એ ફુવારોજ જોઈ તમે અચરત પામશો. હવે અહીં આસપાસ નજર કરો ને તમને સુજ પડશે નહી કે શું જોઇએ અને શું નહી. આખું બ્રિટિશ મ્યુઝીયમ જાણે અહીંજ લાવીને મુકયું છે. તેમાં ફેર એટલો છે કે અહીં મેહેલનાં નામ પ્રમાણે અનેક પદાર્થો રચવામાં મેહેલને લાયકનીજ ગોઠવણ કરી છે. જુદા જુદા મોટા દિવાનખાનાંમાં અને અનેક ઓરડામાં જુદા જુદા

દેશની બનાવટનો સંગ્રહ કરેલો છે. તે જુદા જુદા ઓરડા "કોર્ટ" નાં નામથી ઓળખાયછે. જેમકે "ઇજીપશિયન-કોર્ટ" "આસિરિયન-કોર્ટ" ઇત્યાદિ.

પણ એ ઉપરાંત જોવાનું બીજું ઘણું છે. મેહેલની માંહે એક મોટા ઓરડામાં મોટાં મોટાં ઝાડ ઉગાડયાં છે. કોઈ કેહેશે કે વળી મેહેલમાં કાંઈ મોટાં ઝાડ ઉગતાં હશે? હું કહું છઉં કે હા ભાઇ આ બિલોરી મેહેલમધ્યે એક ઓરડામાં મોટાં મોટાં ને ખરેખરાં ઝાડ ઉગવ્યાં છે. આ મેહેલમાં જુદાં જુદાં યંત્રના નમુના મુકયાં છે. છાપો કેમ છપાતો હશે, કપડાં કેમ વણાતાં હશે, કાચ કેમ બનાવતા હશે, ઇત્યાદિ યંત્રના નમુના અહીં જોવામાં આવે છે.

બધી તરેહ તરેહની વસ્તુઓ તથા તરેહ તરેહનો સામાન કે સણગાર વેચવાની મોટી દુકાનોનાં બજાર પણ આ બિલોરી મેહેલમાં છે. કોઇ કેહેશે કે મેહેલમાં વળી બજાર ભરાય? હા ભાઈ આ મેહેલ કંઈ વિચિત્ર છે; એમાં તમે ખરીદ પણ કરી શકો. આ મેહેલમાં વળી પુસ્તકખાનું છે, એક તસ્વીરખાનું છે અને એક છાપાખાનું પણ છે. સવારથી સાંજ સુધી મોજ મારવા આવનારાઓને માટે મીઠાઈ મેવાની દુકાનો પણ આ મેહેલમાં છે. નિત્ય જાણે મોટી જાત્રા કે મોટો મેળો હોય એમ અહીં લાગેછે.

Para 23.

બિલોરી મેહેલ. ભાગ—૨.

છોકરાઓની આખી નિશાળની નિશાળ કોઇ કોઈ દહાડો આ બિલોરી મેહેલ જોવાને જાયછે. છોકરાંઓને આથી જ્ઞાન તથા ગમત મળેછે. જે દેશની નિશાળોનાં છોકરાંઓને અભ્યાસની સાથે આવી મોજ મારવાનું મળે તેઓને અભ્યાસ ઉપર પ્રીતિ લાગે એમાં નવાઇ શી?

દર સનીવારે તથા કોઈ મોટે દહાડે બિલોરી મેહેલમાં કંઈ વધારે જોવાનું હોય છે. એ મેહેલનાં એક મોટાં દીવાનખાનાંમાં વાજીંત્રની ઘણીજ મોટી પેટી છે તે ઠેકાણે ગવઇયાઓને બેસવા માટે ચહડતી ઉતરતી ગોળ દાદર ઘાટની બેઠક કરેલી છે. ત્રણ કે ચાર હજાર ગવઇયા સાથે મળીને એક રાગે અને એક ધાંટે ગાય છે તે ખરેખર સાંભળવા જોગ છે. જેમ વધારે માણસો હોય તેમ એક રાગે ગાવાનું વધારે કઠણ પડે. તે છતાં ૩૦૦૦ માણસો સાથે મળીને એક રાગે અને એક અવાજે ગાય એ કંઇ સાધારણ વાત ન જાણવી. બધી વિદ્યા તથા કળાને જેમ બને તેમ સંપુ-

र्णता उपर लाववानी मेहेनत विलायतना लोको करे छे तेमज आवानी विद्याने आवी उंची हालतमां लावी मुकी छे.

ए शिवाय आ मेहेलना बागमांथी कोई कोई समे "बलुन" अथवा विमान उडावे छे. कोई कोई समे तरेहवार जातनां फुल तरेहवार रचनाथी रचीने देखाडे छे. एवे समे ४० थी ५० हजार माणुसोनो मेळो आ मेहेलमां भराय छे. दर वरसनी उपज १२ थी १३ लाख रुपीआनी अने खरच ८ थी १० लाखनो आ मेहेलनी कंपनीने थाय छे.

बिलोरी मेहेलनो बाग पण बिलोरी मेहेलने लायकनोज छे. आ बागमां जइने जरावार बेसो तो जीवने आनंद उपजशे. झाडपाननी रचना के फरवा हरवानी रचनामां कंई मणा नथी. आ बागमां हुं बेठो छउं ने बेठो बेठो बिलोरी मेहेलने निरख्या करुं छउं. सामे फुवारानो बाहार पण लागी रह्यो छे. आ वेळा मारां मनमां आनंदभरेला अनेक विचारो उत्पन्न थया. हुं बोल्यो के "अरे हुं वाणीओ पण केवो भाय-गवान् के आवी जग्या उपर आवी बेठो छउं!" मारां विलायत जवा बाबत जेओ वेर राखीने मने दुःख देवा इच्छा राखता हशे तेओने हुं एटलुंज कहुं छउं के आ प्रसंगे उपजेलो संतोष ज्यारे मने याद आवे छे त्यारे जे सुख मने मळे छे ते मारी पासेथी तमे कदापि लई शकशो नही.

(इंग्लंडमां प्रवास.)

Para 24.

रणभूमि.

दरियामां भारे तोफाननी वखते मोटां पहाड जेवां मोजां अथडाय छे, अथवा आकाशमां जोसवाळा पवनथी धसडातां बे वादळां सामसामा आवी मळे छे, तेम करणनुं तथा अलफखांनुं लश्कर एकएकने भेटयुं पण ए भेटवुं कांई लाडनुं नहतुं. छेक पासे पासे आवी गयेला तेथी तीर कामठां बिलकुल नकामा थई पडयां हतां. तेओ भालो, तरवार अने वखते खंजर, कटार, वगेरे टुंका हथियारो वडे लडता हता. एक एकना उपर दया लावी प्राण उगा-रवाना तेओए सम खाधा हता. 'मारवुं अने मरवु" एज वात मनमां राखीने तेओ लडता हता. 'अल्ला अकबर' एक तरफथी ने 'हरहर महादेव' बीजी तरफथी वारे वारे संभाळातां हतां. तलवार, भाला, वगे-

રેનો ખડખડાટ થઈ રહ્યો હતો. સેંકડો માણસ ઘાસની પેઠે કપાઈ જતાં હતાં. તે કરતાં પણ વધારે માણસો ઘાયલ થઈને પડતાં તેઓ તેમના સોબતીના પગ નીચે છુંદાઇ જતાં હતાં, અથવા તેઓને તેમના સાથીઓ બાજુ તરફ ફેંકી દેતા હતા ત્યાં તેઓ પડયાં પડયાં બરાડા બરાડ પાડતાં હતાં. એ પ્રમાણે મારામારી તથા કાપાકાપી ત્રણ કલાક સુધી ચાલી; પણ તેટલા વખતમાં બેમાંથી કોઈ પાછું હઠયું નહી. સવાર પડવા આવી; રાતનો અમલ ઉતરી ગયો; પૂર્વ દિશાએ અરૂણનો પ્રકાશ દેખાવા લાગ્યો; વાદળાંનો રંગ તેણી તરફ ઘણોજ સુંદર રતાસ પડતો થઈ ગયો; તારાઓ એક પછી એક પોતાનું મ્હોં છુપાવવા લાગ્યા; અને આસપાસની સઘળી વસ્તુઓ ધીમે ધીમે અંધકારમાથી નીકળવા લાગી. થોડીવાર પછી જ્યારે સૂર્ય ઘણા દબદબાથી પૂર્ણ બિંબ સાથે બહાર આવ્યો, ત્યારે એક ભયાનક તથા હૃદયભેદક દેખાવ નજરે પડયો. રણભૂમિમાંથી લોહીની નીક વહેતી હતી; કેટલેક ઠેકાણે લોહીનાં ખાબોચીયાં ભરાઈ ગયાં હતાં; સામસામા લશ્કર વાઘ અથવા વરૂનાં બે ટોળાની પેઠે ગુસ્સાથી તથા ક્રૂરપણાથી લડતાં હતાં, બંને તરફના મરી ગયેલાં માણસો જુદે જુદે ઠેકાણે જુદી જુદી રીતે જમીનપર પડેલાં હતાં; કેટલાંએકનાં મ્હોં વકાસેલાં હતાં; કેટલાંએકની આંખ ઉઘાડી રહી ગઈ હતી; કેટલાંએકની શિકલ તેઓની મરતી વખતના કષ્ટને લીધે વિકરાળ થઈ ગયેલી હતી; કેટલાંએકનાં અવયવો કપાઈ ગયેલાં આઘાં પડેલાં હતાં; અને કેટલાંએકનાં માથાં વગરનાં ધડ રઝળતાં હતાં. તેજ પ્રમાણે ઘાયેલ થયેલા લોકો ભોંયપર ટળવળતા હતા; તેઓની ચાકરી કરનાર કોઈ નહો, તથા તેઓને ત્યાં જે જોઈએ તે આપનાર કોઈ મળે નહી; કોઈ તેના ઘા ઉપર હાથ ફેરવનાર નહી; કોઈ તેને મીઠા વચન કહી જીવને આરામ આપનાર અથવા દરદમાં દિલાસો આપનાર નહીં; તેના ઘા ઉપર ઓસડ ચોપડનાર અથવા કોઇપણ રીતે તેની વેદના કમી કરનાર મળે નહી એટલે બિચારા પોકે પોક મુકી રોતા હતા. આવી દુઃખદાયક અવસ્થમાંથી પરમેશ્વર તેઓને આ પાર કે પેલે પાર જલદીથી આણે માટે તે દીનદયાળ પ્રભુની સ્તુતિ કરતા હતા, તથા કેટલાંએક આવા દુઃખમાં પોતાની મા તથા બાપને સંભારતા હતા. યુદ્ધ કરવામાં શૌર્ય આણવાને બંને તરફવાળાઓ વાજીંત્રો વગાડતા હતા.

(કરણઘેલો)

Para 25.

મીરની હ્હાર.

સોલંકી રાજા પંડે મીરની મદદે દોડી આવ્યો. આણી તરફથી ગુર્જરેશ્વર પણ પોતાના સુભટોને લઈ સુરપાળની કુમકે આવ્યો, અને બેઉ સેના વચ્ચે ઉગ્ર યુદ્ધ થયું. આયુદ્ધ આયુદ્ધને અથડાય તેના ખણખણાટ, રણસીંગાના શૂર ચડાવનાર નાદ, જોદ્ધાઓની બુમો, તેમનાં શસ્ત્રોના ચળકાટ, ઘોડાનું ખંખારવું, હાથી અને રથની દોડાદોડ, તીરના વરસાદ વગેરેથી રણભૂમિ ભયાનક થઈ ગઈ. ખેતરની માટીનો લોહીથી કાદવ થયો. આકાશ ધૂળથી છવાયું. મીર પડયો હતો ત્યાંતો કતલ થયેલા સિપાઈનો એટલા ઢગલા થયા કે અશ્વાદિક વાહનને જવાની જગા રહી નહિ. પરંતુ મીરને ઝાલવાનો સંતોષ ગુર્જર સેનાને મળ્યો નહિ. ડોળીમાં સુવાડી તેને ભૂવડ પોતાની છાવણીમાં મોકલી શકયો. એ કરવામાં તેના હજારો જોદ્ધા મુઆ ને પંડને પણ ઘા લાગ્યા. વગર વાંકે પોતાના દેશને પાયમાલ કરવા આવેલા, અને પોતાની નિરપરાધી રૈયતને મારનાર તથા લૂંટનાર રાજાપર કોપ કરી વિકરાળરૂપે દુશ્મનોનો સંહાર કરતો જયશિખર ભૂવડની લગોલગ આવ્યો. તેના એક બાણે ચાલુકય પતિના હાથીની અંબાડી ઉપર ઉડતી ધ્વજા ચીરી નાંખી, ને બીજે ધજાદંડ ખંડન કર્યો. ભૂવડના હાથીના અંગમાં ઠામઠામ તીર ભોકાઈ રહ્યાં હતાં. જયશિખરનું એક બાણ તેના બાહુનું કવચ ફાડી તેની ચામડીમાં ઘુસ્યું, પણ તે ડગ્યો નહિ, બેઉ ભૂપાળ હઠે ભરાયા, ને મરવું કે જીતવું એવો નિશ્ચય કરી વઢયા. ભૂવડના બાણે કરીને જયશિખરની અંબાડીનું છત્ર ભંગ થયું, અને તેની બરછી તેના હાથીના કુંભસ્થળમાં ભોકાઈ. જેમ બેઉ મહારાજ મહા શૂરવીર હતા તેમ તેમના ગજરાજ પણ અતિ બહાદુર હતા. તેમનાં શરીર વિંધાઈ જઈ લોહીની ધારાથી લાલ થયાં, પણ કોઇએ પાછી પાની કરી નહિ. ચારે તરફ કતલ ચાલી રહી. ભાલા, તીર ને તરવાર જોદ્ધાના અંગમાં ભચાભચ ભોકાઈ ફુવારાની ધારાની પેઠે લોહીની ધાર ઉડી, ને ધડશિષ જુદાં પડયાં; ગદાથી મસ્તકના ફાડચા થયા, ને ચક્રથી શિરચ્છેદ થયા. ઘાએલ થઈ પડેલા જોધ્ધા, તેમના અંગ હાથીઘોડાના પગ અને રથનાં પૈંડા તળે છુંદાવાથી, જખમની વેદનાથી, અને પાણીની તરસથી ચીસો પાડે. પણ તેમને કોણ ગણકારે? રાત પડી ને અંધારૂં થવાથી એક એકના મુખ સુઝયા નહિ ત્યારે બંને લશ્કર છુટા પડી પોતપોતાને મુકામે ગયાં. **(વનરાજ ચાવડો)**

Para 26.

અણહીલ ભરવાડ.

શ્રીમાલપુરના નગરશેઠને ઘેર એક માસ પરોણા રહી તાજા થયા, તથા નગરના ઘણાક સદ્દગૃહસ્થો સાથે સ્નેહ કર્યો. શેઠના આડતીઆ તથા ઓળખાણવાળા બીજાં શહેરમાં રહેનારા વહેવારીઆ ઉપર ભલામણ પત્રો લઈ ગીરનાર જવા નીકળ્યા. માર્ગમાં અતિ ઉપયોગી માણસ મળ્યો. એક મુકામે વનરાજ અને સુરપાળ બેઠા હતા ત્યાં વરસ પચીસેકની ઉમરનો ધીંગો જુવાન મર્દ આવ્યો. વનરાજને પગે લાગી કહે, મહારાજ હું આપનો તાબેદાર સેવક ભરવાડ છું. મારૂં નામ અણહીલ છે. હું મારૂં તન મન અને ધન સર્વ આપને અર્પણ કરૂં છું તે કૃપા કરી સ્વીકારો. એમ કહી વનરાજનો જમણો પગ પોતાને માથે લગાડયો, ને તેનો અંગુઠો ધોઈ ચરણામૃત પીધું. રાજકુમારે તેને માન દઈ બેસાડયો. સુરપાળે પૂછ્યું ભાઈ તેં અમને કેમ ઓળખ્યા, ને તારામાં આવી લાયકી, આટલી બધી રાજયભકિત કેમ ઉત્પન્ન થઈ? અણહીલે ઉત્તર કર્યો કે "મહારાજ આપ ગુપ્ત રહ્યા છો, વેશ બદલવાથી માર્ગમાં આપને કોઈ ઓળખતું નથી એમ ધારો છો પણ તેમ નથી. આપણા સઘળા સ્વદેશીઓ બાળરાજાને તથા આપને ઓળખે છે. ઘણાક તો વનોડમાં છાનાં દર્શન કરી આવેલા છે. પણ જુઓ કેવો જબરો સંપ છે, કેવી દૃઢ રાજ્યભકિત છે, કેવો સાચો સ્વદેશાભિમાન છે કે કોઈ ફૂટયું નથી! શત્રુની આગળ, કે નાદાનની આગળ, કે વિશ્વાસઘાત કરે તેવાની આગળ, અજાણ્યા થઈએ છીએ, પણ માંહોમાંહે તો હરકોઇ વર્ગના સારા ગુર્જરોમાં આપની વાત ચરચાઈ રહી છે. પાણીને માટે જેમ તરસ્યા ટમટમે તેમ સોલંકીઓના પક્ષપાત, અન્યાય, તરેહ તરેહના ભારે વેરા, અપમાન અને જુલમથી ત્રાસ પામેલો દેશ મહારાજની વાટ જુવેછે. સ્વદેશીઓની આતુરતા જોઈ તથા ઇશ્વરી પ્રેરણાથી મારી છાતીમાં સ્વરાજ સેવાના ઉમંગે ઉછાળો માર્યો છે તે એવો ટકાઉ છે કે વનરાજ મહારાજના અમલની સ્થાપના થશે ત્યાંલગી નરમ પડશે નહિ. હું મારા બાપ જોડે પહાડી ધરતીમાં બહુ ફર્યો છું, ને વગડાના અને ગામના માર્ગોથી જાણીતો છું. વઢવાની હામ ધરાવું છું, ને મારા જેવા વિચારના ઘણા સ્વદેશ હિતેચ્છુ માણસોને પિછાનું છું". સુરપાળે ભરવાડને સરપાવ આપી ખુશીથી પોતાના સાથમાં લીધો. **(વનરાજ ચાવડો)**

Para 27.

મલેક કાફુર.

જ્યારે અલફ્ખાંએ પાટણ શેહેર લીધું ત્યારે તેના સાંભળવામાં આવ્યું કે ખંભાતમાં ઘણા દ્રવ્યવાન વ્યાપારીઓ છે. તે ઉપરથી લૂંટની આશાથી સઘળું લશ્કર તે શેહેર ઉપર ચઢ્યું. ત્યાં જઈ તે શેહેર લીધું તથા ત્યાનાં તમામ ધનવાન લોકોનાં ઘરો લૂટી લીધાં. એ લૂટમાં અલફ્ખાંએ એક ખુબસુરત ગુલામને પકડયો. તે એક વ્યાપારીના તાબામાં હતો, અને તેને ખોજો કરીને તેના જનાનખાનાની ચોકી કરવા ઉપર રાખ્યો હતો. જ્યારે તે ખંભાતમાં હતો ત્યારે તે ખોજો કાફુર એ નામથી ઓળખાતો હતો, અને તેનામાં રૂપ સિવાય બીજા ઘણા ગુણો હતા. પોતાનો સ્વાર્થ સાધવાને તથા દુનિયામાં મોટી પદવી મેળવવાને જે જે ગુણો જરૂરના છે તે સઘળા તેનામાં હતા. તેનામાં કેટલાએક સારા તેમ કેટલાએક નઠારા ગુણો પણ હતા. જે જે કામોની સાથે તેના સ્વાર્થને સંબંધ ન હોય તે તે કામોમાં તે સારા ગુણ વાપરતો, અને તે વખતે તેનામાં દુર્ગુણ એકપણ હોય એમ કોઈને લાગતું નહી; પણ જ્યારે તેની મતલબ પાર પાડવાની હોય, જ્યારે પોતાનો સ્વાર્થ સાંધવા કાંઇપણ કામ કરવાનું હોય અથવા પોતાને કાંઇ ફાયદો થતો હોય, ત્યારે ગમે તેવું દુષ્ટ કામ હોય તોપણ તે કરતાં તે જરા પણ આચકો ખાતો નહી. એ પ્રમાણે તે એ જાતનો માણસ હતો. જ્યાં-સુધી તે ગુલામગીરીમાં રહ્યો ત્યાં સુધી એ સઘળા ગુણો વાપરવાને તેને પ્રસંગ આવ્યો નહી; પણ તેનું ભાગ્ય ખુલવાનું તેથી તે મુસલમાન લશ્કરના હાથમાં પડ્યો અને તે દેખીતો ઘણો ખુબસુરત હતો તેથી જો તેને પાદશાહ પાસે નજર દાખલ મોકલવામાં આવે તો તે ઘણો ખુશ થશે એમ જાણી તેને દિલ્લી મોકલવાનો ઠરાવ કીધો. તેને કોળાદેવી સાથે અલાઉદીન પાસે મોકલ્યો. ત્યાં તે પાદશાહને ઘણો પસંદ પડ્યો. છેક હલકી પદવી ઉપરથી ચઢતાં ચઢતાં આ વખત તે અલાઉદીનનો માનીતો થઈ પડ્યો હતો. આપણાં દેશી રાજ્યદરબારમાં જે ખટપટ, કાવતરાં, તથા દગાફટકા ચાલે છે તે સઘળામાં તે ઘણો કુશળ હતો. અને તેણે પોતાની તદબીર તથા ચતુ-રાઇથી રાજાના મન ઉપર એટલીતો સત્તા મેળવી હતી કે રાજા તેને વશ થઈ ગયો હતો; તે જ જાણે પાદશાહ હતો, અને સઘળા અમીર ઉમરાવોને આ ખોજા કાફુરને માન આપવું પડતું તેથી તેઓને ઘણુંજ માઠું લાગતું હતું, તથા તેઓ તેની ઘણી અદેખાઇ કરતા હતા. દ્વેષભાવે સઘળા તેને

'હજાર દીનારી' કહેતા હતા, કેમકે અસલ તેને હજાર દીનાર આપીને વેચાતો લીધો હતો. તેનું ચલણ એટલું તો હતું કે કેટલાંએક કામ તે પોતે પાદશાહને પૂછ્યા વિના કરતો, અને આટલી તેની ચઢતી કળાથી તેના મનમાં એટલો તો લોભ ઉત્પન્ન થયો હતો કે પાદશાહના મુઆપછી પોતે તખ્ત ઉપર બેસવા સારૂ ઉમેદ રાખતો હતો. બલકે તે પોતાના સ્વાર્થ આગળ એટલો તો આંધળો થઈ ગયો હતો કે જેણે તેના ઉપર આટલા બધા ઉપકાર કીધા હતા તથા જેણે તેને ધુળમાંથી ઉઠાવી લઈને એક મેહેલમાં બેસાડયો હતો, તેનીજ તરફ અપકાર કરી તેના જીવતાં પણ પોતે તખ્તનશીન થવાને નિરંતર ઉદ્યોગ કર્યા કરતો હતો. **(કરણ ઘેલો)**

Para 28.

સર રૉબર્ટ પીલ.

એ ઉચ્ચ વર્ગના નરો મુખ્યત્વે કરીને રાજ્યનીતિ અને અક્ષર શાસ્ત્રની રણભૂમિમાં છાતીમેર મજુરી કરતા માલમ પડે છે. બીજા વિષયો-માં જેમ મહેનતથી, મહાવરાથી અને મનન કરવાથી યશ મેળવાય છે, તેમજ એ પ્રકરણમાં પણ મહેનત, મહાવરા અને મનનથી મોટું નામ મળી શકે છે. તેથી આપણો વડા પ્રધાન તેમજ આપણી રાજ્યસભાના અગ્રેસર સખ્ત મજુરી કરનાર માણસો જાણવા. પામર્સ્ટન એવોજ નર હતો; અને અને એવાજ આપણા ડાર્બી, રસેલ, ડીઝરાએલી અને ગ્લાડસ્ટન હાલ સુધી હતા. કારખાનામાં મજુરો પાસે દશ કલાકથી વધારે કામ કરાવવું નહિ, એવા ધારાઓનો લાભ આવા પુરૂષો લઈ શકે નહિ; પણ રાજ્યસભાઓમાં જ્યારે કામનો ભરાવો હોય છે, ત્યારે ઘણીએ વાર તેમને રાત્રિ દિવસ બેવડું કામ કરવું પડે છે. હાલના વખતમાં એ મહાન મજુરોમાં મહા-પ્રસિદ્ધ પુરૂષ સ્વર્ગવાસી સર રોબર્ટ પીલ થઈ ગયો એ નિર્વિવાદ વાત છે. પોતાના મગજને વિસામો આપ્યા વગર, અખંડ ઉદ્યોગમાં તે એટલી બધી વાર સુધી રોકતો કે આપણને નવાઇ લાગ્યા વિના રહે નહિ. એવો કઠણ શ્રમ કરવામાં તે પોતાના શરીરનો પણ વિચાર કરતો નહિ. તેની મન શકિત સાધારણ પ્રતિની હતી; પણ અથાગ ઉદ્યોગ અને નિરંતર આગ્રહ વડે એવા માણસ પણ કેવાં કેવાં પરાક્રમ કરી શકે છે તેનું જાણવાજોગ દૃષ્ટાંત એના જીવન-ચરિત્ર ઉપરથી આપણને મળે છે. રાજ્યસભામાં એણે ચાળીશ વરસ

ગુજાર્યાં, તેમાં એ રાક્ષસવત્ મહેનત કરતો. તે મન, કર્મ અને વાણીમાં એકવચની હતો; અને જે કામ કરવાને તે માથે લેતો, તે સાંગોપાંગ પુરૂં કર્યાં વિના રહેતો નહિ. જે બાબત ઉપર તકરાર ચાલતી હોય, તે ઉપૂર જેટજેટલું લખવામાં કે બોલવામાં આવ્યું હોય, તેનું તે કેટલી સંભાળથી મનન કરતો, તે તેના ભાષણોપરથી સિદ્ધ થાય છે. તે પોતાનું ભાષણ તૈયાર કરવામાં હદથી જાદે મજૂરી કરતો; અને જૂદી જૂદી સભાઓની શકિત અનુસાર પોતે વર્ત્તવાને કાંઈ કસર રાખતો નહિ. વળી, તે ઉપરાંત દુનિયાદારીનું વ્યવહારોપયોગી ઘણું ડહાપણ, હરકોઈ કામ કરવાને દૃઢ મન, અને ધારેલું કામ ધારેલી રીતે પાર મૂકવાને તનમનથી તે દૃઢ શકિત ધરાવતો હતો. એવા એવા ગુણો એનામાં બિરાજી રહેલા હતા; પણ એક વાતે તો એ ઘણા માણસોથી ચઢીઆતો હતો. તે એ કે જેમ જેમ જમાનો આગળ વધતો જતો, તેમ તેમ તેના સિધ્ધાંત અને વિચાર વિસ્તાર પામતા જતા; અને વૃદ્ધાવસ્થામાં બીજા કેટલાએકના વિચાર દેશ-કાળ પ્રમાણે વિશાળ ન થતાં સંકોચન પામતા જાય છે, તેમ સર રોબર્ટ પીલને ન થતાં તે તો એક મહાનુભાવ નીવડીને પરિપકવ થવા લાગ્યા. આખર સુધી તે નવા વિચાર ગ્રહણ કરવાને તત્પર રહેતો; ઘણાએક માણસો કહેતા કે હરકોઈ બાબત ઉપર એ પોતાના વિચાર બહાર પાડતાં બહુ સાવધ રહે છે; એ વાત ખરી લાગશે, કારણ કે એના જેવી ઉંચી સ્થિતિએ આવેલા ઘણા માણસો પોતાના ગયા ગુજરેલા જમાનાની એક અવાજે બેહદ તારીફ કરવા મંડીજાય છે, તેમ એ કદી પણ કરતો નહિ. ગયા કાળને સંભારીને તેના ખાલી વખાણ કરવાનો અને તેને માટે હાયવરાળા કરવાનો ઘણા માણસોને પક્ષપાત જેવો માનસિક વ્યાધિ થઈ આવે છે, અને તેથી વૃદ્ધાવસ્થામાં એવાં ઘણાં માણસો દુઃખી અને દયાને પાત્ર થાય છે, તેમાંથી એ મુકત હતો. **(જાત-મહેનત)**

Para 29.

બાળ વનરાજ—ભાગ ૧.

વનરાજ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેની મસ્તી વધારે નુકસાનકારી થતી ગઈ. આડોશીપાડોશીને પીડે, લોકનાં છોકરાંને મારે અને લડાઇઓ વહોરી લાવે. પોતે તોફાન કરે અને બીજા છોકરાને તોફાન કરતાં

શીખવે. બે ત્રણ શેરીના છોકરાને એકઠા કરી તેઓનો સરદાર બની બીજી શેરીઓના છોકરા જોડે મારામારી કરે. મારે ને માર ખાય. ઊંચે ઓટલેથી ભૂસકા મારે. લડાઈમાંથી નાસે કે ભૂસકા મારતાં કે ઝાડે ચડતાં ડરે તેને ઠોકે. ઝાડપર બેઠેલાં કે ઉડતાં પક્ષીઓપર ગલેલ ફેંકે. તળાવમાં તરવા પડે. પહેરેલાં લુગડાં રોજ ફાડે ને એટલાં મેલાં કરે કે દિવસમાં બેવાર બદલાવે તોએ ઊજળાં ન રહે. છોકરાને જોડે લઈ લોકોની વાડીઓમાં ઘૂસી ફૂલ વીણી લાવે, ફળ તોડી ખાય, ને ખેતરોમાંથી સાંઠા ઊખેડી ખાય. ઝલાય ત્યારે માર ખાય, પણ ઘેર આવીને તે વાત માને કહે નહિ. બોર, ગુંદા, કોઠ, રાયણ, જાંબુ ને બીજાં ફળ વાંસ કે પથરાવતી પાડી ખાય કે ઝાડપર ચડી તોડી પોતે ખાય ને નીચે ઊભેલા છોકરાને ખાવા ફેંકે. પડે આખડે વાગે તેથી તેનો જોમ નરમ પડે નહિ.

વનમાં રક્ષણ કરનાર ભીલરાજા મળવા આવ્યો તેની આગળ રૂપસુંદરી દુઃખ કરી કહેવા લાગ્યાં કે કુંવરની ઉન્મત્તાઈ જોઈ ઘણી ચિંતા થાય છે. ભીલ બોલ્યો તમને ફીકર લાગે છે પણ હું રાજી થાઉં છું. એવા લક્ષણના રાજકુમારની આ સમે ગુજરાતને ગરજ છે. મારી અરજ એ છે, કે હવે મહારાજને મારા જંગલી સંસ્થાનમાં વખતે વખતે લેઈ જઈ ધનુર્વિદ્યા, ભાલો ફેંકતા, તરવારથી પટો ફેરવતાં, ઢાલથી અંગ બચાવી લેતાં, અશ્વ વિદ્યાદિક યુદ્ધ કળામાં કુશળ કરવાની પરવાનગી દો. રાણી કહે ધન્ય છે તમને! ધન્ય છે તમારી રાજ્ય ભકિતને! તમારી સાહેતાથી હું ને કુંવર ઊગર્યાં છીએ. એ કુંવર તમારો છે, જોઈએ તો એને આજે તેડી જાઓ. પણ મને લાગે છે કે એકાદ વરસ પછી તમે કહો છો તેમ કરીએ તો કેમ? ભીલ કહે ના માજી, અત્યારથી આરંભ કરવો જોઇએ. રાણી કહે તો આપણે સાધુજીને પૂછીશું. એમ કહી બેઉ શીલગુણસુરી કને ગયા. સુરીએ ભીલ રાજાને ટેકો આપ્યો. ભીલ કહે વનુભાને ચડવાને સુંદર સોરઠી ઘોડી મેં આણી છે. સુરી કહે એક વેપારીએ કુંવરને માટે અરબી ઘોડો તથા શસ્ત્રો ભેટ મોકલ્યા છે, પણ તે બીના મેં કોઇને જણાવી નથી. તમે પણ આ વાત છાની રાખજો, ને રાનમાં છાના લઇ જજો અને કોઇ ન જાણે એમ મૂકી જજો.

Para 30.

બાળ વનરાજ—ભાગ ૨.

આ નાના શાગીર્દને શીખવવામાં ભીલ ઉસ્તાદને મુસ્કેલી પડી નહિ. યુદ્ધકળાના પાઠ વનુભાને સહેલા લાગ્યા. એ બાબતમાં રાજકુંવરને કુદરતે વિશેષ બુદ્ધિ બક્ષી હોય એમ જણાયું. ગુરૂશિષ્ય વચ્ચે થોડા માસમાં ઘણી માયા થઇ. વનરાજ વારે વારે વનમાં જતો તે વખતે મહિના બે મહિના ભીલોમાં રહેતો. બાળક, જુવાન, અને વૃધ્ધ, સ્ત્રી અને પુરૂષ સર્વેનો વનુભા માનીતો થયો. ભીલરાજાને ગુરૂજી કહી વનરાજ બોલાવતો, ને શિષ્યની ચતુરાઈ, ચપલતા, હિમ્મત અને ધીરજ જોઈ ગુરૂજી આનંદાશ્ચર્ય પામતા. તરેહ તરેહની રમતો ભીલોના છોકરા જોડે રમતો, દોડવાની, ઝાડે ચડી જવાની, તરવારની, તીરવતે નિશાન તાકવાની, વગેરે સરતો બકતો. લાકડીપટા અને કુસ્તીઓ કરતો. એને ખુશ કરવાને જાણી જોઇને હારવાની તેણે ભીલોને સખ્ત મના કરી હતી તેણે તેમને જણાવ્યું કે ખુશામતની ખાતર તમે એમ કરશો, પણ એથી મારૂં મન અને અંગ કસાશે નહિ, ને મારી બુદ્ધિ બગડશે, માઠી ટેવ પડશે, ઢીલો બની જઇશ. કસરતોમાં, ઘોડા દોડાવવામાં ને મૃગયા રમવામાં વખતે પડે આખડે ને વાગે તેની બાળરાજા દરકાર કરતો નહિ. આથી તેનું અંગ કઠણ થયું અને શરીરનો બાંધો બંધાયો; દેશના શત્રુ ઉપર શસ્ત્રોનો ઉપયોગ કરવાને તે આતુર થવા લાગ્યો; દુસ્મનને મારવાને તેના હાથ ચવળવા લાગ્યા. શીળગુણસુરી અને ભીલ રાજા તેને વારી શીખ દેતા કે ભાઈ હજી બાળક છો, પ્રગટ થવાનો સમય હજી આવ્યો નથી. તમારા શૂરવીર મામા સૂરપાળ વખત આવે પોતાની જોડે તેડી જશે ત્યારે યુદ્ધ કરવાના મનમાનતા પ્રસંગ મળશે ને પ્રભુજી જય આપશે. એ શીખામણ બાળરાજાને ભાવતી નહિ પણ માનવી પડતી. તથાપિ વખતે જોગ મળેથી તેમને પૂછ્યા વિના ઝંપલાવી દેતો.

(વનરાજ ચાવડો.)

Para 31.

મિસ ફ્લોરન્સ નાઇટિંગેલ–ભાગ ૧.

યુદ્ધના સમયમાં સ્ત્રીઓ યોદ્ધાઓની માવજત કરવાનું માથે લઈ શકે એવું કોઈપણ માની શકશે ? તોપણ એ કામ સ્ત્રીઓ હિંમતથી અને ઉદારવૃત્તિથી કરે છે. સાધારણ ઘરકામ કરનાર નોકરો જે વર્ગના લોકોમાંથી લેવામાં આવતા તેજ વર્ગના લોકોમાંથી બીમાર માણસોની સેવા કરવાને નોકરો રાખતા. જ્યારે મિસ નાઇટિંગેલે માદા અને ઘાયલ થયલાઓની બરદાસ કરવામાં ઉદારવૃત્તિથી ચિત્ત અર્પણ કરીને ઇતિહાસમાં કીર્તિસ્થાન પ્રાપ્ત કર્યું, ત્યારેજ લોકો સમજવા લાગ્યા કે માદાની માવજત કરવાનું કામ પણ શીખવા લાયક છે અને તેમાં બુદ્ધિ, મન, યોગ્યતા તેમજ ધર્મવૃત્તિ, સ્નેહભાવ, અને પ્રીતિની જરૂર પડે છે. મિસ નાઇટિંગેલ કહે છે કે "દરેક સ્ત્રી માદા માણસની સેવા કરનારી થઈ શકે છે એમ ઘણીવાર કહેવામાં તથા લખવામાં આવ્યું છે. પણ હું તો એમ ધારૂં છું કે માદા માણસોની માવજત કરવાના ગુણો બરોબર જાણવામાં આવ્યા નથી."

પણ એમ કેમ બન્યું કે તે માદાની સેવા કરવાના ધંધામાં મચી રહી ? તેનું કારણ માત્ર એટલુંજ કે તેનામાં પ્રેમ અને કર્ત્તવ્યની લાગણી હતી. આવા કસોટી કાઢનાર અને અપ્રિય ધંધામાં મંડયા રહેવાની તેને કશી જરૂર ન હતી. તે એક કળાવતી જુવાન સ્ત્રી હતી અને તેની પાસે પુષ્કળ દ્રવ્ય હતું. તે કુટુંબની સુખી, સર્વની માનીતી, અને એક સ્તુતિકારક મંડળના મધ્યબિંદુરૂપ હતી. જેથી તેનું સંસારવર્ત્તન અને ગૃહવર્ત્તન સુખકારક થઈ શકયું હોત તે દરેક વસ્તુની ઈશ્વરની તેનાપર કૃપા હતી. પણ એ બધા સુખના વિચારો તેણે પ્રતિજ્ઞાપૂર્વક તજી દીધા, અને જે માર્ગમાં દુઃખ અને શોક વેઠવાં પડે છે તેજ માર્ગ વધારે પસંદ કીધો. તેને હમેશ પોતાની જાતિ વિષે અતિશય પ્રેમભાવ હતો. તે શાળાઓમાં ઉપદેશ કરતી, દરિદ્રોને ઘેર જતી, અને જ્યારે તેઓ માદા પડે ત્યારે તેમનું પોષણ કરતી અને તેમની બરદાસ કરતી. હેમ્પશાયરમાં એમ્બ્લી નામના ઈંગ્લાંડના અપ્રસિદ્ધ સ્થાનમાં તે રહેતી હતી અને પોતાનો ઉદ્યમ કરતી હતી; પણ કોઈ પણ મનુષ્ય પ્રસિદ્ધ સ્થળના જેટલુંજ અપ્રસિદ્ધ સ્થળમાં પણ સત્કર્મ કરી શકે.

Para 32.

મિસ ફ્લોરન્સ નાઇટિંગેલ–ભાગ ૨.

દુનીઆના રંગભોગ તેની દ્રષ્ટિસમીપ હતા. તેની ઇચ્છામાં આવ્યું હોત તો જેવી રીતે બીજી જુવાન સ્ત્રીઓ શહેરમાં વર્ત્તે છે તેમજ તે પણ વર્ત્તી હોત. પણ તેના હૃદયે તેને બીજી તરફ પ્રેરી. કષ્ટ પામતા, દુ:ખમાં ગરક થયલા, અને પીડાથી અતિશય સપડાયલા પુરૂષોનાં દુ:ખમાં તેણે ભાગ લીધો. તેણે ઇસ્પિતાલો, બંદીખાનાં અને શોધકાલયોની મુલાકાત લીધી. જ્યારે અન્યપુરૂષો સ્વિટ્ઝર્લાંડમાં, સ્કોટલાંડમાં કે દરિયા કિનારે આનંદકારક ઉત્સવોમાં કાળક્ષેપ કરતા હતા, ત્યારે તે એક જર્મન રૂગ્ણોપચાર શાલામાં કે જર્મન ઇસ્પિતાલમાં રોકાઈ હતી. તેણે રોગીઓની માવજત કરવા બાબતનો મૂળથીજ અભ્યાસ કરવા માંડયો. પ્રથમ તો તે મેલ ધોઈ નાંખવા ને કચરો સાફ કરવાનાં જૂદાં જૂદાં સાધનોનો ઉપયોગ શીખી; ને ક્રમે ક્રમે તેણે રોગીઓની સેવા કરવાની કળા શીખવા માંડી. ત્રણ મહિના સુધી લાગલાગટ તેણે દહાડો ને રાત માંદાની પાસે બેસી તેની બરદાસ કરવી જારી રાખી, અને એ પ્રમાણે તેણે ઇસ્પિતાલમાં રોગીઓનાં સ્થાનને લગતી ફરજો અને મહેનત વિષે પુષ્કળ અનુભવ એકઠો કીધો.

તે કહે છે કે "શુદ્ધ હિંમત, સહનશીલતા, ધૈર્ય, સદ્બુદ્ધિ, શાંત-રીતે દુ:ખ વેઠવાની શક્તિ, આ ગુણો આ દેશના સાધારણમાં સાધારણ યોદ્ધાઓમાં પણ યુદ્ધમાં જેટલા જોવામાં આવે છે તેના કરતાં કઈ પ્રજામાં વધારે દેખાય છે? બીજા માણસો મરજીમાં આવે તેમ કહે, પણ મારો તો અભિપ્રાય એવો છે કે સઘળાં પ્રકારનાં તપ, ઉપવાસ, નમસ્કાર, અને અપરાધ સ્વીકાર કરવામાં જેટલો ખરો ધર્મ રહેલો છે તેનાં કરતાં જે મનુષ્ય પોતાનો વખત, શક્તિ, અને જરૂર પડે તો જીંદગી પણ કંઈ પણ પરકલ્યાણને માટે, રાજહિતને અર્થે, સ્વદેશહિતને અર્થે કે સ્વસૈન્યના હિતને અર્થે અર્પણ કરે છે તે પુરૂષ વધારે ખરેખરૂં ધર્મકૃત્ય કરે છે; અને અમે સ્વાર્થ તજી નુકસાન વેઠીએ છિયે એમ કહ્યા વગર આવી રીતે આત્માર્પણ કરવાની વૃત્તિ જેવી સાચી ઇંગ્લાંડમાં જોવામાં આવે છે તેવી બીજે કોઈ ઠેકાણે દેખાતી નથી."

(કર્ત્તવ્ય)

Para 33.

પ્રમાદધન.

પ્રમાદધનને શાળામાં વેઠીઆવાડથી અભ્યાસ કરેલો હતો; અને ઉમરમાં આવ્યે વિદ્યાવસ્થામાં પરતંત્રતા લાગવાથી, શાળામાં ન્હાનમ લાગવાથી, અભ્યાસ કંટાળા ભરેલા વૈતરા જેવો થવાથી, વિદ્યામાં નિર્ધન પુરૂષોની ઉપજીવિકાના સાધનપણા વગર બીજું ફલ ન દેખાવાથી, વિદ્યામાં બીજું કાંઈ પણ ફલ હોય તો તે ફલ ભણેલાઓને નોકર રાખી તેમની પાસેથી લઈ શકાશે એવી સમજ હોવાથી, વિદ્યાના ભંડારના નમુનામાં શાળાના માસ્તર નજર આગળ હતા તેને સઉ ખાલી માન આપતા પરંતુ રાજ્યકાર્યમાં તેમની સલાહ લેવાની પણ કદી કોઇને જરૂર લાગતી ન હતી તે જોવાની ટેવ હોવાથી, ઈંગ્રેજી વિદ્યામાં માત્ર સ્વભાષાનુંજ મહત્વ લાગવાથી, સંસ્કૃત ભાષા માત્ર શાસ્ત્રી પુરાણી જેવા પૂજનીય પણ ભિક્ષુક વર્ગનેજ ઉપયોગી તથા શોભાવાળી દેખાવાથી, ગણિત વિદ્યા, તત્વવિદ્યા, વેદાંત વગેરે તો નવરા માણસો, ઘરડાઓ, સંન્યાસીઓ, સાધન રહિત માણસો અને એવા બીજા માન આપવા યોગ્ય પણ ખરૂં જોતાં નકામા માણસોનેજ ઉપયોગી છે એવું લાગવાથી, પિતાના તરફથી સર્વ વિચારોનું બીજ મળેલું અને તે પોતાના આળસુ વિચારરૂપ જળથી વૃદ્ધિ પામેલું હોવાથી, પિતાનો અને પોતાનો મતભેદ પડે તે પણ પુત્ર ધર્મથી વિરૂદ્ધ છે એ રીતની આવા વિષયોમાં બુદ્ધિ રહેવાથી, આસપાસના મંડળની ખુશામત—અપ્રિય પણ સત્ય બોલનારની ખામી અને અનિષ્ટ પરિણામોના અનુભવનો પ્રસંગ ના આવેલો—એ સઉ કારણથી, પોતાની બુદ્ધિને સારૂ સામાન્ય રીતે સર્વને હોય છે તેમ પોતાનો ઉંચો અભિપ્રાય હોવાથી પ્રમાદધન પ્રમાદમાંજ રહેતો, સંપત્તિને અચળ ગણતો, કાળના પ્રવાહમાં આંખો મીંચી તણાયો જતો અને ધારતો કે હું પોતાના બળથી તરૂંછું. દરબારી કામમાંથી નવરો પડતાં, નવલ કથાઓ વાંચવામાં તથા મિત્રમંડળ વચ્ચે બેસી આત્મસ્તુતિ, પરનિન્દા, મનને નિર્મળ કરી નાંખે એવી કલ્પનાઓ, મરજી પડે ત્યાં ફરવું હરવું, ફાવે તે બોલવું, મનમાં ઊર્મિ ઉઠે તે પ્રમાણે વર્તવું, અને એવા એવા વ્યાપારોમાં અમાત્ય પુત્રનો કાળ જતો અને એવી રીતે વખત ગુમાવવાની જોગવાઈ તથા શક્તિ મળતી તેમાં પોતાનો ભાગ્યોદય તથા સંપત્તિનો સદ્ઉપયોગ માનતો. બીજી રીતે એનો સ્વભાવ શુશીલ, આનંદી અને સંતોષકારક હતો. (સરસ્વતીચંદ્ર.)

Para 34.

માનચતુર અને ધર્મલક્ષ્મી.

ડોસાડોસીના સ્વભાવમાં ઘણીક જાતનો ફેર હતો. છતાં તેમનો સંસાર નિર્માલ્ય ન હતો. ડોસો ન્હાનપણમાંથી બુદ્ધિવાળો હતો; અને કાંઇપણ કામમાં પડે તે તેને આવડી જતું; એટલુંજ નહી, પણ તેની સાથે જે કામ હાથમાં લે તે ત્વરાથી આટોપવા પર તેની દૃષ્ટિ રહેતી અને તે કરી દે તે સિવાય તેને જંપ વળે નહી. કામ કરવા બેસે તે પ્રસંગે ગમે તે હરકત આવે તેને દૂર કરતાં કદી આચકો ખાતો નહી; પછી તે હરકત કોઇના સ્વભાવની હો કે પોતાના સ્વભાવની હો, સ્વાર્થની હો કે પરમાર્થની હો–ડોસાને મન તો એટલીજ વાત કે તે હરકત દૂર કરી ધારેલો અર્થ સિદ્ધ કરવો. માણુસના સ્વભાવની હરકત આવે અને તે માણુસ પારકું હોય તો તેને સમજાવી, ફોસલાવી, ઉંધુંચતું સમજાવી, ને જરૂર પડે તો આશા ને ફાવે તો ત્રાસ આપી, તેના સ્વભાવને પોતાને વશ કેમ કરી દેવો તેનો અભ્યાસ માનચતુરે ન્હાનપણમાંથી કર્યો હતો. તે માણુસ પોતાનું હોય તો સીરજોરીથી કામ કરાવતો. પોતાના સ્વભાવની હરકત દૂર કરવાની હોય તો, અને ધારેલું કામ કરવા જતાં ખરેખરી ન જ ગમે એવી વસ્તુ કરવી પડે તો, તેમ કરતાં જરી પણ અચકાતો નહી, અને મ્હાવત હાથીના કુંભસ્થળપર અંકુશ વાપરે તેમ પોતાના મર્મસ્થળમાં પેંશી તેને પ્રસંગવશ કરી નાંખે એવી અર્થાનુસારી બુદ્ધિ રચી દેતો અને અણગમતી વાત કરવી પડે તે અણગમાના બદલામાં ધારેલો અર્થ ઝટ પાર પાડવામાં પુરૂષાર્થ અને યશ માનતો. એ કાંઈ જાતે નાસ્તિક અને અનીતિને રસ્તે ચ્હડેલો ન હતો અને કામમાં હરકત ન થાય ત્યાં સુધી ધર્મ અને નીતિ ઉભય સાચવતો, પણ પોતે આવો દૃઢ અને બળવાન સ્વભાવનો માણુસ હોવાથી પ્રસંગ પડયે એ કશાને ગાંઠતો નહી એમાં કાંઈ નવાઈ ન હતી. ધર્મ ઉપર અત્યંત આસ્થાવાળી અને વૃદ્ધાચાર તથા લોકાચારના હવાપાણીમાં જન્મથી વસવા પામેલી ધર્મલક્ષ્મી ઉઠે ત્યાંથી સુતા સુધી ડગલે ડગલે ધર્મના નિયમ જાળવતી અને ધર્માચારના પ્રશ્નોનું નિરાકરણ કરતાં શાસ્ત્રીઓને પ્રવીણતા વાપરવી પડે તેટલીજ પ્રવીણતા અને શ્રમ લોકાચારનો નિર્ણય કરવામાં વાપરતી. ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓ લોકાચારના પ્રશ્ન લઈ ધર્મલક્ષ્મી પાસે આવતી; તેમને ઉત્તર દેતી વખત ડોશી જુના કાળનાં કંઈ કંઈ દૃષ્ટાંત ક્‌હાડતી, કંઇ કંઈ પાનાં જીભપર ઉથલાવતી, કંઈ કંઈ નિયમ

શોધી ક્‌હાડતી, અને સામાના મનમાં બેસી જાય એવા કંઇ કંઈ માર્ગ દેખાડી આપતી હતી. માનચતુર આ સઉ જોઈ ખુશી થતો, નવા નવા પ્રશ્ન ઉઠાવવામાં અને ડોશીની ચતુરાઈ કસી જોવામાં ગમ્મત માનતો, અને 'વૈરક શાસ્ત્ર'ની શાસ્ત્રિણીની નાતમાં પ્રતિષ્ઠા જોઈ જરીક ગર્વ પામતો. નાતમાં કંઇ પ્રશ્ન ઉઠે એટલે સઉ કોઈ એમ ક્‌હેતું કે "જાવ, ધર્મલક્ષ્મી એનો માર્ગ બતાવશે." આવી સ્ત્રીના વ્હેમ હદ કરતાં વધારે થાય, ન્હાની ન્હાની બાબતમાં અંટીવાળે આવે, અને મ્હોટી બાબતોમાં પણ પ્રસંગે પત્થરની ભીંત રસ્તા વચ્ચે ચણી લીધી હોય તેમ આડે આવીને ઉભા રહે એ સ્વાભાવિક હતું. આ સ્વભાવથી હરકત ન થાય ત્યાં સુધી તો માનચતુરને ગમતું, પણ હરકત થાય ત્યારે એ હરકત દૂર કરવા તત્પર થતો. ઘણું ખરૂં મશ્કરીઓ કરી કરી, કેટલીક વખત આજ્ઞા કરી, કેટલીક વખત સમજાવી, કેટલીક વખત સ્વામી નાખુશ થશે એમ જાતેજ સમજીને સ્ત્રી ચાલે એવી વગર બોલ્યે યુક્તિઓ કરી, કોઈ વખતતો મિજાસ ખોઈ વિવાહનું વર્ષી કરી મુકી, અને એવી અનેક પણ ગમે તેવી રીતથી માનચતુર ધર્મલક્ષ્મી ભણીની સર્વ હરકતો ખંખેરી નાંખતો.

(સરસ્વતીચંદ્ર.)

Para 35.

થોડાબોલા સ્પાર્ટનો.

ઓછું પણ અર્થ ગૌરવવાળું અને ગર્ભિત કેમ બોલવું, અને હાસ્ય કટાક્ષાદિ કેમ વાપરવા તથા તેનો ઉત્તર કેમ વાળવો, એ પણ કિશોરોને શીખવાતું. આપણે જોઈ ગયાં કે લાઇકર્ગસે પોતાના સિક્કાઓ લોઢાંના ભારે કટકાઓના, પણ જુજ કિંમતના રાખ્યા હતા. પણ એથી ઉલટું, વાણીની કિંમત, જેમ બને તેમ ઓછા બોલવામાં જેમ વધારે અર્થગાંભીર્ય સમાવાય તેમ વધારે અંકાતી. અને એનો ઉદ્દેશ એવો હતો કે સ્પાર્ટનો લાંબા વખત સુધી મૌન ધારી રહે. પણ જ્યારે જ્યારે તેઓ ઉચ્ચાર કરે ત્યારે ત્યારે તેમના મુખમાંથી વેધક અને સ્મરણીય વચનોજ નીસરે. ઈંદ્રિયોના અત્યાચારથી જેમ શરીર નિસ્તેજ અને વંધ્ય બને છે તેમ વાચાલ માણસોની વાતચીત નીરસ અને સત્વહીન થઈ જાય છે. એકવાર કોઈ એથન્સવાસી

સ્પાર્ટાની ટૂંકી તરવારો જોઈને હસ્યો હશે કે ‘ રંગભૂમિ ઉપર અમારા જાદૂગરો આ તરવારોને તો ચપટીમાં ગળી જાય.’ ત્યારે એગીસ રાજાએ તેને જવાબ દીધો કે “એજ તરવારો વડે અમે અમારા દુશ્મનોનાં હૃદય વીંધી શકીએ છીએ.” મને તો નિઃસંશય લાગે છે કે આ અલ્પોચ્ચારની કરામતમાં લક્ષ્ય વિષયનું તુરત અનુસંધાન કરવાનો અને શ્રોતાના મનમાં સચોટ ઠસી જવાનો મોટો ગુણ છે. લાઈકર્ગસની પોતાની કેટલીક ઉક્તિઓ એ ગુણોના નમૂના છે. કોઇએ એને સલાહ આપી કે રાજ્યબંધારણમાં સર્વના હક્ક—અધિકાર સરખા જોઇએ, ત્યારે તે બોલ્યો કે “તમારા પોતાના કુટુંબમાંજ એવી સંસ્થા અજમાવી જુવો.” કોઇએ એને પૂછ્યું કે “ દેવ આગળ ઉપહાર આદિ ધરવા માટે આવી હલકી અને જૂજ કિંમતનીજ ચીજો શા માટે રાખો છો ?” તેનો એણે જવાબ દીધો કે “સૌથી સર્વદા દેવને ઉપહાર કરી શકાય એટલા માટે.” ......આવા બીજા કેટલાક જવાબો એણે પોતાના દેશીઓ ઉપર લખેલા કાગળોમાં આપેલા કહેવાય છે; જેવા કે; “દુશ્મનોના હલ્લાથી બચવાનો ઉત્તમ ઉપાય કયો ?” “તમારા પોતામાં અન્યોન્ય ઇર્ષ્યા ન કરવી અને નિર્ધન રહેવું.” “સ્પાર્ટાની આસપાસ કોટ ચણવો કે કેમ ?” “જે નગરનો કોટ ઇંટોનો નહીં પણ માણસોનો બનેલો છે તે સુરક્ષિત છે.” આ કાગળો ખરેખર એના લખેલા હતા કે નહીં તે સહેલથી નક્કી કરાતું નથી. પરંતુ સ્પાર્ટના લાંબા વાગ્જાળોને ધિક્કારતા એના પુરાવામાં નીચે બીજા ટુચકાઓ પણ ઉતારૂં છું. લિયોનિડસ રાજાએ એક માણસ કંઈ અગત્યના વિષયની ચર્ચા અયોગ્ય વખતે કરતો હતો, ત્યારે તેને કહ્યું “ભાઈ જે વિષયજ અત્યારે ઉચિત નથી તે સંબંધ તમારે આટલું બધું ઉચિત ન બોલવું જોઇએ.” લાઈકર્ગસના ભત્રીજા કેરિલૌસે “તમારા કાકાએ આટલા થોડા કાયદા કેમ કર્યા ?” એ સવાલનો જવાબ દીધેલો કે “થોડાબોલા લોકને થોડાકજ કાયદા જોઈએ.” સોફિસ્ટ વક્તા હીકેટીઅસ એક જાહેર ખાણામાં સામેલ હતો તે દરમિયાન બિલકુલ બોલ્યો નહીં. તેની કેટલાક લોક ટીકા કરતા હતા ત્યારે એક સ્પાર્ટને તેમને કહ્યું “ જે કેમ બોલવું એ જાણે તે ક્યારે બોલવું એ પણ જાણે. ”

ગંભીર અને સભ્ય અલ્પોક્તિ ઉપર તેમને જે રતિ હતી તે કરતાં કવિતા અને ગાન ઉપર કાંઈ ઓછી ન હતી. તેમની ગીતિઓમાં આત્માને જાગૃત કરે અને તેને ઉત્સાહથી પ્રવૃત્તિમાં પ્રેરે એવો આવેશ હતો. એ

ગીતિઓની ભાષા સાદી અને મરદાની હતી; તેમના વિષય ગંભીર અને નીતિબોધક હતા. ઘણી ખરી ગીતિઓ સ્પાર્ટા માટે પ્રાણ સમર્પણ કરનાર મહાપુરૂષોની સ્તુતિની અગર એવી ઉજ્જ્વલ તક જતી કરી દેશ સેવામાં મોત કરતાં સંતાપ અને નિંદાનું પણ જીવન વધારે પસંદ કરનારા કાપુરૂષોના ધિક્કારની હતી. વળી તેમાં જુદીજુદી વયે કીર્ત્તિલોભના જે ભિન્નભિન્ન રૂપ માણસોને આકર્ષે તેનાં આબેહૂબ ચિત્રો હતાં.

(પ્લૂટાર્કના જીવનચરિતો)

Para 36.

વલ્લભિ પ્રજાની અધોગતિ.

ગુર્જર સેના સિંધમાં થઈ થરપારકરમાં ઉતરી, અને રણને માર્ગે વાયવ્યકોણથી વલ્લભિરાજ્યમાં પેઠી. પરદેશી શત્રુ દેશ ચાંપે છે એવી ખબર જાસુસો લાવ્યા ત્યારે વલ્લભિપુરપતિ અને તેના કારભારીઓ ચમક્યા, ને ભયભીત થયા. માઠા સમાચાર સાંભળી રાજા રડવા લાગ્યો. તેનામાં પુરૂષાર્થ નહતું. તરવાર બાંધતો અને તીરકામઠાં રાખતો, પણ તે માત્ર જોવાનાં હતાં. શોભાને માટે હથીઆર રાખતો, તે વાપરવાનું તેનામાં બળ, કળા, ને હિંમત નહતાં. અફીણ ખાઈ, કસુંબા અને દારૂ પી, કેફમાં ચકચૂર રહેતો. સ્વભાવે કમઅક્કલનો, મંદ અને નિશાથી, ભણેલો નહિ તેથી, રંગમહેલમાં બાયડીઓમાં, અને ગોલા ખવાસ–લોકમાં બેસી રહેવાથી બાયલો થઇ ગયેલો મૂર્ખ રાજા આ સંકટને સમયે પોતાની રૈયતનું અને ગાદીનું રક્ષણ કરવાને અસમર્થ હતો. ભાયાત ઠાકોરો પણ એજ હાલતમાં હતા. રજપૂતો લશ્કરી કામ છોડી કસુંબા પીવામાં અને ગાંજો કે તમાકુ ભરી હોકા તાણવામાં મચ્યા રહેતા; તેમનું કામ પૂરબીઆ, મકરાણી, અરબ, પઠાણ, પંજાબી વગેરે પરદેશી સિપાઇઓ કરતા. દરબારમાં ચોકી પહેરા કરવા, કિલ્લાની સંભાળ લેવી, રાજ્યભંડાર સાચવવો, ધાડ પાડનારાની ને વાટે ઘાટે લૂંટનારાની પાછળ દોડ કરવી, તથા સિપાઇગીરીનાં બીજાં કામ જાગીર અને ગીરાસ ખાનારા ગરાસીઆએ કરવાં જોઇએ તે સર્વે આ વેળા ભાડુતીઆ સિપાઈ કરતા. લડી ન શકે એવા ખેડુત, વેપારી, વગેરેને દાવ ફાવે તો ગરાસીઆ લૂંટે; પણ રૈયતનો બચાવ કરવાની શક્તિ તેઓમાંથી ગઈ હતી. બારવટે નીકળે, અને ચોરીઓ કરે, કે રાવણામાં અને ખવાસોમાં

બેસી કસુંબા પીવા એ તેમનું કામ અને પરાક્રમ હતાં. દેવાદાર થઈ ગયેલા, પોતાના રાજ્યની અને તાલુકાની ઉપજનીપજ અને ખરચ ખુંટણુનો હિસાબ જાણે નહિ, અને સમજે નહિ. દીકરા દીકરી પરણાવવામાં જૂઠી મોટાઇ કરી પુષ્કળ નાણા ખરચે અને ખરચાવે તેથી, અને બીજા અનીતિના ખરચથી નિર્ધન થઈ ગયા હતા. સંપ અને લક્ષ્મી બંને તેમનાથી રીસાઈ ગયાં હતાં, ને વિદ્યા પરદેશમાં જઈ વસી હતી. કારભારીઓ તેમને છેતરી તેમનું દ્રવ્ય હરણ કરી પોતાનાં ઘર ભરતા, અને રૈયતને પીડતા. દરબારમાં કુસંપ, ભાઈ ભાઇને વિખ દે, દીકરો બાપને દે, સર્વને ઝેરની ધાસ્તી, ને એક એકનો વિશ્વાસ નહિ. રાણીને કુંવર અવતર્યો કે રાજાને ઝેર દઇ પંડે રાજ્યમાતા થઈ કુંવરને નામે રાજ કરવા તાકે. રાજા રાણા ઠાકોરાદિ ઠગારા વૈદ્યોના ઓષડ ખાઈ વિષયી અને પછી નિર્માલ્ય થાય તેથી સંતાન થાય નહિ. ગર્ભ છે એવું જૂઠું બહાનું કાઢી રાણીઓ ગાંયજા, કુંભાર, ચમારાદિક નીચ વર્ણના છોકરાને વેચાતા લે, પછી એ રાજા અને ઠાકોર થાય ત્યારે રાજપુત્રના કર્મ કેમ કરી શકે? ક્ષત્રીના લોહી જેનામાં હોય તેઓ બહાદુર અને ચતુર, મોટા મનના અને ઉદાર વિચારના હોય, પણ હજામના છોકરાની બુદ્ધિ ઘણું કરીને હજામના જેવી અને કુંભારનાની કુંભારના જેવી હોય. જમાઈ થવાને ભારે રકમ માંગે તેથી ઉંચ દરબારોની કન્યા મોટી ઉમરની મહેલમાં કુંવારી સડયા કરે, અને મસ નાણાની લાંચ લેઈ રાજા નીચ કુળની કન્યા વરે. ભાટ અને કવિઓ જૂઠાં વખાણ કરે તેથી ફૂલાઈ છેતરાય.

એવા અધમ થઈ ગએલા વલ્લભિ રાજાના ગરાસીઆ શૂરા અને સંપીલા ગૂર્જરો જોડે શું ધૂળ વઢી શકે ? તેઓના આવ્યાની ખબર ફેલાતાં આખા રાજ્યમાં નાસાનાસ ને ગભરાટ થઈ ગયો. લોક પોતપોતાની માલમતા ભોંયમાં દાટવા લાગ્યા; ગામડાની રૈયત કોટબંધ નગરોમાં જઈ ભરાઈ. તાલુકદાર ઠાકોરો, જમીનદારો અને ગરાસીઆ ભયભિત થઈ ધ્રુજવા અને સંતાવા લાગ્યા. કેટલાક પોતાના ગામ છોડી, કેટલાક દેશ અને ક્ષત્રી ધર્મ કર્મ ત્યજી નિર્લજ થઈ પરરાજ્યમાં જતા રહ્યા. જેઓમાં કાંઇક ક્ષત્રીનો અંશ રહ્યો હતો તેઓ હથીઆર બાંધી વલ્લભિપુરમાં આવ્યા. ગુર્જરસેના ઉતાવળી રાજ્યધાની ભણી ચાલી આવી. એ વખતે રજપૂતાણીઓએ વખાણવા જોગ હિમ્મત દેખાડી. તેમના જેટલી હામ ગરાસીઆમાં હોત તો રાજ્ય જીતવું કનકસેનને કઠણ પડત. **(વનરાજ ચાવડો).**

Para 37.

અરાડમા સૈકામાં ફ્રાન્સની ધાર્મિક સ્થિતિ.-ભાગ ૧

૧૪મા લુઈના મોત પછી તરતજ જ્યારે બે પક્ષ વચ્ચે વિરોધ થયો ત્યારે તેમની સ્થિતિ આવી હતી. એક તરફ અસંખ્ય અને અતિબળવાન્ ધર્મોપદેશકો હતા, તેમની સત્તા સેંકડો વરસ થયા વધતી હતી અને તેમને રાજા તરફથી આશ્રય હતો. બીજી તરફ થોડા વિદ્વાન હતા, તેમની પાસે દ્રવ્ય ન હતું, અને તેમની પદવી પણ મોટી ન હતી. હજીસૂધી તેમણે કીર્તિ પણ મેળવી ન હતી. પરંતુ તેઓ સ્વતંત્રતા પ્રત્યે પ્રેમ ભાવથી ઉશ્કેરાયલા હતા અને તેમને પોતાના બુદ્ધ પ્રભાવપર ભરોસો હતો. કમનસીબે તેઓએ આરંભમાંજ મોટી ભૂલ કરી. ધર્મોપદેશક પર ટીકા કરતાં ધર્મ માટે પણ તેમની પૂજ્ય બુદ્ધિ જતી રહી. ધર્મોપદેશકવર્ગની સત્તા ઓછી કરવાના નિશ્ચયથી તેઓએ ખ્રિસ્તિ ધર્મનો પાયો નબળો પાડવાનો પ્રયાસ કર્યો. આ ઘણું શોચનીય છે; કેમકે એથી ઘણા અનિષ્ટ પરિણામ નીપજ્યાં. પરંતુ એમાં તેમનો દોષ નથી. તેમને એમ કર્યા વિના છૂટકો ન હતો. તે સમયે ધર્મોપદેશકવર્ગથી કેટલી બધી હાની થતી હતી તે તેઓ નજરે દેખતા હતા, અને ખ્રિસ્તિ ધર્મ જાળવી રાખવા માટે એ વર્ગ છે તેવોને તેવો જારી રાખવો જરૂરનો છે એમ તેમને કહેવામાં આવ્યું. ધર્મ અને ધર્મોપદેશકનાં હિત એકજ છે એમ તેમને હમેશ બોધ મળ્યો હતો, તેથી ધર્મોપદેશકની સામા થયા ત્યારે ધર્મની પણ સામા થયા વિના તેઓથી કેમ રહેવાય? હાલ વિદ્વાન લોકો બીજા ધોરણથી જોઇ શકેછે. તેઓ એવી ભૂલ કરશે નહિ; કેમકે તેઓ જાણે છે કે કોઇપણ પ્રકારના ઉપદેશકવર્ગ અને ધર્મહિત વચ્ચે કંઈ સંબંધ નથી. ધર્મોપદેશકવર્ગે પ્રજાનું હિત સંભાળવાનું છે, કંઈ પ્રજાએ ધર્મોપદેશકવર્ગનું હિત સંભાળવાનું નથી. જ્યાંસૂધી ધર્મોપદેશકો પોતાના ધંધાના ઉપકારનાં કામ બરોબર કર્યા જાય, પ્રજાનાં શારીરિક અને માનસિક દુઃખ ઓછા કરવાનો પ્રયાસ કર્યા કરે, અને મનમાં શાંતિ અને દયાભાવ ઉત્પન્ન કરે, ત્યાં સૂધી તેઓ પૂજ્ય છે. પણ જો તેઓ સાંસારિક વર્ગના હક્કપર પગ મૂકવા માંડે, અને રાજ્યકીય બાબતમાં માથું મારે, તો પ્રજા તેમની સત્તા ઓછી કરવા નીકળે તેમાં શી નવાઈ! પણ ધર્મોપદેશકવર્ગ માત્ર ધર્મનું બાહ્ય સ્વરૂપ છે, તેથી ઉપદેશકવર્ગમાં દૂષણ હોય તો ધર્મપર ટીકા કરવી અને તેનો સમૂળ નાશ કરવા પ્રયત્ન કરવો એ

યોગ્ય નથી. હવે વિદ્વાનો આ પ્રમાણે વિચાર કરે છે. ધર્મોપદેશકવર્ગ માટે કેવો વિચાર બાંધવો એ તેમની યોગ્યતા પર આધાર રાખે છે, તેથી કાંઇ ધર્મની યોગ્યતાના વિચાર પર કાંઈ અસર થતી નથી.

Para 38.

અઢારમા સૈકામાં ફ્રાન્સની ધાર્મિક સ્થિતિ—ભાગ ૨

પણ ફ્રાન્સમાં લોકો એ બાબતો વિષે જુદીજ રીતે વિચાર કરતા હતા. ત્યાંના રાજ્યમંત્રીઓએ ધર્મોપદેશકવર્ગને ઘણી છૂટ આપી હતી, તેઓ દેવતાઈ પુરૂષ હોય એમ તેમની સાથે વર્તતા હતા, અને એમના પર કોઈ ટીકા કરે કે તેમની નિંદા કરે તેમને નાસ્તિક ગણતા હતા, તેથી પ્રજાના મનમાં તેમના હિત અને ખ્રિસ્તિ ધર્મના હિત વચ્ચે ગાઢ સંબંધ છે એવો વિચાર દાખલ થયો હતો. પરિણામ એ થયું કે જ્યારે પ્રજા અને ધર્મોપદેશકવર્ગ વચ્ચે વિરોધ થયો ત્યારે ધર્મ અને ઉપદેશકવર્ગ, બન્નેના પર સરખા ઉદ્યોગથી હુમલો કરવામાં આવ્યો. આ પ્રમાણે વિચાર કરશું તો માલમ પડશે કે, ફ્રાન્સમાં અઢારમા સૈકામાં ગ્રંથકારોએ ખ્રિસ્તિ ધર્મ ઉપર ટીકા કરી તેમાં કાંઈ તેમનો દોષ નથી. એ તેમના જમાનાના વિચારોનું સ્વાભાવિક પરિણામ હતું. એથી માત્ર આજ નિયમ સિદ્ધ થાય છે કે જો રાજયાધિકારીઓ ધર્મના વિષયમાં પ્રજાને સ્વતંત્ર વિચાર અને સંશોધન કરવા દેશે, તો તેના પરિણામ હિતકારક થશે અને પ્રજાની જ્ઞાનવૃદ્ધિ જલદી થશે; પણ જો તેઓ સ્વતંત્ર સંશોધન સખતાઈથી અટકાવશે તો તેથી થોડો વખત અટકાવ થશે, પરંતુ પાછળથી વધારે જુસ્સાથી સંશોધન થશે અને પરિણામ અનિષ્ટ થશે. ઇંગ્લંડના રાજ્યતંત્રીઓએ પ્રજાને ધર્મના વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા દીધું, તેથી તેણે વહેમી અને શ્રદ્ધાયુક્ત વિચારો ઓછા કરી ધર્મોપદેશકવર્ગની સત્તા ઓછી કરી, અને વિરૂદ્ધ ધર્મમતવાળા તરફ ક્ષમાભાવ દર્શાવ્યો. આ કારણોથી ત્યાં પ્રજાના ઉદય અને વૃદ્ધિમાં કંઇ વિક્ષેપ પડ્યો નહિ. પણ ફ્રાન્સમાં વહેમી રાજાઓએ ધર્મોપદેશકવર્ગની સત્તા ઘણી વધારી દીધી, લોકોને એક શબ્દ પણ વિરૂદ્ધ ઉચરવા દીધો નહિ; અને સંશયવૃત્તિ છેક દાબી દીધી. જો ૧૪ મા લુઇએ પ્રજાની વૃદ્ધિમાં વિક્ષેપ ન નાંખ્યો હત, તો ઇંગ્લાંડની માફક ફ્રાન્સમાં પ્રજાની વૃદ્ધિ સ્વાભાવિક રીતે થાત. એના

મરણ પછી દેશના સર્વ બુદ્ધિમાન્ પુરૂષો ધર્મોપદેશકવર્ગની વિરૂધ્ધ થયા, તેથી ધર્મોપદેશકોને હવે બચાવી શકાય એમ રહ્યું નહિ. પણ ૧૫મા લુઇએ સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હત, કાયદાના બળથી લોકોને સ્વતંત્ર અભિપ્રાય દર્શાવતા દાબી દેવાને બદલે પ્રજા સ્વતંત્ર રીતે પોતાના વિચારો દર્શાવી શકે એવો કાયદામાં ફેરફાર કર્યો હત, રાજયકર્તાઓએ પ્રજાના સાહિત્યને દબાવી દેવાને બદલે વિદ્વાનોની સૂચના પર ધ્યાન આપ્યું હત, તો પ્રજાનાં ઉશ્કેરાયલાં મન શાંત થાત અને રાજયપરિવર્તનનાં નાશકારક પરિણામ અટકત. આથી ધર્મોપદેશક વર્ગનો નાશ વહેલો મોડો થાત, પણ રાજયતંત્રીઓનો નાશ થતો અટકત, અનેફ્રેંચ લોકો ઘોર નાશ કર્યા વિના સ્વતંત્રતા મેળવી શકત.

(ઇંગ્લાંડની ઉન્નતિનો ઈતિહાસ.)

Para 39.

રજપુત રાજ્યના નાશ પછી ગુજરાતની અવસ્થા.

વાંચનારાઓ ! આ કરણના શબ ઉપર થોડાં થોડાં આંસુ પાડો. તેના મોત પછી ગુજરાત રંડાયું; તે પારકા દેશના મ્લેચ્છ લોકના હાથમાં ગયું; તેના ઉપર પરદેશી જંગલી લોકોનો જુલમ પડવા લાગ્યો. મહમદ બેગડા અને એવા બીજા અમદાવાદના પાદશાહોએ તેની ઘણી ખરાબી કીધી. મરેઠા લોકોએ તેના ઉપર અતિશય લુંટફાટ કીધી. દેશમાં નાના ખંડીઆ રાજાઓ થઇ ગયા, અને એ પ્રમાણે ગુજરાતની છેક દુર્દશા થઇ. ગુજરાતનું સ્વતંત્ર રજપુત રાજ્ય આ પ્રમાણે લય પામ્યું; ગુજરાતના મહિમાનો વખત પુરો થયો, તેની ઠેકાણે ઠેકાણે ભાંગી તુટી નીશાની માત્ર રહી ગઈ છે. હજી સિદ્ધપુરની રૂદ્રમાળા, પાટણનું સહસ્રલિંગ તળાવ, અને બીજી ઇમારતો એ ગયેલા દહાડાની સાક્ષી પુરે છે; તથા રજપુતોની એકવાર થયેલી ચઢતી કળા દેખાડી આપે છે. પણ એ વાત બન્યાને આજ લાંબી મુદ્દત થઈ ગઇ છે. કરણ વાઘેલાના મોત પછી સાડી પાંચસે વર્ષ વહી ગયાં છે. તે વખતના અને હમણાંના ગુજરાતમાં ઘણો ફેર પડી ગયો છે. તે રજપુતો, તે મુસલમાનો અને તે મરેઠાઓ ક્યાં ગયા ? તેઓની હમણાંની અવસ્થા જુઓ. હમણાંના એદી, અફીણી, નિર્બળ અને અક્કલહીન રજપુતો તે વખતના શૂરા, જોરાવર ને બુદ્ધિમાન રજપુતોના વંશના છે એમ કોણ માનશે ?

હમણાંના ભુખે મરતા, અશક્ત, અજ્ઞાન મુસલમાનો તે વખતના મુસલમાનોની ઓલાદના છે એ માનવું પણ કઠણ પડશે નહી? અને મરેઠાઓનું પણ નામજ રહી ગયું છે; ભાટ, ચારણ અને બીજા રાજ્ય દરબારને લગતા લોકો પણ પહાડ અને જંગલમાં ભટકતાં માલમ પડે છે. અંગ્રેજના એક છત્ર નીચે સઘળું ગુજરાત હમણાં આવી રહ્યું છે, અને પરમ કૃપાળુ ઈશ્વિરની ઈચ્છાથી એ પરદેશી લોકોના હાથ નીચે આ પ્રાંત પાછો મોટો થશે; પાછો કોઈ જુદીજ રીતનું નામ કહાડશે; અને વિદ્યા, કળા અને સુધારો સઘળે પથરાઈને આ રળીઆમણો પ્રાંત ઈશ્વિરની વાડી, લક્ષ્મીનું ધામ, તથા સદ્ગુણનું સ્થાન થઈ પડશે. આમીન ! અસ્તુ ! !

(કરણઘેલો.)

Para 40.

અવ્યવસ્થિત ગૃહનું ચિત્ર.

ગુણસુંદરી સુવાવડમાં સ્વાભાવિક રીતે ખાટલાવશ રહી. સઉએ પોતપોતાનું કામ તે વખતમાં ઉપાડી લીધું અને બે ચાર દિવસ તો કામ સારી રીતે ચાલ્યું પણ ધીમે ધીમે ગૃહયંત્રના સર્વ ચક્ર શિથિલ પડયાં અને એ યંત્રની સંભાળ રાખનારીની ખોટ અને કીમ્મત જણાવા લાગી. પ્રથમ તો ઘરના સર્વ માણસને પોતપોતાની બાબતમાં જરી જરી અગવડ લાગવા માંડી. માનચતુરની સરભરા ઓછી થઈ, કારણ સરભરા કરનારને કામમાં ગુંથાવું પડયું; એટલુંજ નહી પણ એ સરભરા પર દેખરેખ રાખનારી સુવાવડમાં પડી અને તેની ચતુરાઈ, ધીરજ, મ્હોંની મીઠાસ અને અંતરનું વ્હાલ, વગેરે દેખાડનાર કોઈ રહ્યું નહી અને ડોસો અકળાવા લાગ્યો. ઘરનાં કામમાં વાદ થવા લાગ્યો અને સુવાવડીની પણ સંભાળ એવીજ રૂહેતી. ધર્મલક્ષ્મીથી હેરોફેરો થતો નહી અને જરી જરી હેરોફેરો ગુણસુંદરી સારૂં કરતી, પરંતુ પોતાની દેવસેવામાં હરકત પડવાથી એ હેરોફેરો કોઈ વખત થતો નહી; અને સૌનું કામ તે કોઇનું નહી એમ થતાં સુવાવડીનું ખાવાપીવાનું પણ મોડું વ્હેલું થતું એટલુંજ નહી પણ તેના બાળકની પણ સંભાળ લેવાતી નહી. એક પ્રસંગ એવો બન્યો કે માનચતુરનું ઐાષધ બપોર થતાં સુધી કોઇએ તૈયાર કર્યું નહી, જમવાની વખત તો થાય શાની, અને ડોસો આકળો થઈને લાકડી લઈ છાનોમાનો

ઘરમાં સર્વે શું કરે છે તે જોવા લાગ્યો. પ્રથમ તો વિદ્યાચતુરની મેડીએ ચ્હડયો. વિદ્યાચતુર પોતે બ્હારથી આવેલો પણ ભુખ લાગવાથી પલંગમાં સુઈ રહ્યો હતો અને ઉંઘી ગયો હતો. તેના પલંગપર માકણની હાર હતી, ચાદર મેલી થઈ ગઈ હતી, અને મેડીમાં વાસીદાનો કચરો એકઠો થયેલો. સઉને ગાળો દેતો દેતો ડોસો નીચે ઉતર્યો અને રસોડે ગયો તો દુઃખબા રસોઈ કરવા ન્હાઈ હતી અને સૌ તૈયાર જેવું હતું પણ શાક સમાર્યા વિના પડી રહેલું અને સામું જોઈ દુઃખબા પણ બેસી રહેલી. ડોસો વધારે ક્રોધમાં આવી ત્યાંથી ચાલ્યો અને પરસાળ ભણી ગયો તો ત્યાંની મેડીમાંથી ગાનચતુરનું ગાયન સંભળાયું અને નીચે ચંડિકા હીંચકાપર સુતી હતી તેની સાથે હાથમાં સાવરણી લઈ ચંચળ વાતો કરતી હતી તે બેમાંથી કોઈએ વાતના રસમાં ડોસાને દીઠો નહી. ગજારભણી જાય છે તો સુન્દર બિચારી એકલી ઘડીમાં સુવાવડીનું ઔષધ તૈયાર કરે અને ઘડીકમાં ઘોડીઆમાંના બાળકની સંભાળ રાખે, અને ગુણસુંદરી ખાટલામાં સુતી સુતી ભુખે પેટ ડાબતી સુન્દરને સૂચના આપે. ક્રોધ હતો તેમાં દયા ઉમેરી ડોસો પરસાળ બ્હાર નીકળ્યો તો અગાસીમાં છોકરાં ધક્કામુક્કી કરે, ઘરનું બારણું ઉઘાડું તેમાં આવી શેરીનું કુતરૂં જીભ કહાડી હાંફતું ઉભેલું અને બારણે સામે કુવો હતો ત્યાં પાણી ભરવા ગયેલો ચાકર કોઇની સાથે ગપાટા મારે. ડોસો, કુતરાને હાંકી, બારણું વાસી ધર્મલક્ષ્મીની ઓરડી ભણી ગયો. ડોસી દેવસેવામાં હતાં. દહાડો ઘણો ચ્હડયો હતો તેથી દેવના દીવામાંથી ઘી અને વાટ બેઉ થઈ રહ્યાં હતાં, દીવો ઘેર ગયો હતો, અને દહેરાસરના પાટીઆ ઉપર ડોસી રૂ, ઘી અને દીવાસળી શોધતાં હતાં અને ડોસો બારણામાં ઉભો હતો તેના ભણી એની પુઠ હતી. સઉની રીસ ડોસાએ ડોસી ઉપર ક્હાડી. બોલ્યા ચાલ્યા વિના વગર ન્હાયલા ડોસાએ દહેરાસરના પાલખાને અડકી બધા દેવ ઉપાડી લીધા અને પોતાનો ઘસારો માલમ ન પડે એવી રીતે નીકળી જઈ ઘરના ટાંકા આગળ જઇ તેમાં દેવને પધરાવવા વિચાર કર્યો. પણ કાંઇક વધારે શાંત વિચાર થવાથી તેમાં ન નાંખતાં પાણી પીવાની ગોળીમાં બધા દેવને નાંખી દઇ છાનોમાનો પોતાને ઠેકાણે જઈ સુઈ ગયો અને શું તાલ થાય છે તે જોવા લાગ્યો.

(સરસ્વતીચંદ્ર.)

Para 41.

હલકો વાદવિવાદ.

પંડિતોની સભા મળી કે વાદવિવાદનો હલકાઇ ભરેલો માઠો ચાલ આખા ભરતખંડમાં પરાપૂર્વથી છે. હરેક વિદ્વાન સભામાં પોતાની વિદ્યા, પોતાની કુશળતા, પોતાની હોંશિયારી વગેરે દેખાડવાને આતુર થઈ જાય છે. એક એકને સભામાં જીતવાને, ઝઘડા કરવાને અને પોતપોતાની વડાઈ સ્થાપવાને બરાડા પાડવા મંડી જાય છે. આવા શબ્દયુદ્ધોમાં મન ઉશ્કેરાય છે ને વિવેકની મર્યાદામાં રહેવાતું નથી; એક એકને હરાવવાના પ્રયત્નમાં તિરસ્કારાદિથી સંપ તૂટે છે, વૈરભાવ ઉત્પન્ન થાય છે, પક્ષો પડે છે, અને તેથી નવી શોધ થવામાં તથા વિદ્યાનો વધારો થવામાં વિઘ્ન પડે છે. જુના કાળમાં આર્યવિદ્વાનો સત્યશોધક હતા, અને દુરાગ્રહી નહોતા, ત્યારે તો એવા વાદથી લાભ થયા હશે ખરા; પણ એવી તકરારથી મમત બાંધવાનો, હારનારના મનને માઠું લાગવાનો, અને અપમાનનું વેર વાળવાનું મન પરાજય પામનાર અને તેના પક્ષકાર મિત્રો કરે એ સંભવ વધારે છે. ઘણુંકરી વઢનારા બંને પોતપોતાને જીતનાર ગણે છે, અને સભામાં જય પામ્યાની વાતો પોતાના પુસ્તકોમાં લખે છે તે ખોટી હોય છે. શાસ્ત્રીઓની પેઠે કવિઓ પણ લડતા અને આજે લડે છે. તેમાં વઢવાનું સ્થળ રાજ્યસભા હોય તો તેમને બહુ મઝા પડે છે. દુશ્મનની પેઠે જીભ વડે બાથંબાથા કરે છે. હાલના રાજા સંસ્કૃત ભણેલા નથી હોતા તેથી સંસ્કૃત પંડિતના ઝઘડામાં તેમને મઝા પડતી નથી, પણ પ્રાકૃત કવિઓ વઢે તેથી રમુજ થાય ખરી. પૃથ્વીપતિનું મન રીઝવવાને મલ લડે, વાઘ કે હાથી લડે, કૂકડા લડે તેમ પોતાની ચાતુરી અને મોટાઇ જણાવવાને કવિઓ શીઘ્ર ને ગુપ્ત કવિતાના ખેલ અને પિંગળરૂપી શસ્ત્ર વડે વાણીયુદ્ધ કરે છે, એમાં એક એકને મેણાંટુણાં મારે છે, એક એકને વખોડે છે, એક એકની હાંસી અને તિરસ્કાર સાથે ભૂલો દેખાડવાનું અને સભાને હસાવવાનો પ્રયત્ન કરે છે. પોતપોતાના અભિપ્રાય આપવા અને ચર્ચા કરવી એ તો ઠીક છે, પરંતુ એક એકની ઉપર ઉતરી પડવું અને એમાં સરસ કોણ એ બતાવવાને તથા જય પામવાને લડવું એ તો શરમ ભરેલું છે.

(વનરાજ ચાવડો.)

Para 42.

શોધ.

લોકોમાં કેટલીએક એવી વાતો ચાલે છે કે ફલાણો શોધ તો એકદમ થઈ ગયો; અને આ શોધ પણ અકસ્માત્ બનાવથી બની ગયો; પણ જો દરેક શોધ વિષે ઊંડી તપાસ કરવામાં આવે તો જણાશે કે અકસ્માત્ કે દૈવયોગ એવું કંઈજ નથી. જોવા જઈશું તો આપણને ઘણે ભાગે એમ માલમ પડશે કે, લોકો જેને નસીબ અને અકસ્માત્ કરીને કહે છે, તે માત્ર હાથ આવેલા સંધિઓને જવા ન દેતાં બુદ્ધિમાન પુરૂષોએ સંભાળથી તેને કામમાં આણી દીધા. ન્યૂટનના પગ આગળ ઝાડ ઉપરથી એક સફરજન ફળ પડયું, તેથી તેણે ગુરૂત્વાકર્ષણનો મોટો શોધ કર્યો, એ કેવળ અકસ્માત્ બનાવથી થયો છે એ દાખલો આપીને લોકો પોતાના જૂના વિચારને ટેકો આપે છે; પણ વરસનાં વરસથી ગુરૂત્વાકર્ષણના વિષય ઉપર અડગ ધીરજ અને શ્રમથી એક ચિત્તે ન્યૂટન શોધ કર્યાજ કરતો હતો; અને તેની નજર આગળ ભોંય ઉપર એક ફળ પડવાથી એ મહાવીરની બુદ્ધિનાં ચક્ષુ એકદમ ઉઘડી ગયાં. તેનાં દિવ્ય નેત્ર ઉપર શોધરૂપી સૂર્યનાં તેજસ્વી કિરણ વીજળીના ઝબકારાની પેઠે તત્કાળ પડયાં. એવીજ રીતે એક સાધારણ તમાકુ પીવાની ચુંગીમાંથી સાબુવાળું પાણી ફુંકવાથી પાણીના રંગદાર પરપોટા થવા લાગ્યા. આ વાત છેક નજીવી છે; ઘણાએ માણસોએ એમ જોયું હશે; તોપણ એટલું જોવાથી ડૉકટર યંગને અજવાળાના નોખા નોખા પ્રવાહના પરસ્પર યોગથી કેવી ખાસીઅતો પેદા થાય છે, તેની સુંદર કલ્પના સૂઝી અને અજવાળાના પ્રથક્કરણને લગતો તેણે શોધ કર્યો. અગર જો લોક-કહેણી તો એવી છે કે, 'મોટાની વાતો મોટી'. મોટા માણસો મોટી બાબતો ઉપર ધ્યાન આપે છે; તથાપિ ન્યૂટન અને યંગ જેવા મહા પુરૂષો તો છેક સાદી અને જગત્ જાણીતી બાબતોમાંથી મોટી વાતોની ખોજ કરતા. એવી સાદી વાતોની ડહાપણ વાપરીને સમજ પાડવામાંજ તેમની મોટાઈ આપણને બહુધા કરીને જણાય છે.

(જાત-મહેનત.)

Para 43.

નજીવી દેખાતી બાબતોની અગત્યતા–ભાગ ૧.

સમજી રાખજો કે ઝીણી ચીજો ધ્યાન દઇને જોવાથીજ કામકાજમાં, કળા કૌશલ્યમાં, વિદ્યા–વિષયમાં અને સંસારના દરેક ધંધામાં પાર પડાય છે. આ પુરૂષ તો વિદ્વાન છે, આ તો મહાજ્ઞાની છે એટલે શું ? એ જ્ઞાન ક્યાંથી આવ્યું ? એક જમાનાના માણસોએ નાની નાની બાબતોનો સંગ્રહ કર્યો; તેમાં બીજા જમાનાના માણસોએ પાછો વધારો કર્યો; એ પ્રમાણે ઉત્તરોત્તર ઉમેરો થતોજ ગયો; છેવટ જતાં એ નાની નજીવી વાતોના જ્ઞાન અનુભવનો સમુદાય મોટો જબરો શંકુ આકારનો મિનારો થઈ રહે છે. એ પ્રમાણે મનુષ્યના જ્ઞાનની ગૂંથણી થઈ છે. આમાંનું પ્રથમ જે જોવામાં, તપાસવામાં અને અનુભવમાં આવેલું, તે શરૂઆતમાં તો નમાલુંજ લાગ્યું હશે; તોપણ છેવટ જતાં તે પ્રત્યેકનો ખપ માલમ પડયો હશે, અને તે મુજબ તે તેને યોગ્ય સ્થળે ગોઠવાઈ ગયું. ઘણાએ તર્ક વિતર્ક વ્યવહારથી દેખીતા જ અતીત લાગે; તેઓ પણ પરિણામે અત્યંત વ્યવહારોપયોગી ફળનાં બીજરૂપ થઈ પડે છે. આપોલોનિયસ પરગિયસે ભૂમિતિ–શાસ્ત્રમાં શંકુ આકૃતિના વિભાગ (કોનિક સેકશન્સ) નો શોધ કર્યો; તે પછી બે હજાર વર્ષ વીતી ગયાં, ત્યારે ખગોળ વિદ્યાના વિષયમાં તે બીજરૂપ થઈ પડયાં. એ શાસ્ત્રના પ્રભાવથી આ જમાનાનો વહાણવટી અજાણ્યા સમુદ્રોમાં વહાણને હંકાર્યો જાય છે; અને જે નિર્માણ કરેલે સ્થળે તેને પહોંચવું હોય, ત્યાં સીધો દોર ભૂલભાલ વગર તેને આકાશના ગ્રહો લઇ જાય છે. (કોનીક સેકશન્સના શોધ પછી બેહજાર વરસે એ વિદ્યા ઉપર આવી ઉપયોગી ખગોળ વિદ્યાનો પાયો ચણાયો; ત્યાં સુધી કોનીક સેકસન્સ જેવા કલ્પિત વિષયની કોઇએ કદર કરી નહિ.) તેજ પ્રમાણે લીટીઓ અને સપાટીના કલ્પિત સંબંધ ઉપર ગણિતશાસ્ત્રીઓએ દીર્ઘકાળ સુધી પરિશ્રમ ન કર્યો હોત–અને અજાણ્યા માણસો તો જોઈને એમજ કહે કે, આ પંડિતો કેવળ મિથ્યા મજુરી કરે છે—તો આપણે જે જે યાંત્રિક શોધોના ધણી થઇને બેઠા છીએ, તેમાંનો એક પણ થયો ન હોત.

(જાત–મહેનત)

Para 44.

નજીવી દેખાતી બાબતોની અગત્યતા. ભાગ–૨.

આકાશ વીજળી અને ઘર્ષણ વીજળી બંને એક સરખા ગુણ ધરાવે છે; એવો શોધ જ્યારે ફ્રાંકલિને કર્યો, ત્યારે તે સાંભળીને લોકો તુચ્છકારથી હસી પડયા; અને કહેવા લાગ્યા કે, એ બે વીજળી એક જાતની છે, એમ જાણ્યું, તેથી શું ? એ જાણવાથી શો ફાયદો ? ફ્રાંકલિને ઉત્તર આપ્યો કે, એક છોકરૂં છે, તેનાથી શો ફાયદો ? તમારે વિચારવું જોઈએ કે એ બાળક તો કોઇ વેળા છોકરાંનો બાપ થશે. નાની વસ્તુમાંથી કેવી મોટી વસ્તુઓ નીપજે છે, તે તમે નથી જાણતા ? એક મરી ગએલો દેડકો મેજ ઉપર હતો, તેના પગને જૂદી જૂદી ધાતુઓ અડકવાથી તે ખેંચાવા લાગ્યો; એવી એક નમાલી વાત ગાલ્વાનીએ જોઇ, તે ઉપરથી મોટાં અગત્યના પરિણામ નીપજશે, એમ ભાગ્યેજ કોઇના ધારવામાં આવે; તોપણ જૂદા જૂદા ખંડોની ખબર અંતરને લાવનાર લઇ જનાર દૂતની પેઠે વીજળીનો તાર જે કામ કરે છે તેનું ઉત્પત્તિ–બીજ એ નાની દેડકાની વાતમાં રહેલું હતું. જે વીજળીનો તાર થોડા વરસમાં આપણા ભૂગોળને ફરતો કમરબંધ બની રહેશે, તેનો શોધ મૂએલા દેડકાનો પગ તણાવાથી થયો, એ કંઇ ઓછા આશ્ચર્યની વાત છે ? એજ પ્રમાણે પૃથ્વીમાંથી પત્થર અને (ફોસિલ) મૃત પદાર્થોના શેષ ભાગો ખોદી કાઢવાથી અને તેમનો બુદ્ધિપૂર્વક ખુલાસો શોધવાથી ભૂસ્તર–શાસ્ત્ર ઉત્પન્ન થયું; અને તે વડેજ ખાણ ખોદવાનાં મોટાં કામો ચાલવા લાગ્યાં; એ વિષયોનું બારીક જ્ઞાન મળવાથી કરોડો રૂપિયાની થાપણ એ વેપારમાં લોકો રોકે છે; અને લાખો માણસોની જીવાઈ એવડે ચાલે છે, એ થોડા સંતોષની વાત નથી.

(જાત–મહેનત.)

Para 45.

નિર્માલ્ય બાબતોમાં ચિન્ત ન રાખવા વિષે.

એક વખત રોમના બજારમાં સીઝરે કેટલાક વિદેશીઓને કુતરા તથા વાનરનાં બચ્ચાંને તેડી જતા તથા લાડથી રમાડતા જોયા; અને તે ઉપરથી તેણે પ્રશ્ન કર્યો કે તમારા દેશમાં સંતાન થાય છે કે નહીં ? અને

એ રીતે તેણે જેઓ માનવ બાલકને ઘટતાં લાડ અને મમતા હલકાં પ્રાણીઓને બતાવે છે તેઓ સખ્ત ઠપકાને લાયક છે એવું સૂચન કર્યું હતું. એજ પ્રમાણે મનુષ્ય હૃદયમાં કુદરતે રોપેલાં કુતૂહલવૃત્તિ અને હમેશ નવાં જ્ઞાન સંપાદનની ઉત્કંઠાનો ઉપયોગ જે લોકો હલકી અને નિર્માલ્ય બાબતોમાં કરે છે, અને ઉપયોગી ઉમદા વસ્તુઓ તરફ બેદરકાર રહે છે, તેઓને પણ એટલોજ ઠપકો ઘટે છે. આપણી ઇંદ્રિયો તો યંત્રવત્ સુંદર અને વિરૂપ સર્વ વસ્તુઓના પ્રતિબિંબ ગ્રહણ કરે છે. પરંતુ સ્વતંત્ર સ્વેચ્છાચારી મન યોગ્ય લાગે તે વિષયમાં ધ્યાન લગાડી શકે છે અને તેટલા માટે પરિણામશુન્ય ખાલી તર્ક વિતર્કમાં નહીં પણ માનસિક શક્તિને કેળવી શકે એવા ઉપયોગી વિષયોમાં તેને રોકવું જોઇએ. કારણ કે જેમ રંગમાં છે કે જે રંગ સુંદરતાથી આંખને આનંદ આપે છે, તેજ રંગમાં આંખને ઠારવાનો ગુણ પણ છે, તેમ મનને આનંદ આપનારા વિષયો તે આનંદદ્વારાજ આપણને આપણા કર્તવ્યો તરફ દોરે છે અને આપણે આપણાં મનને એવા વિષયમાં લગાડવું જ ઉત્તમ છે. સદ્ગુણના કામોનું ચિંતન એ એવો વિષય છે. કારણ કે તેથી આપણામાં સ્પર્દ્ધા જાગૃત થાય છે, અને એ કામોની નકલ કરવાને આપણે ઉશ્કેરાઇએ છીએ. બધી બાબતોમાં કાંઈ આ પ્રમાણે થતું નથી; એથી ઉલટું એમ પણ બને છે કે આપણે પરિણામને વખાણીએ છીએ તોપણ તેના કર્તા તરફ અનાદર બતાવીએ છીએ; દાખલા તરીકે રંગો અને અત્તરોથી આપણે ખુશ થઇએ છીએ છતાં અત્તરિયા અને રંગારાને તો આપણે હલકા કારીગર વર્ગમાં ગણી કાઢીએ છીએ.

એટલા માટે જ્યારે એન્ટિસ્થિનિસને કહેવામાં આવ્યું કે ઇસ્મેનિયસ વાંસળી બહુ સારી વગાડી જાણે છે ત્યારે તેણે વાજબી રીતે જવાબ આપેલો કે એમ હોય તો તે બીજી બાબતોમાં નિર્માલ્ય હોવો જોઇએ. કારણ કે તે શિવાય એ વાંસળી એવી સારી બજાવી શકે નહીં. અને આજ પ્રમાણે અમુક મિજલસમાં પુત્રને સુંદર ગીત ગાતાં સાંભળી ફીલીપે ઠપકો આપ્યો હતો કે "ગાયન કલામાં તેં આટલી નિપુણતા મેળવી એથી તું લજવાતો નથી ?" શાહઝાદાએ તો બીજાઓનાં ગાયન સાંભળવામાં નવરાશનો અર્ધો કલાક ગાળે, અને કલામાં પ્રવીણ પુરૂષોની કૃતિનું ધ્યાનથી અવલોકન કરે તેમાંજ કલાદેવીઓને ઘટતું માન મળી જાય છે એમ માની લેવું જોઇએ. જો કોઈ પુરૂષ પોતાનું ધ્યાન હલકા ધંધામાં પરોવી રાખતો હોય તો તે વિષયમાં તેની મહેનત એ ઉંચા

વિષયો તરફ તેની બેદરકારી સાબીત કરે છે; દાખલા તરીકે કોઇ ઉચ્ચ કુટુંબનો અને ઉદારચરિત્ર યુવાન પિસામાં ઝ્યુસની કે આર્ગોસમાં હીરાની પ્રતિમા જોઈને, પોતે ફીડીઅસ કે પોલિક્લિટિસ થવાની આકાંક્ષા નહીં કરે અથવા એ એનેક્રિઅન, ફાઈલેટસ, કે આર્કિલોકસનાં મનોહર કાવ્યો વાંચી તેમના જેવા થવાનું મન નહીં કરે. કારણ કે અમુક વસ્તુ આપણું મનરંજન કરે માટે તેના બનાવનાર માટે આપણને માન પેદા થાય એ કાંઈ આવશ્યક નથી. આ પરથી એ સૂચિત થાય છે કે જે વસ્તુઓ આપણને આનંદ આપે છે, છતાં આપણી સ્પર્દ્ધાને તથા અનુકરણવૃત્તિને ઉશ્કેરતી નથી તે વસ્તુઓ જોનારને બહુ ફાયદાકારક નથી. પણ સદ્ગુણમાં એ ખાસ મોહની છે કે જેમ જેમ એ આપણને આનંદ આપે છે, તેમ તેમ આપણે સદ્ગુણના નમુનાઓનું અનુકરણ કરવાને ઉશ્કેરાઇએ છીએ. સદ્ગુણના સૌંદર્યમાં કંઈ અજબ જાદુ છે, તે આપની કાર્ય વૃત્તિને ઉશ્કેરે છે, આપણી રીતભાત સુધારે છે, ઇચ્છાઓ પર અંકુશ મુકે છે; અને એ અસર એક જીવંત ચિત્ર પરથી થાય છે એટલુંજ નહીં પરંતુ ઐતિહાસિક વર્ણન પરથી પણ થાય છે.

(પ્લૂટાર્કનાં જીવન ચરિતો.)

Para 46.

રાજપદની ઉત્પત્તિ.

રાજ વિના કોઈ દેશ સુખી થઈ શકતો નથી. શરીરની સુખાકારી, સદ્ગુણ, ઇત્યાદિ કાંઈ કામ લાગતાં નથી. બે માણસ મળીને એકની મિલકત દબાવી પડે, અને માણસો એક બીજાને ઉદ્રપવ કરે; એ પ્રમાણે જેમ જુદા જુદા પ્રકારનાં માછલાં એક બીજાનો નાશ કરે છે તેમ માણસો પણ એક એકનો નાશ કરે. એ પ્રમાણે માણસો એક બીજા પર જુલમ નિરંતર કર્યા કરતાં હતાં તે વખતે તેઓ રાજા માગવા બ્રહ્મા પાસે ગયાં. બ્રહ્માએ મનુને રાજા થવાને કહ્યું. મનુએ જવાબ દીધો, "મહારાજ હું પાપનાં કામથી બીહું છું. રાજ્યકારભારમાં જોખમ ઘણું, તેમાં વિશેષે કરીનેં હમેશાં જુઠું બોલનાર માણસોને જવાબદારી વધારે છે." લોકોએ તેને કહ્યું બીહીશો મા, તમને સારો બદલો આપીશું." પશુઓનો પચાસમો ભાગ, તેમજ સોનાનો તેટલો ભાગ તમને મળશે. અનાજનો દશમો ભાગ તમને

આપીશું; અને તમારા ભંડારમાં વૃદ્ધિ કર્યા કરીશું. કન્યા ઉપર ઘટતું દાણુ, તથા મુકર્દમા અને જુગાર રમવા ઉપર કર આપીશું. વળી જેમ દેવતાઓ ઇન્દ્રરાજાને તાબે છે તેમજ દ્રવ્યવાળા તથા વિદ્વાન પુરૂષો તમારા તાબામાં રહેશે. તમે અમારા રાજા થાઓ, તમે શકિતવાન થશો, તમને કોઈ ભય પમાડી શકશે નહી; અને જેમ કુબેર યક્ષ લોકો ઉપર સલાહ સંપથી રાજ્ય ચલાવે છે તેમ તમે ચલાવશો. રાજાના આશ્રય નીચે રહીને રૈયત જે જે પુણ્યના કામ કરશે તે પુણ્યનો ચોથો ભાગ તમને મળશે. એ પ્રમાણે જેમ શિષ્ય ગુરૂને શ્રેષ્ટ ગણે છે, દેવતાઓ ઇન્દ્રને ઉપરી માને છે, તેમ જેઓને ઉંચી પદવી મેળવવાની ઇચ્છા હોય તેઓએ રાજાને શ્રેષ્ટ માનવો, કેમકે એ લોકોનું રક્ષણ કરનાર છે. જયારે તેઓ રાજાની સમક્ષ ઉભા રહે ત્યારે તેઓએ રાજાનું પૂજન કરવું." એટલી વાત સાંભળીને યુધિષ્ટિર બોલી ઉઠયો "જન્મ, મરણ, આવર્દા તથા શરીરના અવયવો રાજાનાં અને બીજા લોકોનાં સરખાજ છે, ત્યારે બળવાન શૂરા પુરૂષોએ રાજાને શા માટે માન આપવું જોઇએ ? અને રાજા સુખી હોય અથવા દુઃખી હોય તે પ્રમાણે તેઓને સુખ દુઃખ શા માટે થવું જોઇએ ?" એ પ્રશ્ન સાંભળીને ભિષ્મ પિતામહે રાજાની ઉત્પત્તિ સંભળાવી, અને તે ઉપરથી સિદ્ધ કીધું કે જગતનું કલ્યાણ રાજા ઉપર આધાર રાખે છે.

(કરણઘેલો.)

Para 47.

રાજાનો મુખ્ય ધર્મ.

અસલ જયારે રાજ્ય સ્થાપન થયાં ત્યારે જબરાની સામા નબળાનું રક્ષણ કરવું એજ રાજ્ય કરનારનો મુખ્ય ધર્મ હતો, અને રાજ્ય સ્થાપવાનો એજ હેતુ હતો જો સઘળા પોતપોતાની મરજી પ્રમાણે જે તેઓની નજરમાં ગુન્હો લાગે તેનું વેર લે, તો જન સમાજનું બંધારણ તુટી જાય, લોકો એક રાની પશુઓના ટોળાં જેવા થઈ જાય, જાન માલની સલામતી રેહે નહી, અને માણસના સુખનો નાશ થાય એટલુંજ નહી, પણ તેઓનો પણ થોડી મુદ્દતમાં અંત આવે. માટે જે ઠેકાણે સારા બંદોબસ્તવાળું રાજય છે, ત્યાં ખાનગી રીતે વેર લેવાનો કોઇનો પણ અખતિયાર નથી, જે માણસને નુકશાન લાગ્યું

હોય તેણે પોતાની મેળેજ કાયદાનો અમલ કરી સામાને પોતાની મરજી પ્રમાણે શિક્ષા કરવાને બદલે રાજાની આગળ ફરીઆદ કરવી, અને તે રાજા ત્રાહિત માણસ હોવાથી તેને તે બેમાંથી કોઈ ઉપર ઘણું કરીને દુશ્મની હોતી નથી, તથા બે દુશ્મનો વચ્ચે જે જુસ્સો તથા અંટસ ઘણું કરીને હોય છે અને તેથી તેઓની વિવેક બુદ્ધિ ઉપર જે પડદો વળી જાય છે, તેમ રાજાને થતું નથી. તે હમેશાં નિષ્પક્ષપાત અને શાંત વૃત્તિનો હોવો જોઇએ; તેથી તે બંનેનો ગુન્હો તપાસવાને, તેઓમાંથી વધારે કસુર કોની છે તે શોધી કાઢવાને, તથા જેનો ગુન્હો માલમ પડે તેને ઘટતી શિક્ષા આપવાને વધારે લાયક છે. અગર જો આ રસ્તો વાજબી છે, તથા તેનો ઉપયોગ અને ફાયદા સઘળા માણસો કબુલ કરે છે, તો પણ લોકો હમેશાં તે પ્રમાણે કરતા નથી; અને જયારે તેઓ તેમ કરે છે, ત્યારે પણ એ વાત સઘળાને ફાયદાકારક છે એમ સમજીને નહીં, પણ તેઓને વેર લેવાની શકિત હોતી નથી તેથી તેઓ આ રસ્તો પકડે છે. તેનું કારણ સમજવું ઘણું મુસ્કેલ નથી. માણસોમાં પરમેશ્વરે પશુઓ તથા બીજા કનિષ્ટ પ્રાણીઓની પેઠે કેટલીક પ્રેરણાઓ મુકેલી છે, તેની સામે વિવેક બુદ્ધિનું ઘણી વખતે કાંઈ પણ ચાલતું નથી. એ પ્રેરણાઓ પ્રમાણે માણસો ઘણાંએક કામો કરે છે તેમાં વિચાર કરવામાં આવતો નથી, અથવા તેમ કરવાને વખત પણ મળતો નથી. દુઃખને બદલે દુઃખ દેવું એ એક સઘળા પ્રાણીઓમાં પ્રેરણા છે, ખામોશ અને ક્ષમા વિચાર શકિતવડેજ ઉત્પન્ન થાય છે. જયારે એ પ્રેરણાને જીતવાનો અને પોતાની મદદે વિવેક બુદ્ધિને બોલાવવાનો વખત મળે છે ત્યારેજ ખામોશ, દયા, ક્ષમા કામમાં આવે છે. પણ સઘળાં માણસોને એ સ્વાભાવિક પ્રેરણા જીતવાને મનનું સામર્થ્ય હોતું નથી; માટે જયારે તેઓને કોઈ પણ પ્રકારે ઉપદ્રવ પોંહોંચે છે ત્યારે તુરત તેનો બદલો આપવાનીજ તેઓની વૃત્તિ થઈ જાય છે. તે વખતે તેઓને રાજા અથવા કાયદાનું કાંઈ પણ ભાન રહેતું નથી; તે વિચાર પાછળથી આવે છે. આ પ્રમાણે કરવું એટલું તો સાધારણ અને સ્વાભાવિક છે, અને એથી ઉલટું ચાલવું એટલું તો મુસ્કેલ છે, કે કાયદા કરનારાઓએ કાયદા કરતી વખતે એ વાત ધ્યાનમાં લીધેલી જ છે, કારણકે જયારે કોઈ ગુન્હેગારના ઉપર પેહેલાં કાંઈ છેડખાની થઇ હોય અથવા તેને ગુન્હો કરવાને સામા માણસે કાંઈ મજબુત કારણ આપ્યું હોય, ત્યારે તેને શિક્ષા કરતી વખતે તે આગળની સઘળી હકીકત ઉપર વિચાર કરવામાં આવે છે, અને જે પ્રમાણે આગલાં કારણો મજબુત અથવા નબળાં હોય તે પ્રમાણે તેની

સજા વધારે અથવા ઓછી કરવામાં આવે છે. તેને શિક્ષા તો થવી જોઇએ અને તે પ્રમાણે થાય છે. તેની સ્વાભાવિક પ્રેરણાને લીધે, તેને માફી તો મળતી નથી; પણ તે ઉપર ધ્યાન પોંહોંચાડીને શિક્ષામાં ઘટાડો કરવામાં આવે છે. (કરણઘેલો.)

Para 48.

મનુષ્યની ઉન્નતિનો આધાર.

જેઓ પોતાની જાત ઉપર આધાર રાખીને મહેનત કર્યા કરે છે, તેમને પરમેશ્વર સહાય કરે છે, એ વાત અનુભવસિદ્ધ છે. ચાકરી કરે તે ભાખરી પામે એ એક નાની સરખી કહેવત છે; પણ તેમાં માણસ જાતના હજારો વરસના અનુભવનો સાર સમાયેલો છે. આપબળનો જુસ્સો, એજ માણસનું ખરૂં જીવન જાણવું. સ્વાશ્રય એજ તેના જીવનનો સમરસ જાણવો. કોઈ દેશના ઘણા જણમાં જો એ ચમકારો હોય, તો એ સદ્‌ગુણ આખા દેશના સામર્થ્યની જીવન દોરી જાણવી. પારકી આશ તે સદા નિરાશ. બીજાની મદદ લઈને કામ કરવાથી આપણે નમાલા થઈ જઈએ છીએ; પણ જો જાત-મહેનતથી આપણે આપણું કામ કરીશું, તો આપણામાં કામ કરવાની ઉલટ અચૂક વધતી જશે. એમ ધારો કે સરકાર કોઈ એક કોમનું કે અમુક માણસોનું રૂડું કરવાની મતલબથી, તે માણસોને કે પ્રજાને મદદ કરવા મંડે, તો તેની મદદનું પરિણામ એવું નીવડશે, કે જાત-મહેનતથી કામ કરવાની ઉલટ, આવશ્યકતા તે માણસોમાંથી કિંવા બધી પ્રજામાંથી કાંઈક અંશે કમી થશે. ગમે તે દેશ તરફ આપણે નજર માંડીને જોઇશું, તો આપણને માલમ પડી આવશે, કે જે દેશના માણસો ઉપર સરકારી અમલનો અતિશય દોર ચાલી રહેલો હોય છે અને જ્યાં પ્રજાને ડગલે ડગલે દોરવામાં આવે છે, તે દેશના માણસો બિચારાં લાચાર બની ગએલાં અને પરવશ ગુલામ જેવાં થઈ ગએલાં જણાશે. જેવા બીજની રોપણી, તેવા ફળની કાપણી.

ઉત્તમ જાતના કાયદા ઘડવાથી અને ધોરણો બાંધવાથી કોઈ પણ માણસને ખરેખરી દિલભર મદદ મળી શકતી નથી. એવા કાયદા અને ધોરણોથી કદાચ ઘણો લાભ થઈ થઇને થાય તો માત્ર એટલોજ થાય કે

તે માણસને તેની પોતાની સ્થિતિ સુધારવી હોય અથવા પોતાની મેળે તૈયાર થઇને, ખીલી નીકળીને બહાર પડવું હોય, તેમાં તેને બહારનાં બંધન નડતાં હોય, તેમાંથી તે તેને છૂટો કરી શકે. પણ સૃષ્ટિમાં પરાપૂર્વથી માણસો એવું માનતા આવ્યા છે કે સારા ધારા અને સારાં ધોરણ હોય, તોજ આપણું કલ્યાણ થાય અને આપણને સુખ મળે. આપણી ચાલ ગમે તેવી હોય તેથી કાંઈ આપણું પાકે નહિ. એવા વિચારો દુનિયામાં ચાલવાથી સરકારના કાયદા જન સુખમાં વધારો કરનાર જોરાવર સાધન છે, એવું ગણીને તેની બેહદ કીંમત કરવામાં આવે છે. હવે દિવસે દિવસે લોકોના સમજવામાં આવતું જાય છે કે સરકાર સત્તા કાંઈ પ્રત્યક્ષ ફળદાયક નથી; માત્ર પરોક્ષ રીતે ગુણકારક છે. તે બહુધા રક્ષણકર્ત્તા છે. તે આપણી જીંદગી, આપણી સ્વતંત્રતા અને આપણી મિલ્કત જાળવે છે. જો સરકારના કાયદા દાનાઈથી ચલાવવામાં આવે તો આપણે જાત મજુરીથી કે બુદ્ધિબળથી જે પેદા કરીએ, તેનાં ફળ નિરાંતથી, હેઠે જીવે, થોડે ખરચે, આપણાથી ભોગવાય. માત્ર એટલુંજ કામ કાયદાથી થઈ શકે છે; પણ આળસુ માણસને ઉદ્યોગી કરવાને કોઈ કાયદો કામ આવતો નથી; તેમજ કોઈ આદમી ઉડાઉ હોય તેને ડાહ્યો અથવા લાંબી નજરવાળો કરીને તેનું ઉડાઉપણું અટકાવવાને કાયદામાં કામણ નથી; તેમજ વ્યસની માણસનું વ્યસન છોડવવાને સરકારી સત્તા અશક્ત છે. એવા સુધારા તો જ્યારે માણસ પંડેજ પોતાના મન ઉપર લે ત્યારે થઇ શકે. સરકાર પાસે મોટા મોટા હક મેળવવાથી એ સુધારા નીપજતા નથી. દરેક માણસ જો કુટેવ છોડે અને સુટેવ પકડે, પોતાનું મન વશ રાખતાં શીખે, નીતિથી અને કર કસરથી ચાલે, અને જાતે મહેનત કરીને એ સુધારા કરવા ધારે તો તે થાય જ થાય.

(જાત—મહેનત.)

Para 49.

સદ્‌ગુણનો બદલો સદ્‌ગુણજ છે.

બિહારીલાલ બિચારો સરકારની મહાજાળમાં ફસાયો હતો, અને તેમાંથી હવે નીકળવાને પછાડા મારતો હતો. તેની ચુક માત્ર એટલીજ હતી કે તેણે જમાનો, દેશની હાલત તથા રાજનીતિ બરોબર તપાસી નહી. સાચવટ તથા પ્રમાણિકપણા ઉપર ભરોસો રાખી તથા તેને ખડકના જેવા અચળ

સમજીને તેઓને અઢેલીને તે ઉભો રહ્યો પણ તે એટલું સમજ્યો નહી કે સાચવટ તથા પ્રમાણિકપણું આ દુષ્ટ જગતમાં ઘણે પ્રસંગે માણસને દુનિયા તરફના નુકશાનથી બચાવી શકતાં નથી, તથા આ તોફાની ભવસાગરમાં તે ખડકો કેટલીએક વાર ખસી જાય છે, અને તેઓના ઉપર વિશ્વાસ રાખી તેને વળગીને રહેનારો માણસ ઉછળતાં મોજામાં ઘસડાઈ જાય છે. જો સાચવટ તથા પ્રમાણિકપણા ઉપર પાકો ભરોસો રાખવો હોય તો દુનિયા તરફની ખરાબીથી કદી પણ બીહીવું નહી. તેણે નક્કી મનમાં સમજવું કે આ બે અમુલ્ય ગુણ પકડી રાખ્યાથી દુનિયામાં કદાચ તેના ઉપર ગમે તેટલી આફત પડે, તેની પાયમાલી થઈ જાય, અથવા વખતે જાનની પણ ખુવારી થાય તોપણ આ પ્રપંચી દુનિયાનો ત્યાગ કીધા પછી પરલોકમાં સર્વ શકિતમાન તથા સઘળાં સારાં કામોના તથા સઘળા શ્રેષ્ટ ગુણોનો બદલો આપનાર પરમેશ્વરની તરફથી અક્ષય સુખની પ્રાપ્તિ થયા વિના રહેશે નહી, એ વાત ઉપર નજર રાખીને તથા એ ગુણો સારાજ છે માટે હમણાં તેઓથી ગમે તેવાં માઠાં પરિણામ નીપજે છે તેની દરકાર ન કરતાં તે ગુણો પાળવાજ એમ તેણે મનમાં નકકી રાખવું. એ સદ્ગુણોને લીધે દુનિયામાં પણ ઘણા લાભ થાય છે. પણ તે લાભ ઉપર એટલો વિશ્વાસ રાખવો નહી. જે માણસ આ જગતમાંના ફાયદાને માટેજ સદાચરણે વર્તે છે તેનો ટેકો ઘણો નબળો છે.

સદ્ગુણી માણસો ઉપર ઘણી વિપત્તિઓ આવી પડે છે; તેઓને પણ જગતના સામાન્ય નિયમો લાગુ પડે છે; તથા તેઓને પણ હમેશાં લાભજ થાય એમ બનતું નથી; ત્યારે સાચવટ અને પ્રમાણિકપણે ચાલનાર એવી આશા રાખે કે એ પ્રમાણે વર્તવાથી પરમેશ્વર તેના ઉપર મેહેરબાન થઇ તેને હમેશાં સુખી રાખશે, તેની ઉમેદ હમેશાં બર લાવ્યાં કરશે, તથા તેને માથે કોઇ દહાડો પણ આફત આવી પડશે નહી, તે ઘણો નાઉમેદ તથા નિરાશ થઈ જાય છે, અને તેનું પરિણામ એ થાય છે કે તેના મનમાં બેમાંથી એક વાતની શંકા ઉત્પન્ન થાય છે; એક તો એ કે પરમેશ્વર ઇન્સાફી નથી; તે આંધળો થઇ બેઠો છે, તથા સારા નઠારા માણસોમાં કાંઈ ભેદ ગણતો નથી; માટે તેના ઉપર પ્રિતિ રાખવાથી તથા સારાં કામોના બદલાની તેની તરફથી આશા રાખવાથી કાંઈ ફળ નથી; અથવા તેને એવી ખાતરી થાય છે કે સારાં નઠારાં કામોમાં કાંઇ ભેદ નથી. નઠારાં કામનો નઠારો અને સારાં કામનો સારો બદલો મળશે એ ખોટું છે; એ એક જુઠી લાલચ અસલના વખતના ડાહ્યા લોકોએ આપેલી છે; તથા નઠારાં કામો કરતાં લોકોને અટકાવવાને થવ્યર્થ ધમકી બનાવેલી છે. જે મૂર્ખના મનમાં એ પ્રમાણે

શંકા ઉત્પન્ન થાય છે તેમાં ખરેખરો તેનો વાંક છે, પરમેશ્વરનો નથી. અગર જો જગતના નિયમ એવા બનાવેલા છે કે સદ્ગુણીને ઘણીવાર લાભ થાય છે તોપણ તેઓનાં સારાં કામોનો બદલો આ લોકમાં મળે એવો પરમેશ્વરનો હેતુ નથી. માટે પરલોકમાં સારાં ફળ ભોગવવાની ઉમેદથીજ સદ્ગુણનો બદલો સદ્ગુણજ છે એમ જાણી જે લોકોને સદ્ગુણે આચરવું હોય તેઓએ દુનિયા તરફના લાભ ઉપર નજર રાખવી નહી. જો દેશની સ્થિતિ એવી હોય કે સાચવટ રાખ્યાથી જાનમાલને નુકસાન પોહોંચે તો તે દેશ છોડીને જતા રહેવું, અથવા ત્યાં રહી સાચવટને આપણો દેહ, માલમતા, અથવા આપણી વહાલામાં વહાલી વસ્તુ અર્પણ કરવી, પણ સાચવટ કદી છોડવી નહી એવી નીતિ છે. શું બકરી પોતાના નિર્દોષપણા ઉપર વિશ્વાસ રાખી ઉભી રહે તો વાઘ તેને માર્યા વિના રહેશે? શું ચકલી પોતાની ગરીબાઈ તથા નિરપરાધીપણા ઉપર ભરોસો રાખી નિશ્ચિંત બેસે તો સકરો તેને તલપ મારી લઈ નહી જાય? એ તો સૃષ્ટિના નિયમ પ્રમાણે થશેજ. બિહારીલાલને એ બાબતનું જ્ઞાન ન હતું, અથવા તે વખતે તે ભુલી ગયો હતો. (કરણઘેલો.)

Para 50.

માતાપિતાની રૂચિપર વિવાહ જોડવાનો ધારો.

પોતાના વિવાહની વાત કુટુંબના વડિલ વર્ગને સોંપવાની આર્ય દેશની ઉત્તમ રીતિનો તે પ્રતિપક્ષી નહોતો. રમત ગમતમાં કહાડેલી બાલ્યાવસ્થામાંથી નીકળી તરૂણાવસ્થાને પહેલે પગથીએ પગ મુકતાંજ આખા જીવિતના સુખદુઃખના આધાર ભૂત લગ્ન જેવા મ્હોટા સવાલનું નિરાકરણ કરવાનું પોતાના અનુભવ વિનાના મગજનું અસામર્થ્ય તે સારી પેઠે સમજતો હતો વળી તે સારી રીતે સમજતો હતો કે મદ અને મદિરાથી પણ વધારે ગંડક અને મૂઢ બનાવી દેનાર મદન ઉગતા નરની આંખોએ તો પાટા બાંધે છે, અને સારૂ નરસુ પારખવાની તેની શકિતને હરી લે છે. તેને ખબર હતી કે પૂર્વ અનુભવ વિનાના આ સંસાર સાગરના માનવી પોતાના દેહરૂપી નાવને જોડતાં જોડતાં એવી રીતે અથડાવે છે કે બન્નેનાં ભાગીને ચુરેચુરા ઉડી જાય છે. વળી તેને ખબર હતી કે વિકાર રૂપી વિચિત્ર કાચનાં ચશ્માં ઘાલી તરૂણ પુરૂષો તે કાચમાંજ રહેલા લીલા પીળા રંગ અન્ય વસ્તુઓમાં માની

લે છે. તે બરાબર જાણતો હતો કે આર્ય દેશનું લગ્ન કરાર નથી તે તો ઐક્ય છે અને આમ ભિન્ન જનોનું ઐક્ય થવાને માટે અભિનિવેશની અપેક્ષા રહે છે. લીલું વૃક્ષ ઇચ્છાનુસાર વળાય છે તેજ પ્રમાણે બાળપણથી કન્યાના મનમાં વરનો અને વરના મનમાં કન્યાનો અભિનિવેશ એવો થઈ જાય છે કે મોટી વયે લગ્ન થયા પછી સ્ત્રી અને પુરૂષ એક બીજાનાં ડાબાં જમણાં અંગ બની રહે છે. તેમાં પણ આ જગતમાં પ્રાણી માત્રને માતાપિતાથી વધારે અથવા તેમના જેવાં હિતૈષી તો કોઈ મળતાંજ નથી. તો પોતાના દશ વીસ વર્ષના અનુભવમાં ગુણ દોષથી બરાબર માહિત થયેલા માતાપિતા પોતાના છોકરાને માટે ઘટિત જોડ ખોળે તો તેમાં ઘણે અંશે હિતજ થાય છે એમ તે બરાબર માનતો હતો. સાથે એમ પણ માનતો હતો કે સ્વેચ્છાથી લગ્ન કરનાર જોડાં ઘણીવાર ખાંડા થઈ જાય છે. ભુખ્યો થશે ત્યારે અથવા ક્રુધિત થશે ત્યારે અર્ધ વસ્ત્ર કાપી લઇ–દગો દઈ મહાઘોર રણમાં પોતાને વલવલતી મુકીને પુણ્યશ્લોક નળ નાસી જાય એવા છે એવું જો વૈદર્ભી દમયંતી જાણતી હત તો તેની સાથે લગ્ન કરત કે નહીં તે બાબતમાં શક રહે છે. હંસના વખાણથી તે છેતરાઈ પણ વૈદર્ભરાજ ન છેતરાત. આ સંસારની પ્રજાઓએ બુદ્ધિને અને સમય તથા સ્થળને અનુસરી જે જે ધારા બાંધ્યા છે તે પરિપૂર્ણ હોય એમતો બનેજ નહી પરંતુ લગ્ન સંબંધી ધારાઓમાં માતાપિતાની રૂચી ઉપર વિવાહ રાખવાનો ધારા તેને ઓછો બાધકારક લાગતો હતો.

(કુસુમાવલી.)

Para 51.

કામ કઢાવવાની યુક્તિ.

વળી તેની કૃપાથી રાજ્યમાં કોઇ પોતાનું હિત કરવા કોઇ નોકરી લેવા, કોઇ માનીતા થવા, કોઇ અનન્ય સાધારણ વ્યાપાર પટો લેવા, કોઈ દાણ માફ કરાવવા, કોઇ ઇજારો રાખવા, કોઇ પડતર જમીન કે ચરા રાખવા, અને એવાં એવાં અનેક[illegible]ાકિક તથા ઐહિક કામ સાધવાને માટે તેની નવરાશે પોતાની નવરાશ ખોળી તેને ઘેર ફેરા ખાતા, પ્રસંગ જોઈ તેને અભિનંદતા, તેની શ્લાઘા કરતા, તેની રૂચિઅનુસાર હાએ હા કહેતા અને તે જેમ રાજી થાય તેમ મથતા હતા. અને ખરે સ્વાર્થી પુરૂષની શ્લાઘા,

તેની ઉક્તિ, તેની યુક્તિથી કોણ નથી ઠગાતો? વખાણ કોને સારા નથી લાગતાં? કહે છે કે પરમેશ્વરની પણ સ્તુતિ કરે છે ત્યારે તે કલ્યાણ કરે છે. તો પછી માણસનું શું ગજું? મનુષ્ય માત્રને પોતાનો ઉત્કર્ષ ગમે છે–પછી તે જ્ઞાની હો કે અજ્ઞાની. પોતાના વખાણ સાંભળવાં જેને નથી ગમતાં તેને પણ પોતામાં વખાણ ન સાંભળવાનો જે ગુણ હોય તેનાં વખાણ તો ગમેજ છે. અથવા " આ અધિકારી પોતાનાં વખાણ નથી સાંભળતાં" એવા વખાણ કયો અધિકારી નથી સાંભળતો, અને સાંભળી કયો નથી આનંદ પામતો? આવાં વખાણ કરી ન્યાય બુદ્ધિવાળા પુરૂષોને યુકિતવાળા સ્વાર્થીજનો કેવા ઠગી જાય છે?

(કુસુમાવલી.)

Para 52.

સ્વતંત્રેચ્છાવાદ અને પૂર્વનિર્માણવાદ. ભાગ–૧.

આવી રીતે જેમ જેમ જનમંડળમાં જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે અને તે વધારે વધારે ઉન્નતિ પામતું જાય છે, તેમ તેમ પ્રારબ્ધવાદનો નાશ થઈ તેને બદલે સંબંધવાદ ઉદ્ભવ પામે છે, અર્થાત્ આપણા કૃત્યો કેવળ દૈવાધીન છે એવો પ્રાથમિક સ્થિતિનો મત નાશ પામે છે અને તેને બદલે ઉત્તર કૃત્યો પૂર્વ કૃત્ય સાથે કાર્યકારણભાવે સંબદ્ધ છે એવો સુધરેલી સ્થિતિનો મત જન્મ પામે છે. હું ધારૂં છું કે પ્રારબ્ધવાદ અને સંબંધવાદમાંથી સ્વતંત્રેચ્છાવાદ અને પૂર્વનિર્માણવાદ એ બે મત ઘણું કરીને ઉદ્ભવ પામ્યા હશે. પહેલા મત પ્રમાણે મનુષ્યની ઇચ્છા સ્વતંત્ર છે અને તેથી તે પુણ્યમાર્ગે પોતાની ઇચ્છાનુસાર વર્ત્તી શકે છે. બીજા મત પ્રમાણે જન્મથી આરંભીને અમુક મનુષ્ય અમુક સ્થિતિમાં કેવી રીતે વર્ત્તશે, પવિત્ર માર્ગ અનુસરશે કે અપવિત્ર માર્ગે પ્રવર્ત્તશે, પુણ્ય આચરી મોક્ષ પ્રાપ્ત કરશે કે પાપ કરી નર્કવાસનો અધિકારી થશે એ સર્વ પૂર્વથીજ ઇશ્વરે નિર્મિત કરેલું હોય છે. અર્થાત્ મનુષ્ય સ્વતંત્ર નથી, પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્તી શકતો નથી, પણ ઇશ્વરના પૂર્વનિર્માણ પ્રમાણેજ દરેક પ્રસંગે તેને ચાલવું પડે છે. હવે આ બે મતો જે પરસ્પર વિરૂદ્ધ છે, તે શી રીતે ઉદ્ભવ પામ્યા તે આપણે તપાસીએ. દરેક દેશમાં દ્રવ્યનો

સંચય થતાં થતાં એવી સ્થિતિ આવે છે કે તેમાં હરેક મનુષ્યને પોતાના નિર્વાહ માટે અંગ મહેનત કરવાની જરૂર રહેતી નથી. આથી ઘણાં મનુષ્યો જાત જાતની મોજશોખ અને અનેક પ્રકારના વિલાસ શોધવામાં કાળ નિર્ગમન કરે છે, પણ થોડાંક અવકાશનો સમય જ્ઞાન સંપાદન કરવામાં ગાળે છે. વળી આ છેલા વર્ગમાંના કેટલાક બાહ્ય વસ્તુનો અભ્યાસ ન કરતાં પોતાના મનનોજ અભ્યાસ કરે છે, અને એવા પુરૂષો વિલક્ષણ બુદ્ધિવાળા હોવાથી નવા ધર્મમાર્ગનો પ્રચાર કરવા કે નવા શાસ્ત્રો રચવા સમર્થ થાય છે. પણ એ અદ્‌ભુત શક્તિવાળા મનુષ્યો પણ જે પંથો પ્રવર્તાવે છે કે જે શાસ્ત્રો રચે છે તે કેવળ નવીન, સ્વબુદ્ધિ કલ્પિત અને દેશકાળની અસરથી બાહ્ય હોય છે એમ ન સમજવું.

Para 53.

સ્વતંત્રેચ્છાવાદ અને પૂર્વનિર્માણવાદ. ભાગ–૨.

કોઈ પણ પુરૂષપર દેશ અને જમાનાની અસર થયા વિના રહેતી નથી, અને નવા શાસ્ત્રો કે ધર્મમાર્ગો લોકોમાં પ્રચાર પામેલા વિચારોનાં પરિણામ રૂપજ છે. લોકોમાં જે જે વિચારો પ્રસરેલા હોય છે તેની અસરથી ગમે તેવો વિદ્વાન્ પુરૂષ પણ દૂર રહી શકતોજ નથી, પણ તે તે વિચારોને બુદ્ધિબળ અને ચમત્કાર વડે નવું સ્વરૂપ આપી નવીન યોજનાઓ યોજે છે, માર્ગો પ્રવર્ત્તાવે છે, કે શાસ્ત્રો ઉપજાવે છે. આ પ્રમાણે સ્વતંત્રેચ્છાવાદ અને પૂર્વનિમાર્ણવાદ વિષે વિચાર કરતાં માલમ પડશે કે પ્રથમ મત પ્રારબ્ધવાદને અને દ્વિતીય મત સંબંધવાદને મળતો આવે છે. જે જમાનામાં પ્રારબ્ધવાદ લોકોમાં મનાતો હતો તે જમાનામાં માનસ વિજ્ઞાનીએ એ વિચાર પોતાના શાસ્ત્રમાં દાખલ કર્યો અને ત્યાં તે સ્વતંત્રેચ્છાવાદના રૂપમાં જન્મ પામ્યો. જે પ્રમાણે પ્રારબ્ધવાદી દરેક બનાવ પ્રારબ્ધને લાગુ પાડે છે અને સર્વે કાર્યનાં કારણ તપાસતાં તપાસતાં પ્રારબ્ધપર આવે છે એટલે છેવટપર આવે છે, કેમકે પ્રારબ્ધ અગમ્ય અને અકળિત છે અને કેવળ ઈશ્વરેચ્છાનુસારી છે; તેજ પ્રમાણે સ્વતંત્રેચ્છાવાદી કાર્યકારણ તપાસતાં એમ શોધી કાઢે છે કે જે કાંઈ બને છે તે મનુષ્યની ઇચ્છાને અધીન છે અને ઇચ્છા સર્વ કાર્યનું કારણ છે તો પણ જાતે કારણરહિત અને અકળિત છે. જે જમાનામાં જ્ઞાનની વૃદ્ધિ થઈ પ્રારબ્ધવાદ નાશ પામી સંબંધવાદ

જન્મ પામ્યો, તે જમાનામાં ઇશ્વરચિંતકે એ મત પોતાના વિષયમાં દાખલ કર્યો. તેને ધર્મનું સ્વરૂપ આપ્યું એટલે તેનું રૂપાન્તર થઇ પૂર્વનિમાણવાદ ઉદ્‌ભવ પામ્યો. જેમ સંબંધવાદી વૃત્તાન્તમાત્ર કાર્ય કારણની શૃંખલાથી સુસંબદ્ધ છે એમ માને છે, તેમ એ વાદના જમાનામાં ઇશ્વરચિંતકના મનમાં પણ વ્યવસ્થા અને ક્રમના વિચાર રમ્યા કરવાથી ઇશ્વિર એકજ છે એવા ઉત્તમ વિચારની સાથે તેનો એવો પણ મત થાય છે કે એ ઇશ્વિરે સર્વ વસ્તુઓ આરંભથીજ અમુક રૂપમાં નિર્માણ કરી છે, અને તેની સર્વ વ્યવસ્થા પૂર્વથીજ કરી મુકી છે.

(ઇંગ્લાડની ઉન્નતિનો ઇતિહાસ.)

Para 54.

બહિર વૈભવ અને અંતર સુખ.

પણ વાંચનાર ! બહિર વૈભવ અંતર સુખની કયાં યથાર્થ આરસી છે ? મિયાનામાં, તાવદાનમાં અને હાથી ઉપર બેસી ફરનાર છત્ર ચામરના અધિકારી અને દેશેદેશના અધિપતિ હસતાં વદન રાખી અને મુંછ ઉપર હાથ નાંખી પાનનાં બીડાં ચાવતા ચાવતા જાય છે તેને જોઈ પગપાળો છતાં તું જરાએ છોભીલો થઇશ નહી. સુખદુઃખ એતો સંસારના પ્રપંચની બે પાંખો છે. એક વિના બીજું નભી શકતું નથી. ગમે તેવી રમ્યતા, ગમે તેવી સાફસુફ, ગમે તેવો ભભકો અને ગમે તેવા વૈભવો હોય તોપણ તેમાંનું કાંઇએ સુખ નથી. જેને આપણે સુખી માનીએ છીએ તેના દુઃખનો તો પારજ હોતો નથી. પરંતુ મનુષ્ય માત્રમાં એક વિચિત્ર જાતની બે પ્રકૃતિઓ રહી છે તેથી અન્યાન્યની સ્થિતિની સ્પર્દ્ધા અનાદિ કાળથી ચાલીજ આવે છે. પોતાને ગમે તેવું દુઃખ હોય, પોતાની સ્થિતિથી ગમે તેવો નિરાશ હોય, તોપણ શ્રીમંતથી તે ગરીબ અને જ્ઞાનીથી તે અજ્ઞાની સર્વ કોઈ બીજા આગળ પોતાની સ્થિતિની શ્રેષ્ઠતા બતાવવા યત્ન કરે છે. યોગી યોગને વખાણે, શ્રીમંત લક્ષ્મીને વખાણે, ગરીબ કરકસરને વખાણે, વેપારી વેપારને, ખેડુત ખેતીને, નોકર નોકરીને અને ક્ષત્રી યુદ્ધને વખાણે તે માત્ર આ સ્વભાવને લીધેજ. પરંતુ આ પ્રકૃતિની સાથેજ અથવા તેને લીધેજ પોતાની સ્થિતિનો મનુષ્ય માત્રને અભાવ થાય છે, અને પારકે

ભાણે મોટો લાડુ જણાય છે. બાહેર દેખાવમાં મોહ એ કેવળ નકામો છે. સર્વથા મરી ગયા પછીજ મનુષ્ય સુખી છે કે દુઃખી છે એ વાત સમજી શકાય એવું ગ્રીસના મહાત્મા સોલનનું કેહેવું અનુભવ સિદ્ધજ છે.

(કુસુમાવલી)

Para 55.

અનુભવની અનંતતા.

હીંદુ સંસારમાં સુખદુઃખનાં રૂપ ભાતભાતનાં છે. અનુભવ અથવા અવલોકન વિના તેની કલ્પના પણ કઠણ છે. ગુણસુંદરીના મનમાં એક વખત એમ હતું કે મને સૌ વાતનો અનુભવ વીતી ગયો છે પણ જ્ઞાન તથા અનુભવની સીમા નથી એટલુંજ નહી, પણ ઉભય વિષયમાં ઉગતા બાળકને કલ્પનાજ થતી નથી કે દેખીતા જ્ઞાન અને અનુભવની પાછળ બીજું કાંઈ હશે. જેમ જેમ અભ્યાસ અને વય વધતાં જાય છે તેમ તેમ નવી નવી જાતનાં જ્ઞાન અને અનુભવ પર્વતના શિખર પાછળના શિખરો પેઠે-સમુદ્રનાં મોજાં પાછળનાં મોજાં પેઠે—દૃષ્ટિ મર્યાદામાં દૃષ્ટિ આગળ ખડાં થાય છે. અને મન એ ચમત્કારનું શાક્ષી બનતાં બનતાં ઈશ્વરની અનંતતામાં તલ્લીન અજાણતાં થઈ જાય છે-અનંત અનુભવના એક પછી બીજા પગથીઆં જુએ છે અને તેપર ચ્હડે છે. પોતાના ઘરમાં દિવસે દિવસે વધતી રચના જોઈ, નવરી પડેલી સુવાવડીનું મગજ આવા આવા વિચારોથી ઉચ્ચગ્રાહી વિષયોનું ગ્રાહક થતું અને ડગલે ડગલે કહેતું કે "આપણ એક નવો અનુભવ—હવે કાલ બીજે શો નવો અનુભવ થવા ધાર્યો હશે?" ક્ષુદ્ર ઘરસંસારમાં પણ પર્યેપક બુદ્ધિને જોઈએ તેટલા વિચાર જડી આવે એમ છે અને મનને કેળવણી આપવા ચારે દિશારૂપી મુખોમાંથી ઈશ્વરનું બ્રહ્મ-સ્વરૂપ શ્રુતિઓ સંભળાવી રહે છે. સુવાવડના ખાટલા ઉપર, અને ગજારના અંધારામાં, આધિ વ્યાધિથી ઉકળતા મગજમાં આવી તીવ્ર કવિતા ઉભરાતી હતી અને નવા જન્મેલા બાળકની સમોવડીમણ બનતી હતી.

(સરસ્વતીચંદ્ર.)

Para 56.

માતાનું હેત.

અહો ! માતાનું હેત ! તેની અપૂર્વતા ! તેની લૌકિકતા ! તેની નિર્મલતા ! તેની પૂર્ણતા ! તેની દિવ્યતા ! સર્વથા માતા તે માતાજ છે. અનેક પ્રકારનું કષ્ટ સહીને, સર્વ રસનો ત્યાગ કરીને નવ મહીના ઉદરમાં ભાર ભરીને, છેવટ કષ્ટાઈ કષ્ટાઈ જન્મ આપી શા સારૂ માતા–પ્રેમળ માતા પુત્રના અલ્પહિતને માટે પણ મહા દુઃખ વેઠે છે ? શા સારૂ પોતાના યૌવન વન ઉપર છીની મુકે છે ? શા સુખના લ્હાવા સારૂ રાણીઓ પણ પુત્રની ગુલામડીઓ થાય છે ? ખરે ! તેના સ્નેહની ઇતિ છે. જેને પુત્રનો મેલ પણ અત્તરવત્ જણાય, જેને પુત્રનું ઉચ્છિષ્ટ અન્ન પણ અમૃતવત્ લાગે, અરે ! જેને પુત્રના અપલક્ષણમાંજ પૂર્ણાનંદ મનાય એવી માતા ! સર્વથા ત્હારામાં અખંડાનંદક રસના અંશો મુકવામાં ઇશ્વરે યોગ્ય સ્થળજ ખોળેલું છે. જે પુત્રને માટે તેં નવ રસ ને છ રસનો ત્યાગ કર્યો, જેને માટે આમમંડળીઓ તજી, નિદ્રા તજી, પૂજન તજી, શાંતિ તજી, જેને માટે સોધી સોધીને કિમીયાગરોને, જોષીને અને વૈદ્યને ધન ધાન્યથી તૃપ્ત કર્યા, અરે ક્ષુદ્ર દેવની બાધાઓ કરતાં આચાર વિરૂદ્ધ કૃત્ય કર્યા, અને અનેક પ્રકારના ટુકચા કર્યા તે પુત્ર કુરૂપ હોય, કોબાડ હોય, બ્હેરો હોય, લુલો હોય, કાણો હોય, કે અષ્ટવક્ર હોય તો પણ તેના ઉપરથી ત્રણે અવસ્થામાં ત્હારી પ્રીતિ કયારે ઓછી થઇ–ઓછી જણાઈ ? પુત્રને માટે રાણીઓએ ઝુંપડીમાં વાસ કર્યો, પુત્રને માટે અબળાઓએ પુષ્ટાને કૃપતા બનાવી દીધી. અને પુત્રને માટેજ પ્રેમદાઓ નથી રહી માતાની કે નથી રહી પિતાની; નથી રહી પતિની કે નથી રહી જાતની. પેટનો જણેલો છૈયો જુદમાંજ પ્રવીણ હોય, વ્યભિચારમાંજ આસ્તિક હોય, કાળા અક્ષરને કુટી મારવામાંજ સમજુ હોય, ચોર વિદ્યામાં જાણુ હોય, ધુતવામાં તત્પર હોય, તો પણ વિયોગમાં, વિસ્મૃતિમાં, અજ્ઞાનમાં, તિરસ્કારમાં કે મૃત્યુમાં પણ તારો સ્નેહ પ્રતિદિન ચઢતે રંગ થાય છે એ શું ત્હારૂં ધૈર્ય ? એ શી ત્હારી પ્રીતિ ? અથવા એ શો ત્હારા ઉપર ઇશ્વર પ્રસાદ ? સર્વથા ત્હારા પુત્ર વાત્સલ્યથી તું વંદનીયજ છે.

(કુસુમાવલી.)

Para 57.

સારૂં નામ. ભાગ—૧.

જે ટુંકી મુદત આપણે આ દુનિયામાં વાસો કરીએ છીએ તેટલી મુદતમાં આપણે સૌ પોતપોતાનું કામ કરી લઈ આપણો મુકામ ઉઠાવીએ છીએ; અને ગયા પછી શું રહી જાય છે ? કરોડો માણસ જગતમાં આવ્યાં અને ગયાં; તેઓની નામ નિશાની કંઇ રહેલી છે ? તેઓ પૃથ્વી પર થઈ ગયાં તેનાં ચિન્હો નજરે પડે છે ? સઘળાંનાં નહી. ઘણા ખરા તો કાળની મોટી રેલમાં ઘસડાઇ ગયાં, અને તેઓ હતાંજ નહી એમ લાગે છે; પણ થોડા એક તો દરીઆમાંના ખડકની પેઠે મજબુત ઉભા છે, અને તેઓ ઉપરથી કાળ રૂપી રેલ જોરથી ચાલી ગઈ તો પણ તેઓના પાયા હજી રહેલાં છે; અને અંનત કાળ પર્યંત તેઓ અચળ રહેશે. એ પાયા રહી ગયા તે શું ? તેઓનાં નામ; તેઓની આબરૂ; સારૂં નામ એ એક અમૂલ્ય વસ્તુ છે; તેની કિમ્મત આખા જગતનાં સોનાં, રૂપાં, હીરા, મોતી વગેરે ઝવેરાત કરતાં પણ ઘણીજ વધારે છે. જેની પાસે સારૂં નામ છે તેના જેટલો શ્રીમંત બીજો કોઈ નથી. બીજી સઘળી દોલત નાશવંત છે, પણ સારૂં નામ અમર છે. બીજી દોલત તો ખુટી જાય છે, અને તે દોલત મેળવનારાનું નામ એક બે પેહેડી પછી નાશ પામે છે; પણ સારૂં નામ ધ્રુવના તારાની પેઠે અચળ રહે છે. દુનિયામાં લોકો પોતાના વંશ વડેજ આ લોકમાં અમર રહેવાની આશા રાખે છે તે ખોટી છે; એ પ્રમાણે તો એક અથવા ઘણું તો બે પેહેડી સુધી તે ઓળખાય છે; પણ પછી તેનું મીંડું વળ્યું. તે હતો અને નહી હતો એ સરખુંજ થાય છે. સારાં નામવાળાનું સ્મરણ કાયમ રાખવાને વંશની જરૂર નથી; તે તો અંધારામાં સૂર્યના એક કિરણની પેઠે પ્રકાશ્યાં કરશે. સારૂં નામ અથવા આબરૂ એ એક મોટી વસ્તુ છે. સઘળાને તે પારસમણી મેળવવાની આતુરતા હોય છે; સઘળાઓ તે અમુલ્ય હીરો પ્રાપ્ત કરવા મહેનત કરે છે, પણ સઘળાના પ્રયત્ન સફળ થતા નથી.

Para 58.

સારૂં નામ. ભાગ—૨.

જેઓએ પોતાના અંગની, મનની અને નીતિની શક્તિ વડે જગતમાં મોટા તથા અગત્યના ફેરફાર કીધા છે તેઓનાં નામ અમર રહી ગયાં છે. વળી જેઓએ અસાધારણ કામો કીધાં છે, એટલે જેઓએ સત્યને વાસ્તે અથવા આબરૂને વાસ્તે પોતાનો દેહ અર્પણ કીધો છે તેઓનાં નામ તેઓનાં દેશ અને વખતે આખી દુનીયાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે કોતરાયલાં છે. જગતમાં નામ મેળવવા ખાતર મરવું કોણ કબુલ નહી કરે ? જે માણુસ થોડા દહાડા વધારે દુનિયાની જંજાળ તથા ફીકર ખમવા સારૂ પોતાનું સારૂં નામ જવા દે છે, પોતાની આબરૂ ખોવાનું કબુલ કરે છે, તે ખરેખરો અધમ જાણવો; તેના કોઈ પણ વખાણ કરતું નથી; અને જયારે તે મરે છે ત્યારે જેમ વાડીમાંથી નકામા છોડવા નીંદાઈ જાય છે, અને ઉખડી છુંદાઈ જાય છે, જેમ કીડો ભોંય ઉપર ઘસડાતો ઘસડાતો ચાલનાં પગ તળે કચરાઈ જાય છે અને તેને કોઈ ગણતું નથી, જેમ એક પશુ જંગલમાં મરી જઈ સડયાં કરે છે, તેમ તે હતો જ નહી એવો થઈ જાય છે; અને દરિયા કિનારા પરની રેતીમાંનો એક દાણો ઉડી જવાથી કાંઇ ખોટ જણાતી નથી તેમ જગતમાં માણુસની કુલ સંખ્યામાંથી તે ઘટેલો કોઈને લાગતો નથી. તેને કોઈ આબરૂ આપતું નથી; તેને વાસ્તે કોઈ રડતું નથી; અને તેની કીર્તિ વધારવાને કવિ તેની કવિતા કરતા નથી. સઘળાં માણુસો આ પૃથ્વી ઉપરની ટુંકી મુસાફરીથી તૃપ્ત થતાં નથી. તેઓને ઘણા વર્ષ દુનિયામાં જીવવાની ઇચ્છા હોય છે, અને જ્યારે તેઓ એટલી મુદત સુધી જગતમાં ટકી શકતા નથી, ત્યારે થોડા વર્ષ પૃથ્વી ઉપર ને બાકી રહેલાં વર્ષો માણસોના સ્મરણ સ્થાનમાં જીવવાને પ્રયત્ન કરે છે. માણુસની નજર હમેશાં ભવિષ્ય ઉપર દોડે છે, અને ગમે તેવો હલકો માણુસ હોય તોપણ પોતાનું નામ અમર રહે એવી તેનામાં સ્વાભાવિક ઇચ્છા હોય છે.

(કરણઘેલો.)

Para 59.

સાધુધર્મ અને રાજધર્મ.

વૃદ્ધ મુનિએ ઉત્તર આપ્યો કે "વલ્લભિરાજ્યમાં બૌદ્ધાદિક પાખંડી અને નાસ્તિક પંથનો પ્રસાર થયો છે, માણસાદિક પ્રાણી માત્રને સરજનહાર અને પાળનાર તથા આખા જગતનો કર્તા અને નિયંતા જે પરમેશ્વર તેને નહિ માનનારા એ પાપી લોક છે. એ પંથોનો નાશ કરવો એ મોટું ધર્મનું કામ છે. એમાં અધર્મ કે અનીતિ કાંઈ નથી. બૌદ્ધધર્મી રાજાઓ વેદ ધર્મ માનનારાને સંતાપે છે, તો વેદધર્મી રાજા લાગ આવે ત્યારે વેર શા વાસ્તે ન વાળે? વળી અધમ, સંપવિનાની, ને પરાક્રમહીન થઈ ગયેલી નિર્બળ પ્રજાને ગુર્જર જેવા બળવાન, સાહસિક અને પ્રતાપી લોકને હાથે સજા થાય એ યથાન્યાય અને સ્વાભાવિક છે. સાધુધર્મ અને રાજધર્મ ભિન્ન છે. નિવૃત્તિ માર્ગ પ્રમાણે આ સ્વારી ન થઈ શકે, પણ સંસાર એ ધર્મ વડે ચાલતો નથી. નબળી પ્રજાને, જે પ્રજા દુર્બળ અને નિર્લજ થઈ જઈ પોતાનું રક્ષણ કરી શકતી નથી, અને પોતાના રાજ્ય સંબંધી કામકાજ સમજતી નથી, તથા રાજ્ય ચલાવી શકતી નથી તેને બીજા દેશના બળવાન રાજ્ય કરનારા જીતી લે એ ઇશ્વરી નિયમ છે, એવો મારો અભિપ્રાય છે. એ રાજ્યને આપણે નહિ લઇએ તો કોઈ બીજા લેશે. વલ્લભિરાજ્યની રૈયત યુદ્ધ કરી શકતી નથી; તેનું શૂરાતન ગયું છે, તેનામાં સ્વદેશનું રક્ષણ કરવાની શકિત હવે નથી. બાયલા વેપારી, બીકણ ખેડુત, ને આળસુ કારીગરો તથા ધર્મભ્રષ્ટ અને વહેમી ગુરૂઓ પુરૂષાર્થ ખોઈ બેઠા છે, માટે મોડા વહેલા કોઈ વિદેશી પરાક્રમી રાજા તેમને વશ કરશે એ નક્કી છે તો આપણે કાં ન ચડીએ?"

(વનરાજચાવડો)

Para 60.

પાશ્ચાત્ય વિદ્યાનો દોષ.

ચંદ્રકાંત, મ્હારે કહેવું જોઇએ કે આપણી ઇંગ્રેજી વિદ્યામાં એક જાતનો દોષ છે અને તે એકે માણસની વિચાર શક્તિને તે ઉદ્ધત બનાવી મુકે છે. આ ગુણ આખી પાશ્ચાત્ય વિદ્યાનો છે એમ કહીએ તો પણ ચાલે.

અસંતુષ્ટવૃત્તિ સર્વ પાશ્ચાત્ય પ્રવૃત્તિનું મૂળ છે, તે પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે, વધારે છે, અને દષ્ટિમર્યાદાના જેવી ફળ પરંપરા દેખાડે છે. એ વૃત્તિથી માણસ ફળ પ્રાપ્ત કરવા ઉતાવળું બને છે અને અધીરૂં થાય છે. સ્વાભાવિક માર્ગે ફળ મેળવતાં વાર લાગે છે તે આ વૃત્તિને પ્રતિકૂળ થાય છે. એકજ શોધી બેસી રહેવાનું નહી, પણ ફળ ઉપર ફળ ખોળ્યા કરવાનાં અને તે પણ આટલી ઉતાવળથી એટલે આ વૃત્તિવાળાં મન સટોરીઆ જેવી પ્રકૃતિવાળાં થઈ જાય છે, ભૂતકાળનો અનુભવ શોધ્યા વિના, વર્તમાન સ્થિતિ જોયા વિના, આતુર મન ભવિષ્ય શોધવા નીકળે છે અને સાધન વિના ફળ ઇચ્છે છે! વર્તમાનથી અસંતુષ્ટ ચિત્ત દષ્ટિ આગળ અકસ્માત્ ઉડતું ભવિષ્ય ઝડપે છે અને એ ભવિષ્યની પાછળ ઉભેલું ભવિષ્ય દ્રષ્ટિએ અચિંત્યું પડતાં કંપારી ખાય છે. સરસ્વતિચંદ્ર આનું એક દ્રષ્ટાંત છે. જુઓ એમનો જગત છોડી જગત જોવાનો રસ્તો! જુઓ એમનો દ્રવ્ય છોડી પરાર્થ કરવાનો રસ્તો! તેની અવસ્થા અત્યારે કેવી દયાપાત્ર થઈ હશે તે જોશો ત્યારે મ્હારૂં કહ્યું સિદ્ધ થશે. આજ કાલના જુવાનો સહન શીલતાને દાસત્વ ગણે છે, પરવિચારને વશ થવામાં શૌર્યહીનતા ગણે છે, પોતાના તરંગ પ્રમાણેજ ચાલવાની સ્વતંત્રતા શોધે છે, મનની વાત બ્હાર કહાડવામાં અને સાકાર કરવામાં વીરત્વ માને છે, અનુભવને હસે છે, નિવૃત્તિને ધિક્કારે છે, અને વૃદ્ધાચારને ક્ષુદ્ર કલ્પે છે. ઘણાક પિતાઓ લક્ષ્મીનંદન પેઠે બોલતા હશે, પણ તેટલા ઉપરથી આ પ્રમાણે કરનાર તો તમારા મિત્રનેજ દીઠા. ખરેખર, મૂર્ખમાં મૂર્ખ માણસો વચ્ચે ચાસ ચસાય નહી એમ રાખી તીખા, અભિમાની, અને દુષ્ટ ઉપરીના હાથ નીચે બે વર્ષ નોકરી કરવી પડે, દુષ્ટ વચન સાંભળવા પડે, અને ટુંકામાં દાસત્વનો અનુભવ થાય તોજ તમારાં મુંબાઇગરાં માણસો ઠેકાણે આવે! આવા દાસત્વમાં કાંઈ દોષ નથી એમ નથી પણ પારકાં માણસોને, અનુભવને, અને સ્થિતિને વશ કેમ રહેવું-પોતાના મનની વૃત્તિને પરવશ કેમ રાખવી-એ શીખવું પણ આવશ્યક છે."

(સરસ્વતીચંદ્ર.)

Para 61.

વેર.

શું માણુસની અવસ્થા છે ! મોટાઈ કેવી અનિશ્ચિત છે ! આજ છે અને કાલે નથી. જેવું બીડમાંનું સૂકું ઘાસ, જેને બળતા જરા પણ વાર લાગતી નથી; સૂર્યાસ્ત થતી વખતની જેવી છાયા, તે વખત તો ઘણી મોટી દેખાય છે, પણ થોડી વાર પછી નહી સરખી થઈ જાય છે; તે તો એક નિદ્રાનું સ્વપ્નું, જાગ્યા એટલે કાંઇ મળે નહી. દસેરાને દહાડે કેવી સ્થિતી હતી, અને આજે કેવી! આશરે દશ કોશ સુધી દમ ખાધા વિના પગે ચાલીને હું ઈહાં આવી પોંહોંચ્યો. બધા ચાકર, સિપાઈ મારા આજ ક્યાં ગયા ? હું તો એકલો ફરૂં છું તોપણ હું જીવું છું એટલી મહાદેવજીની કૃપા છે. જો હું પણ મરી ગયો હોત તો એ દુષ્ટ રાજા સુખેથી બેસત; પણ હું હવે તેનો કાળ થઈ ભટક્યા કરીશ; અને તેને એક પણ દહાડો ચેન પડવા દઈશ નહી. એનું વેર લીધા વિના રહેવાનો નથી. અરે ક્રોધ-પુત્ર વેર, તું મારી છાતીમાં જાગૃત થા, હવે તારૂં કામ છે. જ્યાં લગી આ દેહમાં આત્મા છે, ત્યાં સુધી તું એ છાતીમાંજ વાસો કરજે. વેર તો આખા જગતમાં પથરાયલું છે. કદાપિ કેટલાંક પુસ્તકોમાં ક્રોધની નિંદા કીધેલી હશે પણ તેથી કાંઈ તેની શક્તિ જરા પણ ઘટી નથી. નિર્જીવ પદાર્થો પણ વેર લે છે. જો હું આ ભીંત પર મારો હાથ ઠોકું તો તે ભીંત મને સામું તેટલુંજ મારે છે. તે શું વેર નથી લેતી? કુતરાને પથ્થર મારીએ તો સામો ભસીને કરડવા નથી આવતો ? સાપને પગતળે છુંદીએ તો તે આપણને કરડીને આપણો પ્રાણ નથી લેતો ? એ પ્રમાણે કયું અવાચક પ્રાણી જેને વેર લેવાની શક્તિ છે તેને ઉપદ્રવ કીધાં છતાં તે સામું વેર નથી લેતું ? વળી માણુસને ધર્મ-શાસ્ત્રમાં ક્ષમા કરવી, દયા લાવવી, એ વગેરે બોધ થયાજ કરે છે. તોપણ તેઓ વેર લેવા વિના ચુકતા નથી. દેવતાઓ પણ વેર લે છે એવી વાતો આપણે પુરાણમાં ક્યાં નથી વાંચી ? વેર તો જગતનું રક્ષણ છે. જો કોઇ વેર લે નહી તો દુનિયા ચાલે પણ નહી. જો કોઇ માણુસને કોઇ ટપલો મારેં તો તે સામા બે મારે છે; જો તેનામાં તેમ કરવાનું જોર નહી હોય તોજ ક્ષમા કરે છે, અથવા રાજા આગળ ફરીઆદ કરી શિક્ષા કરાવે છે. એ તો **अशक्तिमान् भवेत् साधु.** જો એક માણુસ બીજા કોઇનો કાંઇ માલ ચોરી જાય અથવા તેને બીજી કોઇપણ રીતે નુકશાન પોંહોંચાડે તો તે તેનું વેર લે છે અથવા લેવડાવે છે. ડાહ્યા પુરૂષો કહે છે કે જો સઘળા

લોકો પોતાના ઉપર ગુજરેલા અન્યાયને માટે પોતાની મરજી પ્રમાણે વેર લે તો દુનિયાની અવ્યવસ્થા થઈ જાય, અને જલ્દી તે લય પામે; માટે હરેક ગુન્હાને વાસ્તે રાજાને ફરીયાદ કરવી, અને જો તેનાથી દાદ ન મળે, તો પરમેશ્વર તરફથી ઇન્સાફ મળશેજ એવો દૃઢ વિશ્વાસ રાખી બેસવું. પણ રાજા કાંઈ હમેશાં નિષ્પક્ષપાત હોતો નથી, અથવા ખરેખરો ન્યાય કરતો નથી, અને ઘણીક વખતે તેમ થઈ શકતું પણ નથી. રાજા પોતેજ જ્યારે અપરાધી હોય, ત્યારે તેનો ઇન્સાફ કોણ કરે ? કોઈ લાચાર થયા વિના પરમેશ્વરના ઇન્સાફ ઉપર રહેવા દેતું નથી. એ તો મન વાળવાની વાતછે. જો મન મોટું રાખી આપણે હરેક ગુન્હાને ક્ષમા કરી જવા દઇએ તો દુનિયામાં ગુન્હેગારની સંખ્યા વધી જાય, અને જેટલા ગુન્હા થાય તે સઘળાનું પાપ આપણે માથે પડે. પરમેશ્વરની શિક્ષાથી થોડાજ બીહે છે. કોણ તે જોઈ આવ્યું છે ? જો સરકાર ઇન્સાફ મુકી દઇને લોકોને કહે કે જે ગુન્હો કરશે તેનો બદલો તેને પરમેશ્વર તરફથી મળશે તો પછી ગુન્હો કરવાથી કેટલા અટકે છે તે જણાય. માટે વેર તો લેવુંજ જોઇએ; અને આપણી બાબતમાં જ્યારે ગુન્હેગાર રાજા છે ત્યારે સ્વહસ્તે વેર લેવું, અને જો ન લેવાય તો તેને પરમેશ્વરને સોંપવો.

(કરણઘેલો.)

Para 62.

સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાંતનો સંવાદ.

"ચંદ્રકાંત, મ્હારૂં મન આજ આટલું નિર્બળ ઘડીક થયું તેથી મને ઘણી શરમ આવે છે. પણ હું શું કરૂં ? હું છેક આમ ન્હોતો જાણતો. હશે, ઇશ્વરને ગમ્યું તે ખરૂં."

"ભાઈ, શા વાસ્તે આમ કરો છો ? તમારો દોષ નથી. પણ તમે આ ઉતાવળ કરી તે ઠીક ન કર્યું."

"ચંદ્રકાંત, પિતાનું દ્રવ્ય આજથી મ્હારે શિવનિર્માલ્ય છે."

"શાંત થાઓ. એમ શું બોલો છો ? કાંઈ તમારે સારૂ માર્ગ નથી એમ તો નથી ?"

"ના,ના, તે માર્ગ નથી જોઇતો મ્હારે. માર્ગ ન હોય તે ત્યાગ કરે એ તો **વૃદ્ધા નારી પતિવ્રતા**. પિતાના મનમાં એમજ આવ્યું કે હું દ્રવ્યને

લીધેજ એમનો સંબંધી છું. હવે એમને મ્હારી ચિંતા નથી–મ્હારો વિશ્વાસ નથી. ભલે ચિંતા નથી તો સારૂં છે. અવિશ્વાસ હું દૂર કરીશ. એ સર્વે દ્રવ્ય હું ગુમાનબા અને ધનભાઇને આપી દેઉં છું. ઇશ્વર એ દ્રવ્ય તેમનાં હાથમાં અચલ રાખો. મ્હારે મન નિર્ધનતા કઠણ નથી. "

" જાઓ, જાઓ, એમ શું કરો છો? ઇશ્વરે તમને વિદ્યા ક્યાં નથી આપી!"

" વિદ્યા વેચવા હું ઇચ્છતો નથી. પેટની મને ચિન્તા નથી. દ્રવ્ય મ્હારે જોઇતું નથી–તે નિરૂપયોગી છે. તને ખબર છે કે માત્ર પિતાના સ્નેહને વાસ્તેજ હું સંસારી હતો, અને એ સ્નેહ હવે નથી!"

" કોણે કહ્યું કે દ્રવ્ય નિરૂપયોગી છે?"

" હવે જાણ્યા, જાણ્યા ત્હારા વિચાર. દેશહિત, લોકહિત, અને આત્મહિત ત્રણે વાનાં દ્રવ્ય વિના સિદ્ધ થઇ શકે છે. પછી આપણામાંજ ખામી હોય તો કોઇ શું કરે?"

" ત્યારે તમે ધર્માસન આગળ ધંધો કરો. તમને ક્યાં અનુકૂળતા નથી?"

" મૂર્ખ તને ખબર નથી કે તેનો પ્રથમથીજ મને તિરસ્કાર છે? શું ઉદરનિમિત્તે હું અણગમતા સંસારમાં ઝબકોળાઇશ?"

" ત્યારે વ્યવહારનો પુરૂષાર્થ શો?"

" ચંદ્રકાંત, હવે બસ કર. મ્હારે આ વાદવિવાદ નથી જોઇતો."

" તો વગર ધંધે તમે ક્યાં રહી શકો નહી એમ છે? એક લાખ રૂપીઆ તમારા છે–લાખ રૂપીઆ ડોશી આપી ગયાં છે."

Para 63.

સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાંત. ભાગ–૨.

સરસ્વતીચંદ્ર ચમક્યો, ચંદ્રકાંતે ડોશીના સર્વ સમાચાર કહ્યા. સરસ્વતીચંદ્ર નારાજ થયો. પણ હવે ઉપાય ન રહ્યો. કુમુદસુંદરીનું દ્રવ્ય કોઇને આપવા અધિકાર ન હતો.

" ચંદ્રકાંત, એનું અમે તે થાય. મ્હારે તો દ્રવ્યજ નથી જોઇતું"

"તમે તો ઘેલા છો. તમારૂં દ્રવ્ય–તમે જુદા રૂહો પિતાથી. સંતોષમાં વસો, વિદ્યા વધારો, પરમાર્થ કરો, અને કુમુદસુંદરીને આનંદ આપો."

"પણ હું પિતાથી જુદો તો ન રહું. વળી વિચાર કે આ દ્રવ્ય જોઈ વિદ્યાચતુરે સંબંધ બાંધ્યો હશે. તેને કેવું થશે? તેનાથી વિવાહ ફોક પણ નહી થાય."

"હવે કાંઇ પરમેશ્વરને પાડે હતા તેવા શાણા થાઓ. તેણે તમનેજ જોયા છે–બીજું કાંઇ નથી જોયું."

"પણ ચંદ્રકાંત, રંક અવસ્થાનાં સુખદુઃખ, અહોના જેવી નિરાધાર સ્થિતિ, સંસારના ધક્કા, નિર્ધનતાના અંધકારમાં ઢંકાયલાં રત્ન, અવિદ્યાના પ્રદેશ અને એવું એવું ઘણુંક જોવાનો મ્હારો અભિલાષ છે અને આ અનુકૂળતા થઇ ગઇ છે."

"પણ લોક શું કહેશે?"

"મૂઢ, અપકીર્ત્તિ મને ભયંકર નથી. કીર્ત્તિ અપકીર્ત્તિ એ જુઠાં ત્રાજવાં છે, ઉંઘતાંનાં સ્વપ્ન છે, સ્વપ્નના સત્ત્વ છે. એ ગ્રાહ્ય પણ નથી, હેય પણ નથી."

"વારૂ, કુમુદસુંદરીનો વિચાર કર્યો?"

એનો વિચાર ઇશ્વરને સોંપું છું. ટુંક પ્રસંગથી ઉત્પન્ન થયેલો સ્નેહ ટુંકા સમયમાં શાંત થશે. કોઈ સારો વર મળશે એટલે મને ભુલી જશે."

"તમે ભુલ કરો છો. એ મુગ્ધાને તમે હાની પ્હોંચાડી તો અત્યંત પસ્તાશો અને ઇશ્વરના અપરાધી થશો. તમારા ચિત્તમાંથી પણ એ ખસનાર નથી."

"મ્હારા ચિત્તની વાત હું વધારે જાણું."

"તે જાણતા હો ત્યારે જોઇએ શું? તમે તો માત્ર ઘેલા ઘેલા અભિલાષ કરી જાણો છો અને બીજા મનમાં ડાબી રાખે તેને બ્હાર કહાડી અનુભવમાં આણવા ઇચ્છો છો. એ મૂર્ખતાનું લક્ષણ."

"તું બહુ બોલે છે હાં!"

"હું તો બોલું છું પણ તમે બોળવા ઉભા થાવ એવા છો. બારીસ્ટર બન્યા, આટલી કીર્ત્તિ મેળવી, આવો સ્નેહ બાંધ્યો, આટલા શ્રીમંત અને વિદ્યાવાન્ થયા – તે આ વિચાર તો કરો કે શું કરવા ધારો છો? આતો મૂર્ખતમ. બીજો કોઈ બારીસ્ટર આ દશામાં પડયો હોય અને તમે તેને જોઇ શું કહો તે કલ્પો તો ખરા!"

" ત્યારે હું શું કરૂં ? "

"જે જે શક્તિ અને સુંદરતા તમારામાં છે તેનો સારો જયવંત ઉપયોગ કરો, એ જ ! આમ જોગી જેવા બાયલા બની સંસાર દુસ્તર છે માટે તરવું નહી એવો વિચાર ન કરશો; પાછળ અમને શું થશે તે વિચારજો. "

(સરસ્વતીચંદ્ર.)

Para 64.

કુસુમનું કઠણુ તપ.

જમની, આ ચુલામાંથી દેવતા ઘેર જાય છે ને ધુમાડો થાય છે તે ભુંગળી વગર શું કરવું ? "

થોડેક છેટે ઉગેલું ઘાસ એક લાંબી કાતર વડે બેસીને કાપતી કાપતી માળણુ બોલી.

" ઉભાં રૂહો, ભુંગળી લાવું. "

" ના ના, ભુંગળી ન હોય ત્હોયે ફુંક મરાય એમ કર. "

" તે વારૂ અમ માળીડાંને યે ભુંગળી મળે તે તમને જંગલમાં નહી મળે ? ત્યાં તો ઘણાએ વાંસ હોય. "

" પણુ વાંસને કાપવાનું જોઇએ કની ? આપણે તો વગર ભુંગળીએ તાપ લાગે એવું બતાવ. "

માળણુ ઉઠી આવી ને ચુલા સામું જોતી જોતી બોલી. "વારૂં. બ્હેન, તમે કર્મી લોક તેને આ તે શા અકર્મીના ધંધા કરવા ? જાવ, ઘેર જાવ ! જુવો તો ખરાં ! આ ધુમાડે તમારી આંખો કરી છે તે–કેસુડાંનાં ફુલ જેવી ? "

" ના, તે હું કહું તે કર. "

માળણુ કંઇ વિચાર કરતી બોલી.

" પાંદડાં ને ઘાસનો દેવતા–તે પુરો થયો. એ હવે બીજાં સુકાં પાંદડાં વીણી લાવ્યા વગર નહી બળે. "

" તે તેમ કરતાં તો ખીચડી કાચી કાચી સુકાઈ જશે. તળે છે થોડા ભુકો તે લાગશે. માટે ફુંકવાનો રસ્તો બતાવ. "

" મ્હારી તો અક્કલ ચાલતી નથી. ફુંક જેવી ફુંકો મારો તે તમારાં નાજુક મ્હોમાં જોર કેટલું ? હું ફુંક મારૂં તો અભડાવ ને તમારામાં ફુંકવાનું જોર નહી !"

કુસુમ જરાક ઉંચી થઇ વિચારમાં પડીને બોલી ઉઠી " જો, ભુંગળીને ઠેકાણે આ હાથેલી મ્હોં આગળ રાખું ને ફુંક મારૂં તો દેવતા સળગશે કની ? "

" હા, લ્યો, એમ કરી જુવો. "

ફુંક મારતાં આંખમાં રાખ ઉડી ને માળણ હસી પડી.

" લ્યો લ્યો હવે ! જાવ ઘેર. જેનું કામ તે તેજ કરે. આવા રૂડા મ્હોં ઉપર રાખોડી ચ્હોંટી તે બાવીઓ જેવાં કાળાં હત તો તો બરાબર લાગત"

" ત્યારે આ કેવી લાગે છે ? " હાથેલી વડે ભુલી ત્યાંથી ફરી ફુંક મારવાનું કરતી કરતી કુસુમ બોલી, ને ઉત્તર મળતાં પહેલાં હાથેલી ધરી ફુંક મારવા લાગી. માળણને ઉત્તર સુઝે ત્યાર પહેલાં ભડકો થયો અને સુંદર પાસે આવી બોલી ઉઠી.

" આ દિવસમાં ધોળી વાદળીઓથી ઢંકાયલો ચંદ્ર લાગે છે એવું ત્હારૂં રાખોડીવાળું મ્હોં લાગે છે ! કુસુમ ! "

Para 65.

કુસુમનું કઠણ તપ. ભાગ–૨.

કાકીને દેખી કંઇક ચમકી, અંતે સ્વસ્થ થઇ, હાંલાનું ઢાંકણું ઉઘાડી એક ધોયેલા છોડીયા વતે ખીચડીના દાણા કહાડી ચાંપી જોતી, એણી પાસજ દ્રષ્ટિ રાખી કુસુમ બોલી.

" કાકી, એ રાખોડી ને એ મ્હોં– એ બે આખરે એક દેખાવાનાં તે આજથી અજમાવી જોઉં છું કે એ બેનો અરસપરસ મેળ કેવો થાય છે ? આખરનું જે સાથી તેનું આજથીજ હેત કરૂં છું.

" કર્યું કર્યું એ હેત ! ઉઠ–આઘી–રોજ નવા નવા વેશ કહાડે છે તે હવે નહી નભે. ખબડદાર જમની ! જો આ છોકરીને અંહી આવવા દીધી તો ! "

જમની—" કાકીબા મ્હેં તો ઘણુંએ સમજાવ્યાં પણ એ કંઇ અમ જેવાનું માને ? રૂહાડ કરીને આવું આવું કરે છે ! "

સુન્દર—" તે કેમ, કુસુમ, કહ્યું માને છે કે નહી ! ઉઠે છે કે ઘરમાંથી વડીલને બોલાવું ? "

ચાંપેલો દાણો હાંલીમાં પાછો નાંખી હાંલી ઢાંકતી ઢાંકતી કાકી ભણી કંઇક ફરીને ઉંચું જોઈ કુસુમ બોલવા લાગી.

" તે શું, કાકી, એમ જાણો છો કે વડીલ કુસુમને તમારી પેઠે ધમકાવશે ? "

" ના, તું તો એમની હૈયાની હોડી—લજવામણી ! તે તને કેમ ધમકાવે ? પણ એટલું તો થશે કે ત્હારા આ ચાળા જોઈ વડીલ દુઃખના દરીયામાં ડુબશે. માનું કાળજું બાળે છે ને દાદાનું બાળ ! જોઉં તો ખરી કે કોનાં કોનાં કાળજાં બાળે છે ? ભાયડાઓ છોકરીયોને ભણાવે ને આમ બગાડે તે ત્હારા બાપ નથી જાણતા, પણ દાદા તો જાણે છે.

હાંલી ઉઘાડી માંહ્ય પાણી રેડતી રેડતી હસતી હસતી પાણીની ધાર ભણીજ આંખ રાખી કુસુમ બોલી .

" કાકી, એ તો ભુલ્યાં. દાદા તો વળી પિતાજી જેટલું પણ કુસુમને કહેવાના નહી અને પિતાજીની જોડે તો બહુ બોલાય નહી, પણ દાદાજીને તો કહેવાય એટલું કહું. "

મ્હોં લંબાવી ખભા ઉંચા કરતી સુંદર બોલી: "ઉંહ—તું તે કોઇને ગાંઠવાની નહી. શું કરીયે આને તે ? પણ બોલતો ખરી કે આ બધું શું કરે છે ને આ વેશ શો કહાડ્યો છે ? મને તો તારી કાંઈ સમજણ પડતી નથી. "

" કાકી ! કોઇને ભારે પડયા વિના ગરીબ થઇ એકલાં બાવીઓ પેઠે કેમ રહેવાય—આવું કેમ ખવાય ને આવું કેમ પ્હેરાય તે શીખું છું "

ઉભી થઈ, કાકીના સામી ફરતી, પ્હેરેલાં વસ્ત્રનો જાડો પાલવ હાથમાં ઝાલી બતાવતી, અને આંખ વડે હાંલી બતાવતી કુસુમ પ્રફુલ્લ મુખથી બોલી અને અંતે જય પામતી હોય તેમ કાકીની આંખો સામુ તાકીને જોઈ રહી.

"કુસુમ, ત્હારે કરવું હોય તે કર પણ આ કંઈ સારું કરતી નથી !"

(સરસ્વતીચંદ્ર).

NOTES.

Para 1.

કલ્પમુદ્રા. The Desire fulfilling Ring.
તેજસ્વી. Majestic.
દયાથી પીગળી ગયું. Was moved with pity.
કેડમાં ખોસેલી. Secured in the folds of her loin-cloth.
સંન્યાસી બાવા. An ascetic.
ફળીભૂત થશે. Will be fulfilled.
પાકો. Mature; deliberate.
કિંમત પૂછી. Inquired about the price
ઓછી આંકી. Valued it at much less.
ખડખડ હસ્યો. Laughed aloud.
જીજ્ઞાસા. Curiosity.
ખુલ્લા દિલનો. Open-hearted.
ખરા બોલો. Honest
અથથી ઇતિ સુધી. From beginning to end.

Para 2.

કપટી. Deceitful.
સ્વાર્થી. Selfish.
લોભીઓ. Grasping; greedy.
બુદ્ધિ બગડી. Intentions became dishonest.
અર્થાત્. That is to say.
સ્રીને વિદિત કરી હતી. Had acquainted his wife with.
લક્ષાધિપતિ. A millionaire.
સમજાવીને કહેતો. Reasoned with.
મંદ પડી ગઈ હશે. Will have been weakened.
અધીન થવું. To yield.
કરકસર. Thrift.

Para 3.

સખ્ત મજુરીનો કેદી. One sentenced to rigorous imprisonment.

હદથી વધારે મહેનતનો ઘસારો. Waste due to overwork.

દૂબળો. Emaciated.

ચામડી......રહ્યા. He was reduced to a mere skeleton.

બોરડી. A jujube tree.

બાવળ. A babul tree.

ઉઝરડા. Scratches.

થાકીને લોથ થઈ ગયો. Was dead tired.

જનજનાવર. Reptiles.

કોતર. A den; a cave.

પોહોર. Three hours.

વિકરાળ. Ferocious.

સાવજ. A wild animal.

હોંશ ઉડી ગયા. Was stupefied.

ખોડાતો ખોડાતો. Limping.

મસ સુજેલું. Much swollen.

નાડ દેખાડવી. To offer pulse.

પરૂ. Puss; matter.

સોહાણું થયું. Felt better.

માયા થઈ. Friendship sprang up.

Para 4.

દરબાર. A prince; a ruler.

દૂત. A spy.

મુસ્કે બાંધવું. To tie the hands behind the back.

કમકમાટ ચડે. Horrifying. Disgusting.

પુરવાસીઓ. The inhabitants of the place.

ધસ્યો. Rushed upon.

ત્રાસ. Terror.

ચકરી ખાવી. To stagger; to reel.

અન્યાયી કાયદાનો ભોગ. A victim of unjust laws

ધણી જોડે ગેલ કરી લાડે છે. Caress and play with their master.

Para. 5

કંજુસ Miserly.
સંઘ. A caravan of pilgrims.
વહેમી. Suspicious.
જાત્રાએ જવું. To go on a pilgrimage.
માલમતા. Effects; property.
દળી ખાંડીને. By grinding and pounding for hire.
બગલ. The arm-pit.
શોર બકોર. Hubbub; bustle.
ચીઢવતા હતા. Teased.
મશ્કરી કરવી. To make fun of; to cut a joke.
તેને તે પૈસામાંથી......જીવ જતો બાકી રહેતો. When she had to part with any of her money she did it most reluctantly.
ધર્મદાન. Charity.
છૂટું ઘી પીરસાય Ghee might be served freely, in unlimited quantity.
મુઆ પછી ઉજવાવું. To have obsequies concluded with a grand caste-dinner.
વાહ વાહ કહેવડાવવી. To be praised, extolled.
સારી ગતિ પામે. The soul would secure eternal peace.
મૈયતનો ખરચ. Expenses of obsequies.
આગ મૂકનાર. One who performs the funeral ceremony.
વાત બદલી નાંખવી. To change the topic.
લાંઘણ. A fast.
રીઢું. Durable; hardened by use.
ડોશીને......પરવડ્યું નહિ. This did not suit the old woman in the least.
ઠાર કરવું. To put to death atonce.
હીજરાયાં કરતો હતો. Was pining.
ખૂની વિચાર. Murderous designs.

Para 6.

એમને રાજ્યાભિષેક......ટાંકણે. At the time of his coronation.
શસ્ત્રવૈદ્ય. A surgeon.

આંતરડાં. Intestines.
શસ્ત્ર પ્રયોગ કરાવ્યા વિના. Without undergoing a surgical operation.
ઉત્કંઠ આતુર. Very eager.
ધક્કો. A shock.
ઉત્સાહ ભર્યાં. Enthusiastic.
મન ભાગવું. To disappoint.
મીંચે મ્હોંએ. Silently.
મૂર્છા ખાવી. To faint; to swoon.
બેભાન. Unconscious.
હજુરી વૈદ્ય. The physician-in-ordinary.
ફ્રાન્સિસ લેકિંગ Francis Laking.
અસહ્ય. Unbearable.
પણ તેની......દીધી નહિ. But he did not betray the slightest sign of it.
હજારો લોકોની...... હતી. There was a vast concourse of people.
આંખ મીંચવી. To shut the eyes; to disregard.
ક્રિયા. Ceremony.
શરીર તપાસરાવ્યું. Got his body examined.
સલાહ લેવી. To consult.
આજીજી કરૂં છું. Beseech.
બસ, બહુ થયું. Enough.

Para 7.

આખી બ્રિટિશ...રહી છે. The hope of the whole British Empire depended upon, rested with, him.
થોડબોલો. Reserved.
રાજ્યકાર્યના કાગળો. State papers.
મ્હોં ઉંચું કર્યું. Looked up.
હું બીલકુલ......નથી. I don't want to hear you at all.
ભડકી ઉઠ્યા. Was startled.
કોરાએલા. Engraved.
સર ફ્રેડરીક ટ્રીવ્ઝ. Sir Frederick Treves.
સ્વામિભક્ત. Loyal, devoted to the master.
જવાબદાર. Responsible.
શસ્ત્ર પ્રયોગની મેજ. An operation-table.

ફતેહમંદ ઉતર્યો. Was successful.

Para 8.

બુદ્ધિ વિલાસ. A reverie.
મનેભાસ્યું. Methought.
ચૌટું. A market; a bazar.
વિશાળ Spacious.
ચોક. A square.
વિસ્તીર્ણ. Extensive.
હોજ. A reservoir.
નિર્મળ વહેળો. A limpid stream.
ધોધ. A waterfall.
લીમડો. A nimb tree.
આશોપાલવ. An evergreen tree.
સુખદાયક. Comfortable.
પરાક્રમ. An exploit.
સેવા બજાવવી. To serve; to render services.
ભાગોળ. A gate.
પગેચાલનાર. A pedestrian.
ફરસબંધી. A pavement.
કળશ. A dome or cupola.
ફાંકડા. Gay.
દોડધામ. The running about.
તેજ. Mettle.
નૂર. Majesty and dignity.
રત્નજડિત. Set, studded, with jewels.
છલાછલભરેલું. Abounding in.

Para 9.

દીપીનીકળવું. To appear splendid, dazzling.
બાહાર અને ભભકો. Splendour and pomp.
ચકચકિત. Brilliant
સણગાર અને સામાન. Decoration and furniture.
દુકાનદારોને......હોય છે. Shopkeepers have more custom at night.

